દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 195 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 August 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20

સોમવાર, ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# રાહુલ સોગંદનામું નોંધાવે, નહિતર દેશની માફી માગે: ચૂંટણી પંચ

## ▶ કૉંગ્રેસના નેતાને પુરાવા આપવા સાત દિવસની મુદત ▶ મતદાર યાદીમાંના વાંધા ૧૫ દિવસમાં નોંધાવવા આદેશ

નવી દિલ્હી: ચૂંટણી પંચે રવિવારે જણાવ્યું હતું કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મતદાર યાદીમાંની ગેરરીતિના મૂકેલા આરોપ ખોટા છે અને જો તેમની પાસે સંબંધિત પુરાવા હોય તો તે અંગે તેઓ સાત દિવસમાં સોગંદનામું નોંધાવે, નહિતર દેશની માફી માગે.

દેશની મતદાન પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક હોવાનું જણાવતાં ચૂંટણી પંચે રવિવારે કહ્યું હતું કે મતદાર યાદીમાંના વાંધા ૧૫ દિવસમાં નોંધાવવા પડશે. ચૂંટણીની પ્રક્રિયાની કવાયતમાં એક કરોડ કરતાં પણ (જુઓ પાનું ૨) ▶▶



## મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણન ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર

નવી દિલ્હી : મહારાષ્ટ્રના રાજ્યપાલ ચંદ્રપુરમ પોન્નુસામી રાધાકૃષ્ણન (સી. પી. રાધાકૃષ્ણન) શાસક જોડાણ નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)ના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર હશે, એવી જાહેરાત ભાજપના વડા જે. પી. નડ્ડાએ કરી હતી. કેન્દ્રીય પ્રધાન જિતન રામ માઝીએ પણ આને અનુમોદન આપતાં કહ્યું હતું કે રાધાકૃષ્ણન એનડીએના ઉપરાષ્ટ્રપતિપદ માટેના ઉમેદવાર હશે. રવિવારે દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવની હેઠળ ભરાયેલી ભાજપની સંસદીય બોર્ડની બેઠકમાં આ અંગે સહમતિ સધાઈ હતી. રાધાકૃષ્ણન તમિળનાડુના મૂળ વતની છે અને તેઓ ઝારખંડમાં પણ રાજ્યપાલની ભૂમિકા ભજવી ચૂક્યા છે. તેઓ બે વખત કોઈમ્બતુરથી સાંસદ રહી ચૂક્યા હતા. નડ્ડાએ જાહેરાત (જુઓ પાનું ૨) ▶▶

## રાહુલ ગાંધીની ‘મતદાર અધિકાર યાત્રા’ શરૂ થઈ

સાસારામ (બિહાર) : કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ‘મતદાર અધિકાર યાત્રા’ના રવિવારે અહીં શ્રીગણેશ થયા હતા. ૧,૩૦૦ કિલોમીટર લાંબી આ યાત્રા બિહારના ૨૦ જિલ્લાને આવરી લેશે અને આમાં બિહાર વિધાનસભાના વિરોધ પક્ષના નેતા તેજસ્વી (જુઓ પાનું ૨) ▶▶

## સુરેન્દ્રનગરના વઢવાણ-લખતર હાઈવે પર અકસ્માત, આઠ લોકો જીવતા ભૂંજાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ-લખતર હાઇવે પર બે કાર વચ્ચે અકસ્માત બાદ આગ લાગતા બે બાળકો સહિત આઠ લોકો જીવતા ભૂંજાયાં હતાં. મૃતકોમાં પાંચ મહિલાઓ, એક પુરુષ અને બે બાળકોનો સમાવેશ થાય છે, જેમાં ૧૦ માસની બાળકી પણ મોતને ભેટી હતી. આ ઘટનાના પગલે હાઈવે પર ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયા હતા. જ્યારે આ ગોઝારી ઘટનાના પગલે લોકોનાં ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટ્યાં હતાં.

મળતી માહિતી મુજબ વઢવાણ-લખતર હાઇવે પર આવેલા ઝમર અને દેદાદરા ગામ વચ્ચે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયા બાદ એક કાર રોડની સાઈડમાં ખાબક્યા બાદ સળગી ઉઠી હતી. જેમાં સળગી ઉઠેલ કારમાં સવાર ધંધુકા તાલુકાના ઝીઝર ગામના અને લખતરના કડુ ગામના સગા સંબંધીઓના કુલ આઠ લોકોના મોત નિપજ્યાં હતાં. જ્યારે એક વ્યક્તિને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ગમખ્વાર દુર્ઘટનામાં મોતને ભેટેલા ૮ હતભાગીઓમાં (૧) મીનાબા વિરેન્દ્રસિંહ રાણા (કડુ), (૨) કૈલાબા જગદીશસિંહ ચુડાસમા (૫૫ વર્ષ, રહે-જીંજર હાલ-ભાવનગર),(૩) રાજેશ્રીબા નરેન્દ્રસિંહ રાણા ( ૪૭ વર્ષ, કડુ), (૪) દિવ્યાબા હરદેવસિંહ જાડેજા (૩૨ વર્ષ, કચ્છ), (૫) નીતાબા ભગીરથસિંહ જાડેજા (૫૩ વર્ષ ગામ-જામનગર),(૬) પ્રતિપાલસિંહ જગદીશસિંહ ચુડાસમા ( ૩૫ વર્ષ ),(૭) રિદ્ધિબા પ્રતિપાલસિંહ (ઉ.વ.૧૩) (૮) દિવ્યેશ્રીબા પ્રતિપાલસિંહ (૧૦ માસ) નો સમાવેશ થાય છે. આમ આ ગોઝારા અકસ્માતની ઘટનામાં ૮ લોકો અકાળે મોતને ભેટતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અકસ્માતમાં મોતને ભેટેલા સગાં-સંબંધીઓ સ્વિફ્ટ કારમાં કડુથી સુરેન્દ્રનગર જઈ રહ્યો હતાં, ત્યારે અન્ય એક હેરિયર કાર સાથે ટક્કર થયા બાદ સ્વિફ્ટ કાર રોડ નીચે ઉતરી હતી અને ત્યાર બાદ સ્વિફ્ટમાં ભયાનક આગ લાગી હોવાની માહિતી મળી હતી. સુરેન્દ્રનગરની ગાંધી હોસ્પિટલ ખાતે તમામ મૃતકોના પોસ્ટ મોર્ટમની કાર્યવાહી ચાલી રહી છે. આ અકસ્માતની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાકીદે ઘટના સ્થળે દોડી જવા રવાના થઇ હતી. ઘટના સ્થળે દોડી આવેલા લોકો દ્વારા ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં તાકીદે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની ઘટનાના પગલે લખતર પોલીસ પણ તાકીદે ઘટના સ્થળે દોડી જઈ બચાવ કામગીરી હાથ ધરી હતી.■

## જમ્મુના કઠુઆમાં વાદળ ફાટવાથી તબાહી, સાતનાં મોત

જમ્મુ : વાદળ ફાટવાથી જમ્મુ કાશ્મીરમાં કઠુઆના ત્રણ સ્થળોએ ભારે તબાહી મચી હતી. એક રિપોર્ટ અનુસાર, વાદળ ફાટવાથી પાંચ બાળકો સહિત સાત લોકોનાં મોત થયાં હતાં અને ડઝનેક લોકો ગુમ થયા હતા. રેલવે ટ્રેક અને હાઇવેને પણ નુકસાન થયું છે. જેના કારણે જમ્મુ કાશ્મીરનો સંપર્ક દેશના અન્ય ભાગોથી તૂટી ગયો હતો. ડઝનેક ઘરોને નુકસાન થયું છે. હવામાન વિભાગે ૨૫ ઓગસ્ટ સુધી ભારે વરસાદની ચેતવણી આપી છે.

આ પહેલી વાર છે જ્યારે કઠુઆમાં વાદળ ફાટવા જેવી ઘટનાને કારણે તબાહી સર્જાઈ છે. જમ્મુ-પઠાણકોટ નેશનલ હાઈવેના ઉપરી કંડી વિસ્તારમાં સૌથી વધુ નુકસાન થયું છે. વાદળ ફાટવાની પહેલી અસર દિલવાન, ખરોટ અને જોડ પર પડી છે. સાત લોકોનાં મોતની પુષ્ટી થઈ છે જ્યારે ઘણા ઘાયલ થયા છે. જંગલોટને અડીને આવેલા કેન્દ્રીય વિદ્યાલય કઠુઆ અને લશ્કરી વિસ્તારમાં નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કંડી વિસ્તારમાંથી પસાર થતી નહેરમાં પૂરનું પાણી વહેતું હોવાથી કઠુઆ શહેરમાં મોટું નુકસાન ટળી ગયું હતું. આમ છતાં કઠુઆનો વૉર્ડ ૭ અને ખાસ કરીને આઈટીઆઇ રોડ ડૂબી ગયો હતો. ઘણાં ઘરોને નુકસાન થયું હતું. સવારે જ્યાં પાર્ક કરવામાં આવ્યા હતા ત્યાંથી વાહનો દૂર જોવા મળ્યા હતા. ઓલ્ડ સામ્બા કઠુઆ રોડ પણ કલાકો સુધી ઘણા ફૂટ સુધી પાણી વહેતું રહ્યું હતું. નદીઓ અને નાળાઓમાં પૂરને કારણે નીચલા મેદાનો પણ પ્રભાવિત (જુઓ પાનું ૨) ▶▶




**કુદરતી આફત:** જમ્મુ અને કાશ્મીરના કઠુઆમાં તૂટેલો રસ્તો અને બચાવ કામગીરી કરી રહેલા લશ્કરના સૈનિકો. વાદળ ફાટતાં પડેલા વરસાદ અને તેને લીધે ભેખડો પડતાં જાનમાલની બહુ હાનિ થઈ હતી. (એજન્સી)

## હિમાચલ પ્રદેશના કુલ્લૂમાં વાદળ ફાટતાં અનેક મકાનો અને બે પુલ ધરાશાયી

કુલ્લૂ (હિમાચલ પ્રદેશ) : હિમાચલ પ્રદેશના કુલ્લૂ જિલ્લામાં ફરી એકવાર વરસાદે તબાહી મચાવી છે. કુલ્લૂ જિલ્લામાં ભારે વરસાદને કારણે નદીઓ અને નાળાઓ બંન્ને કાંઠે વહી રહ્યા છે. ભારે વરસાદને કારણે કુલ્લૂ જિલ્લાના ઘણા ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે. વિનાશની સ્થિતિ એવી છે કે જિલ્લાના મણિકર્ણ ખીણમાં રશોલ નજીક વાદળ ફાટવાથી ભારે નુકસાન થયું છે. પૂરમાં બે પુલ ધોવાઈ ગયા છે અને વાહનો પણ તેમાં તણાઈ ગયાં હતાં. ઉપરાંત ખીણના કિનારે આવેલાં ઘરો પણ ધોવાઈ ગયાં છે. જિલ્લા વહીવટીતંત્રે સ્થાનિક લોકોને સલામત સ્થળોએ રહેવા અને નદીઓ અને (જુઓ પાનું ૨) ▶▶

## ઓડિશામાં ૨૦ ટન સોનું મળ્યું?

નવી દિલ્હી: અમુક પ્રસાર માધ્યમના અહેવાલ મુજબ જિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા (જીએસઆઈ)એ તાજેતરમાં જ શોધખોળ દરમિયાન ઓડિશામાં ચાવીરૂપ ચાર જિલ્લામાં અંદાજે ૨૦ ટન શોધી કાઢ્યું હતું.

જોકે સોનાનો ચોક્કસ કેટલો જથ્થો મળી આવ્યો હતો એ અંગે કોઈ સમર્થન નહોતું મળી શક્યું. પ્રાથમિક અહેવાલ મુજબ શોધી કાઢવામાં આવેલો સોનાનો જથ્થો ૧૦થી ૨૦ ટન જેટલો હોઈ શકે છે.

ગૉલ્ડ બ્લૉકનું ઐતિહાસિક ઑક્શન ચાલી રહ્યું હોવા વચ્ચે થયેલી આ નવી કહેવાતી શોધને પગલે સરકાર ઝડપી કામગારી માટે સક્રિય બની હોવાનું કહેવાય છે.

નવી શોધને કારણે ઓડિશા હવે સોનાના ખાણકામ માટેનું નવું હબ બનવાની આશા છે.

ઓડિશાના જેવગઢ (અડાસા-રામપલ્લી), સુંદરગઢ, નવરંગપુર, કેન્ઝાર, અંગુલ અને કોરાપુતમાં સોનાની ખાણ મળી આવી છે. મયૂરભંજ, મલકાનગીરી, સંબલપુર અને બૌધમાં શોધખોળનું કામ ચલુ છે. માર્ચ ૨૦૨૫માં આ જાહેર થયું હતું. (એજન્સી) ■

## નરેન્દ્ર મોદીની દિલ્હીને ₹ ૧૧,૦૦૦ કરોડના બે હાઈવેની ભેટ

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રૂ. ૧૧,૦૦૦ કરોડને ખર્ચે તૈયાર થનારા દ્વારકા એક્સપ્રેસ વે અને અર્બન એક્સટેન્શન રોડ-ટૂ (યુઈઆર-ટૂ)ના દિલ્હી સેક્શનનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ હાઈવેનો મુખ્ય આશય દિલ્હી અને તેની આસપાસના વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ઘટાડવાનો છે.

કનેક્ટિવિટી વધારવા, પ્રવાસનો સમય ઘટાડવા તેમ જ દિલ્હી તેમ જ તેની આસપાસના વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ઘટાડવાની સરકારની વ્યાપક યોજના હેઠળ આ બે હાઈવેને આવરી લેવામાં આવ્યા છે.

આ બંને હાઈવે સંપૂર્ણપણે કાર્યરત થઈ ગયા બાદ સોનિપત, રોહતક, બહાદુર ગઢ અને ગુરુગ્રામથી ઈંદિરા ગાંધી નટરનેશનલ ઍરપોર્ટ વચ્ચેનો પ્રવાસનો સમય ઘટી જશે જેને કારણે દિલ્હી-એનસીઆરના લોકોને લાભ થશે.

યોજનાનું ઉદ્ઘાટન કર્યા બાદ મોદીએ કહ્યું હતું કે દિલ્હીવાસીઓની સમસ્યાઓનો ઉકેલ લાવવા સરકાર તમામ મુશ્કેલીઓ દૂર કરવાના પ્રયાસ કરી રહી છે.

રૂ. ૫,૩૬૦ કરોડના ખર્ચે દ્વારકા એક્સપ્રેસ વેનો ૧૦.૧ કિ.મી લાંબા દિલ્હી સેક્શન તૈયાર કરવામાં આવ્યો છે. આ સેક્શન યશોભૂમિ, દિલ્હી મેટ્રો બ્લૂ લાઈન, ઑરેન્જ લાઈન, તૈયાર થઈ રહેલા બિજવાસન રેલવે સ્ટેશન અને દ્વારકા ક્લસ્ટર બસ ડેપોને જોડશે.

આ સમગ્ર પટ્ટાને બે ભાગમાં વહેચવામાં આવ્યો છે. ૧) ૫.૯ કિ.મી શિવ મૂર્તિ ચોકડીતી દ્વારકા સેક્ટર-૨૧ રોડ અન્ડર બ્રિજ (આરયુબી). ૨) ૪.૨ કિ.મી. દ્વારકા સેક્ટર-૨૧ રોડ અન્ડર બ્રિજ (આરયુબી)થી દિલ્હી-હરિયાણા સરહદ જે અર્બન રોડ એક્સટેન્શન-ટૂને સીધી રીતે જોડશે.

મોદીએ રૂ. ૫,૫૮૦ કરોડને ખર્ચે તૈયાર થનારાં અર્બન એક્સટેન્શન રોડ-ટૂના એલીપુરથી ડિચાઓન (જુઓ પાનું ૨) ▶▶




**વિકાસ:** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે દ્વારકા એક્સપ્રેસ વે અને અર્બન એક્સટેન્શન રોડ-ટૂ (યુઈઆર-ટૂ)ના દિલ્હી સેક્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. (એજન્સી)

## “જીએસટીના સુધારા માટે રાજ્યો સહકાર આપે”

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને જીએસટીના નવી પેઢીના સુધારાનો મુસદ્દો મોકલાવ્યો છે અને દિવાળી પહેલાં આ સુધારાને અમલમાં લાવવા તેમના સહકારની જરૂર છે, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું.

મોદીએ જણાવ્યું હતું કે જીએસટીમાં સુધારા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને તેમ જ નાના અને મોટા બિઝનેસને માટે લાભદાયી હશે. બે એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કર્યા બાદ એક ઈવેન્ટમાં સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર જીએસટીના નિયમો સહેલા બનાવવા અને વેરાના દરને સુધારવા માગે છે. મોદીએ લાલ કિલ્લા પરના તેમના આઝાદી દિનના સંબોધનમાં જીએસટી કાયદામાં સુધારા કરવાની જાહેરાત કરી હતી.

મોદી જણાવે છે કે અમારે માટે સુધારા એ સુવહીવટનું વિસ્તરણ છે. આથી સરકાર સુધારા લાવવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આગામની મહિનામાં અમે મોટા સુધારા લાવીશું જેથી લોકોના જીવનમાં સુધારો આવે અને બિઝનેસ સરળ બને. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને જીએસટીના નવી પેઢીના સુધારાનો મુસદ્દો રાજ્યોને મોકલાવ્યો છે. દિવાળીમાં લોકોને જીએસટી સુધારાથી ડબલ બોનસ મળશે. અમે સુધારાનો મુસદ્દો રાજ્ય સરકારોને મોકલાવ્યો છે. મને આશા છે કે રાજ્યો કેન્દ્ર સરકારની આ પહેલમાં સહકાર આપશે. (એજન્સી) ■

## ભારત - અમેરિકા વેપાર કરાર મુશ્કેલીમાં

### અમેરિકાની ટીમનો પ્રવાસ મોકૂફ

નવી દિલ્હી: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર લગાવેલા તોતિંગ ટૅરિફથી રાહતની આશા પર પાણી ફરી વળ્યા જેવી સ્થિતિ છે. ભારત અને અમેરિકા વચ્ચે ટૅરિફ મામલે ચાલી રહેલા ટ્રેડ ડીલ ડિસ્કશનને બ્રેક લાગી છે. અમેરિકાના અધિકારીઓ જે છઠ્ઠી બેઠક માટે ભારત આવનારા હતા તેમણે ભારત સાથેની મુલાકાત રદ કરી છે. ૨૫થી ૨૯ ઑગસ્ટ દરમિયાન ભારતમાં આ ચર્ચાઓ થવાની હતી. હવે આ બેઠક રિ-શિડ્યુઅલ કરવામાં આવશે, તેવી જાણકારી અહેવાલો દ્વારા મળી છે.

ટૅરિફ મામલે અમેરિકી અને ભારતીય સરકારો વચ્ચે બેઠકોનો દૌર ચાલી જ રહ્યો છે. બન્ને વચ્ચે અત્યાર સુધીમાં પાંચ બેઠક થઈ ચૂકી છે. જોકે તે સમયે ભારત પર ૨૫ ટકા ટૅરિફ નાખવામાં આવ્યો હતો, જે હવે વધારે ડબલ ૫૦ ટકા કરી દેવાયો છે.

ભારત અને અમેરિકાના સંબંધો આ કારણે સતત વણસી રહ્યા છે. વળી, ટ્રમ્પ અને પુતિન વચ્ચેની બેઠક પણ ખાસ કઈ પોઝિટિવ રહી નથી. આને કારણે ટૅરિફ ઘટવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. જો બન્ને દેશો વચ્ચે કોઈ સમજૂતી નહીં થાય તો ૨૭મી ઑગસ્ટથી ભારતે ૫૦ ટકા ટૅરિફનો બોજ સહન કરવો પડશે.

અમેરિકાએ ભારત પર પહેલા ૨૫ ટકા ટૅરિફ નાખ્યો હતો, પરંતુ ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈળ ખરીદતા અમેરિકાના પેટમાં તેલ રેડાયું અને ટ્રમ્પે વધારાનો ૨૫ એમ કુલ ૫૦ ટકા ટેરિફ ભારત પર નાખ્યો છે. આ ટૅરિફ ૨૭મી ઑગસ્ટથી અમલમાં આવશે. અમેરિકા ભારતમાં ડેરી અને ખેતી ક્ષેત્રે વધારે વેપાર કરવા માગતું હતું, પરંતુ ભારતે આ મામલે ઈનકાર કર્યો છે. ભારત ખેતી પર નભતો દેશ છે અને આપણો ડેરી ઉદ્યોગ પણ વિશાળ છે. અમેરિકી પ્રોડક્ટ્સ ભારતના બજારમાં વધારે પડતા આવે તો બન્ને મહત્ત્વના ક્ષેત્રોને નુકસાન થાય, આથી ભારત આ મામલે ખેડૂતોના હિતને પ્રાધાન્ય આપશે, એમ સરકારે જણાવ્યું હતું. ■

## ઝેલેન્સ્કી, યુરોપના નેતાઓ ટ્રમ્પને મળશે

કિવ (યુક્રેન) : યુક્રેનના પ્રમુખ વ્લોદિમિરની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથેની મહત્ત્વની બેઠકમાં યુરોપના અને નાટોના નેતાઓ પણ હાજર રહેશે, એવી માહિતી યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લીયેને રવિવારે આપી હતી આ હિલચાલ પાછળનો હેતુ ફેબ્રુઆરીમાં ઓવલ ઑફિસમાં ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલીને ટાળવાનો છે. આ વખતે સોમવારે વાઈટ હાઉસમાં ઝેલેન્સ્કી ટ્રમ્પને મળશે. યુનિયનના વડા વોને એક્સ પર લખ્યું હતું કે પ્રમુખ ઝેલેન્સ્કીની વિનંતીને પ્રેરાઈને હું અને યુરોપના નેતાઓ હાજર રહીશું. રવિવારે ટૂંકા સમયગાળામાં યુરોપના નેતાઓએ જાહેર કર્યું હતું કે અમે વૉશિંગ્ટન જઈ રહ્યા છીએ. ફ્રેન્ચના પ્રમુખ ઈમાન્યુલ મેક્રોન, જર્મનીના ચાન્સેલર ફ્રેડરીચ મર્ઝ અને નાટોના મિલિટરી અલાયન્સના સેક્રેટરી જનરલ માર્ક રૂટે વૉશિંગ્ટન જવાના છે. યુરોપના નેતાઓ એ સુનિશ્ચિત કરવા માગે છે કે ટ્રમ્પના શાંતિપ્રયાસોમાં યુરોપનો અવાજ સંભળાય. ટ્રમ્પ શનિવારે અલાસ્કામાં રશિયાના પ્રમુખ પુતિનને મળ્યા હતા. આ બેઠકમાં ઝેલેન્સકીને આમંત્રણ આપવામાં આવ્યું નહોતું. (એજન્સી) ■

## ઇન્ડોનેશિયામાં ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ

પાલુ: ઇન્ડોનેશિયાના પૂર્વ ભાગમાં રવિવારે સવારે ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેમાં ૨૯ લોકો ઘાયલ થયા હતા. જેમાં બેની હાલત ગંભીર હોવાના અહેવાલ છે.

યુએસ જિઓલોજીકલ સર્વે અનુસાર ભૂકંપ મધ્ય સુલાવેસી પ્રાંતના પોસો જિલ્લાથી ૧૫ કિલોમીટર ઉત્તરમાં આવ્યો હતો. આ ભૂકંપ બાદ ઓછામાં ઓછા ૧૫ આફટરશોક અનુભવાયા હતા. ઇન્ડોનેશિયન અધિકારીઓએ સુનામીની ચેતવણી જારી કરી ન હતી.

ઇન્ડોનેશિયાની રાષ્ટ્રીય આપત્તિ નિવારણ એજન્સીના જણાવ્યા અનુસાર મોટાભાગના ઘાયલોને પ્રાદેશિક સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય આપત્તિ નિવારણ એજન્સીના પ્રવક્તા અબ્દુલ મુહરીએ રવિવારે જણાવ્યું કે મોટાભાગના લોકો રવિવારે સવારે એક ચર્ચમાં પ્રાર્થના સભામાં હાજરી આપવા માટે આવ્યા હતા. ■

## ન્યૂ યોર્કની ક્લબમાં ગોળીબાર, ત્રણનાં મોત

ન્યૂ યોર્ક: અમેરિકામાં રવિવારે સવારે ન્યૂ યોર્ક શહેરના એક ખીચોખીચ ભરેલા ક્લબમાં ગોળીબારની ઘટના બની હતી. આ ઘટનામાં ત્રણ લોકોના મોત નીપજ્યાં હતાં, જ્યારે આઠ લોકો ઘાયલ થયા હતા.

ન્યૂ યોર્ક પોલીસ વિભાગના કમિશ્નર જેસિકા ટિશે પત્રકારોને જણાવ્યું કે બ્રુકલિનના ક્રાઉન હાઇટ્સ વિસ્તારમાં આવેલા ટેસ્ટ ઑફ ધ સિટી લાઉન્જમાં સવારે ૩-૩૦ વાગ્યા પહેલા કોઇ વિવાદને પગલે એકથી વધુ હુમલાખોરોએ અનેક હથિયારો વડે ગોળીબાર કર્યો હોવાનું તપાસકર્તાઓનું અનુમાન છે. આ ઘટનામાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં.

ટિશના જણાવ્યા અનુસાર આ ન્યૂ યોર્ક શહેરમાં સૌથી ઘાતક ગોળીબારની ઘટના છે. તેમણે કહ્યું કે અધિકારીઓ લાઉન્જમાંથી મળી આવેલા ૩૬ વપરાયેલા કારતૂસ તેમ જ નજીકની શેરીમાંથી મળી આવેલી બંદૂકની તપાસ કરી રહ્યા છે. તેમ જ ગોળીબારમાં ઘાયલ થયેલા લોકોની હૉસ્પિટલોમાં સારવાર ચાલી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમાં ત્રણ મહિલાનો પણ સમાવેશ થાય છે. જો કે તેમને જીવલેણ ઇજાઓ થઇ નથી. પીડિતોની ઉંમર ૨૭ થી ૬૧ વર્ષની વચ્ચે છે. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચૂંટણી પંચે રાહુલના ગંભીર આક્ષેપોના જવાબ તો આપ્યા જ નહીં

**લોકસભામાં** વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ અંતે ચૂંટણી પ્રક્રિયામાં થયેલી કહેવાતી ગરબડના પુરાવા રજૂ કરીને આક્ષેપ કરેલો કે, ચૂંટણી પંચે ભાજપ સાથે મળીને મહારાષ્ટ્રની ચૂંટણીમાં મોટા પાયે ઘાલમેલ કરી છે અને બોગસ મતદારોની મદદથી ચૂંટણી જીતી છે.

ચૂંટણી પંચે આ આક્ષેપોને બોગસ ગણાવેલા અને શનિવારે પત્રકાર પરિષદ બોલાવી ત્યારે લાગતું હતું કે, ચૂંટણી પંચ રાહુલના આક્ષેપોનો જડબાતોડ જવાબ આપીને બોલતી બંધ કરી દેશે પણ એવું કશું થયું નહીં. ઊલટાનું ચૂંટણી પંચે રાહુલના આક્ષેપોના જવાબમાં પકડાવી દીધેલી પ્રેસ નોટના કારણે રાહુલના આક્ષેપોમાં દમ છે અને ચૂંટણી પંચનો પગ કુંડાળામાં પડેલો છે એવી શંકા વધુ ઘેરી બની છે.

ચૂંટણી પંચે રાહુલના આક્ષેપોના જવાબમાં બહાર પાડેલી પ્રેસ નોટમાં એકદમ સરકારી રાહે જવાબ અપાયા છે અને ભારતમાં મતદાર યાદી કઈ રીતે બને છે તેનું જ્ઞાન પિરસવામાં આવ્યું છે. ચૂંટણી પંચે રાજકીય પક્ષો અને નેતાઓને મત ચોરીના આક્ષેપો કરવા બદલ કડક ચેતવણી આપી છે પણ જે આક્ષેપો થયા છે તેનો કોઈ જવાબ આપ્યો નથી.

રાહુલ ગાંધીના આક્ષેપો અત્યંત ગંભીર છે કેમ કે રાહુલે ચૂંટણી પંચ નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી કરાવતું નથી અને ભાજપને ફાયદો કરાવવા માટે ચૂંટણી પંચને પ્રદૂષિત કરી રહ્યું છે એવું આળ જ મૂકી દીધું છે. પંચે આ દેશનાં લોકોને પોતે કોઈ ચોક્કસ પાર્ટીના દલાલ તરીકે નહીં પણ બંધારણીય સંસ્થા તરીકે આ દેશમાં લોકશાહીના જતન માટે કામ કરે છે તેનો અહેસાસ કરાવવો જોઈએ પણ તેના બદલે ચૂંટણી પંચે સાવ ઉડાઉ જવાબો આપ્યા છે. દેશની લોકશાહી ખતરામાં છે એવા ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે પંચ બીજી બધી વાતોની પારાયણ માંડીને બેસી ગઈ છે.

ચૂંટણી પંચે સાવ વાહિયાત અને હાસ્યાસ્પદ વાત તો એ કરી છે કે, મતદાર યાદીમાં ભૂલો રહી ગઈ હતી તો ભૂલોની ફરિયાદ, દાવા અને વાંધા રજૂ કરવા માટે ચૂંટણી પંચે નક્કી કરેલા નિર્ધારિત સમયગાળામાં કરવા જોઈતા હતા. આ સમયગાળા દરમિયાન વાંધા નોંધાવવામાં આવ્યા હોત તો ચૂંટણી નોંધણી અધિકારી તેની તપાસ કરીને સુધારી શક્યા હોત પણ નિર્ધારિત સમયગાળામાં વાંધા રજૂ ના કરાયા એટલે હવે કંઈ ના થઈ શકે.

ચૂંટણી પંચના કહેવા પ્રમાણે, ભૂતકાળની ચૂંટણીઓની મતદાર યાદી અંગે અત્યારે હોહા કરાઈ રહી છે પણ યોગ્ય સમયે ધ્યાન દોરવામાં નહોતું આવ્યું કે કોઈ રજૂઆત કરવામાં આવી ન હતી. ચૂંટણી પંચે ડહાપણ પણ ડહોળ્યું છે કે, ભવિષ્યમાં કોઈને કોઈ વાંધો હોય તો તેમણે નિર્ધારિત પ્રક્રિયા અને સમયમર્યાદામાં વાંધો ઉઠાવવો પડશે. પંચ સીધેસીધું એવું લોકોને કહી રહ્યું છે કે, ગરબડ થઈ હોય તેની પાછળથી રજૂઆત કરો તો કંઈ નહીં થાય.

આ દલીલ સાંભળીને ખરેખર આઘાત લાગે છે. પંચે નક્કી કરેલી સમયમર્યાદામાં રજૂઆત ના કરાઈ એટલે ખોટું કર્યું હોય એ પણ સાચું માની લેવાનું ? ભલા માણસ, યોગ્ય સમયે ખબર ના પડી એટલે ભ્રષ્ટાચાર થયો નથી એવું કહેવાય ? ને એ ભ્રષ્ટાચાર સામે પગલાં ના લઈ શકાય ?

ચૂંટણી પંચની દલીલને માન્ય રાખીએ તો આ દેશમાં ભ્રષ્ટાચાર બદલ કોઈ કેસ જ ના કરી શકાય. ભ્રષ્ટાચાર થયો હોય કે ખોટું થયું હોય તો તેની તાત્કાલિક ખબર પડી જાય એ જરૂરી નથી પણ જ્યારે પણ ખબર પડે ત્યારે એ માટે પગલાં લેવાવાં જોઈએ. આ બહુ સાદી વાત સ્વીકારવાના બદલે ચૂંટણી પંચ નિર્ધારિત સમયગાળામાં વાંધા રજૂ ના કરાયા એટલે હવે કંઈ ના થાય એવું વાજું વગાડી રહ્યું છે એ શરમજનક છે.

ચૂંટણી પંચની આ દલીલ પંચને શંકાના દાયરામાં લાવનારી છે. ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને ન્યાયી હોય તો આજે નહીં પણ દસ વરસે પણ વાંધો ઉઠાવાય ત્યારે જવાબ આપવાની કે ખુલાસો કરવાની પંચની તૈયારી હોવી જોઈએ. તેના બદલે પંચ નિર્ધારિત સમયગાળાની રેકર્ડ વગાડ્યા કરે છે તેથી એવું લાગે છે કે, પંચને જૂની વાતો પર ઢાંકપિછોડો કરવામાં રસ છે. ઢાંકપિછોડો ત્યારે જ કરવો પડે જ્યારે કશુંક ખોટું થયું હોય.

ચૂંટણી પંચના બચાવમાં સૌથી વધારે કઠે એવી વાત તો એ છે કે, રાહુલ ગાંધીએ કરેલા આક્ષેપોનો પંચે કોઈ જવાબ નથી આપ્યો. રાહુલ ગાંધીએ બેંગલુરૂ લોકસભા મતવિસ્તારમાં આવતી મહાદેવપુરા વિધાનસભા બેઠકની મતદારયાદી રજૂ કરીને તેમાં ૧.૦૬ લાખ બોગસ મતદારો હોવાનો આક્ષેપ કર્યો હતો. રાહુલે આક્ષેપ કર્યો હતો કે, કર્ણાટકમાં ઘણાં બધાં બૂથોની મતદારયાદીમાં એક જ વ્યક્તિનું નામ વારંવાર છે, ઘણી જગ્યાએ મતદારોના ફોટા નથી અને ઘણા કેસમાં મતદારોનાં સરનામાં નકલી છે.

રાહુલે મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલાં થોડાક મહિનામાં જ લાખો મતદારોના નામ યાદીમાં ઉમેરવામાં આવ્યાં હતાં એવો દાવો કરીને આક્ષેપ કર્યો હતો કે, મહારાષ્ટ્રમાં પણ ૪૦ લાખ મતદારો રહસ્યમય છે અને કર્ણાટક તથા મહારાષ્ટ્ર એ બંને રાજ્યોની મતદારયાદીમાં શંકાસ્પદ મતદારો છે.

ચૂંટણી પંચ આ મુદ્દે સાવ મૌન રહ્યું છે. રાહુલે પંચે આપેલી મતદાર યાદી જ રજૂ કરી છે પણ પંચે ના તો તેના વેરિફિકેશનની તૈયારી બતાવી છે કે ના એ મુદ્દે કોઈ ખુલાસો આપ્યો છે. બિહારમાં સાત કરોડથી વધારે મતદારો છે અને ચૂંટણી પંચ સાત કરોડ મતદારોના વેરિફિકેશનની કવાયત માંડીને બેઠું છે પણ રાહુલે ઉલ્લેખ કર્યો એ એક વિધાનસભા મતવિસ્તારના મતદારોના વેરિફિકેશન માટે તૈયાર નથી તેનો અર્થ શો થાય ? એ જ કે ચૂંટણી પંચને વેરિફિકેશન કરવામાં જરાય રસ નથી પણ ઢાંકપિછોડો કરવામાં રસ છે.

લોકશાહી દેશમાં ચૂંટણીની પ્રક્રિયા પારદર્શક અને શંકાથી પર હોવી જોઈએ પણ ચૂંટણી પંચનું વર્તન અને વલણ જોયા પછી લાગે છે કે, ચૂંટણી પંચ ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જાળવવામાં નિષ્ફળ ગયું છે. આ સંજોગોમાં હવે સુપ્રીમ કોર્ટ જ છેલ્લો આશરો છે. બિહારમાં વોટર વેરિફિકેશન સામે લાલ આંખ કરીને સુપ્રીમ કોર્ટે જેમનાં નામ મતદાર યાદીમાંથી કાઢી નંખાયાં તેમની તમામ વિગતો જાહેર કરવાનો આદેશ આપીને ચૂંટણી પંચને તેની ફરજ અને જવાબદારીનું ભાન કરાવ્યું છે. રાહુલ ગાંધીએ કરેલા આક્ષેપોના મુદ્દે પણ સુપ્રીમ કોર્ટ એવું જ વલણ લઈને ચૂંટણી પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ સ્થાપિત કરે એ જરૂરી છે કેમ કે હવે ચૂંટણી પંચ ભરોસાને પાત્ર નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૧૮–૮–૨૦૨૫, શિવપૂજન, શિવમુષ્ટિ જવ

- ભારતીય દિનાંક ૨૭, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ–૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ–૧૦
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૦૫ સુધી (તા. ૧૯મી), પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૪–૩૯ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ •
- ભરતીઃ સવારે ક. ૦૭–૪૬, સાંજે ક. ૧૮–૫૩,
- ઓટઃ બપોરે ક. ૧૩–૫૧, મધ્ય રાત્રિ પછી ક. ૦૧–૫૮ (તા. ૧૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – દસમી. શિવપૂજન, શિવમુષ્ટિ જવ, ભદ્રા સવારે ક. ૦૬–૨૧થી સાંજે ક. ૧૭–૨૨. સિંહાદી (કેરાલા). સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ. • મુહૂર્ત વિશેષઃ વાસ્તુકળશ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, ચંદ્ર–રાહુ દેવતાનું પૂજન, જવના અભિષેકનો મહિમા, ખેરનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુ પૂજા થયેલ ઘરમાં રહેવા જવું, વિદ્યારંભ, નવાં વસ્રો, આભૂષણ હજામત બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, પશુ લે–વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક પૂજા, દસ્તાવેજ, દુકાન–વેપાર, ધાન્ય ભરવું, ઘર–ખેતર જમીન લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ શંકાશીલ સ્વભાવ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ મંદ પાચનશક્તિ, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ (તા. ૧૯), ચંદ્ર–શનિ ચતુષ્કોણ (તા. ૧૯), ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૧૯) વક્રી શનિ ઉત્તરાભાદ્રપદા પ્રવેશ. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ ઉત્તરે ૫ અંશ ૧૪ કળાના અંતરે રહે છે. ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ–કન્યા, માર્ગી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# એલ્વિશ યાદવના ઘર પર ગોળીબાર

ગુરુગ્રામઃ વિવાદોમાં ઘેરાયેલા યુટ્યૂબર એલ્વિશ યાદવના હરિયાણાના ગુરુગ્રામ સ્થિત ઘર પર ફાયરિંગ થવાની ઘટના બની છે. અહેવાલ મુજબ આજે વહેલી સવારે મોટરસાઈકલ સવાર માસ્ક પહેરેલા ત્રણ શખ્સ એલ્વિશના ઘરની બહાર ૨૫ રાઉન્ડ ફાયરિંગ કરી નાસી છૂટ્યા હતાં. આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી. ફાયરિંગ થયું હોવાની માહિતી મળતા જ પોલીસ અધિકરીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને તપાસ શરૂ કરી હતી.

અહેવાલ મુજબ રવિવારે વહેલી સવારે પાંચથી છ વાગ્યાની વચ્ચે ફાયરિંગ કરવામાં આવ્યું હતું, આ સમયે એલ્વિશ ઘરે ન હતો, પરંતુ તેના પરિવારના કેટલાક સભ્યો અને તેનો કેરટેકર ઘરમાં જ હતાં. વહેલી સવારે અચાનક ગોળીબારના અવાજ સંભળાતા ગભરાટ વ્યાપી ગયો હતો. આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી નથી. સોશ્યલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયોમાં ગોળીબારના કારણે તૂટેલા કાચ અને દીવાલો પર ગોળીઓનાં નિશાન જોવા મળે છે.

ઘટનાની માહિતી મળતા પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં, ફોરેન્સિક લેબની ટીમે પહોંચીને સેમ્પલ્સ એકત્રિત કર્યા અને વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ સત્તાવાર ફરિયાદ મળ્યા બાદ જ આ કેસમાં કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં, તપાસ શરૂ કરવામાં આવી છે.

આજે થયેલા ગોળીબાર પહેલા એલ્વિશને કોઈ ધમકી મળી હોય એવું પરિવારના જાણમાં નથી. થોડા દિવસો એલ્વિશ યાદવના સાથી અને જાણીતા ગાયક રાહુલ ફાજિલપુરિયા પર પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જોકે, રાહુલ બચી ગયો હતો. એલ્વિશના ઘર પર ગોળીબારમાં કોનો હાથ હતો અને હુમલાખોરોનો ઈરાદો શું હતો એ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ હરિયાણામાં ઘણા સમયથી વકરી રહેલી ગેંગ વોર સાથે આ ઘટનાને જોડવામાં આવી રહી છે. જો કે હકીકત પોલીસ તપાસ બાદ જ જાણવા મળશે.

નોંધનીય છે કે બિગબોસ વિજેતા રહી ચૂકેલો એલ્વિશ રેવ પાર્ટીઓમાં ડ્રગ્સ અને સાપનું ઝેર સપ્લાય કરવાના આરોપોમાં ફસાયેલો છે. મે મહિનામાં અલ્હાબાદ હાઈ કોર્ટે ચાર્જશીટ અને ત્યારબાદ ફોજદારી કાર્યવાહીને પડકારતી એલ્વિશ યાદવની અરજી ફગાવી દીધી. યુટ્યૂબ અને સોશ્યલ મીડિયા પર રોસ્ટ વીડિયો પોસ્ટ કરીને એલ્વિશ ફેમસ થયો છે, તેના લાખો ફ્રેન્ડસ છે. જો કે તેની અપમાનજનક ભાષા અને કન્ટેન્ટને સામે સતત સવાલો ઊઠતા રહ્યા છે. ■

# ૨૪ લાખ વિકલાંગોને જયપુર ફૂટ બેસાડાયા

જયપુરઃ જયપુર ફૂટના નિર્માતા ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ(બીએમવીએસએસ)એ ૧૯૭૫માં તેની સ્થાપના પછીથી દેશ અને વિદેશમાં લગભગ ૨૪ લાખ વિકલાંગ લોકોનું પુનર્વસન કર્યું છે. આ માહિતી સંસ્થાના સ્થાપક ડી. આર. મહેતાએ આપી હતી.

આ આંકડામાંથી ૪૭,૫૨૭ તો વિદેશી નાગરિકો હતા. જેમને ૪૬ દેશોમાં આયોજિત ૧૧૬ શિબિરો દ્વારા સહાય કરવામાં આવી હતી. તાજેતરમાં સંસ્થાએ વિદેશ મંત્રાલયના સહયોગથી અફઘાનિસ્તાનના કાબુલમાં એક શિબિરનું આયોજન કર્યું હતું. જેમાં ૭૫ લોકોનું પુનર્વસન કરવામાં આવ્યું હતું. જ્યારે મોઝામ્બિકના માપુટોમાં ૧,૨૩૦ લોકોનું પુનર્વસન કરવામાં આવ્યું હતું.

સંસ્થાનના સ્થાપક મેહતાએ જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં બીએમવીએસએસએ કૃત્રિમ અંગો, કેલિપર્સ, ટ્રાઇસિકલ, વ્હીલચેર, શ્રવણ યંત્રો અને અન્ય સહાયક ઉપકરણો પૂરા પાડીને ૧.૭૮ લાખ લોકોનું પુનર્વસન કર્યું છે. પ્રમુખ સતીશ મહેતાએ જણાવ્યું કે સંસ્થા ટૂંક સમયમાં તાન્ઝાનિયા, નિકારાગુઆ, ત્રિનિદાદ અને ટોબેગો, ગ્વાટેમાલા, સુદાન અને મ્યાનમારમાં વિદેશી શિબિરોનું આયોજન કરશે.

અત્રે નોંધનીય છે કે આ એનજીઓ તેની સુવર્ણ જયંતીની ઉજવણી કરી રહ્યું છે. તેમજ સંસ્થાએ અમૃતસર અને એમ્સ ભોપાલમાં તેની નવી શાખાઓ પણ ખોલી છે. ઉપરાંત સંસ્થા જગદલપુર, શિલોંગ, બાડમેર, હમીરપુર અને એમ્સ જમ્મુમાં કેન્દ્રો ખોલવાની યોજના ઘડી રહી છે. ■

# અવકાશયાત્રી શુભાંશુ શુક્લાનું સ્વદેશમાં ઉષ્માભર્યું સ્વાગત

નવી દિલ્હીઃ અવકાશયાત્રી શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક(આઇએઇએસ)ની તેમની ઐતિહાસિક સફર પછી રવિવારે વહેલી સવારે ભારત પરત ફર્યા છે. છેલ્લાં એક વર્ષથી આઇએસએસ માટે એક્સિઓમ–૪ મિશન માટે અમેરિકામાં તાલીમ લઇ રહેલા શુભાંશુ શુક્લાનું એરપોર્ટ પર કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહ, દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા અને ઇસરોના અધ્યક્ષ વી. નારાયણન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.શુક્લાના બેકઅપ અવકાશયાત્રી પ્રશાંત બાલકૃષ્ણન નાયર પણ સ્વદેશ પરત ફર્યા છે. શુક્લા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવાની અને તેમના વતન લખનઊની મુલાકાત લે તેવી પણ આશા છે. તેઓ ૨૨-૨૩ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે રાજધાની પાછા ફરે તેવી સંભાવના છે. ■

# બેંગલૂરુની ફેક્ટરીમાં આગ : પાંચનાં મોત

બેંગલૂરુ : નાગરથપેટમાં કે. આર. માર્કેટની નજીક પ્લાસ્ટિકનો સામાન બનાવવાના એકમમાં આગ લાગતા ચાર જણનું કુટુંબ સહિત બીજો એક માણસ મરણ પામ્યાં હતાં.

પોલીસે કહ્યું હતું કે મૃતકોને મદન સિંહ (૩૮) અને સંગીતા (૩૩) અને તેમનાં બે બાળકો રિતેશ (૭) અને વિહાન (૫) તથા તેમના પડોસી સુરેશ કુમાર (૨૬) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે. મદન સિંહ રાજસ્થાનનો વતની હતો અને તે દસ વર્ષથી આ મકાનમાં ભાડેથી રહેતો હતો. તે એક નાનું ઉત્પાદન એકમ ચલાવતો હતો જે સાદડી અને કિચનના સ્ટીલનાં વાસણો બનાવતું હતું. તે મકાનના ટોચના માળે રહેતો હતો. પોલીસે કહ્યું હતું કે વીજળીના તણખાને લીધે આગ લાગી હોઈ શકે. ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીએ કહ્યું હતું કે અમને કોલ સવારે ૩:૧૪ કલાકે મળ્યો હતો. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### જમ્મુના

થયા હતા. સલામત ગણાતા કેટલાક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી.

જ્યારે રેલવે અધિકારીઓએ રવિવારે સતત ભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે ઉધમપુર અને પઠાણકોટ સેક્શન વચ્ચે ટ્રેન સેવાઓ આગામી સૂચના સુધી સ્થગિત કરી દીધી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે સતત ભારે વરસાદને કારણે ઉધમપુર અને પઠાણકોટ વચ્ચે સેવાઓ આગામી સૂચના સુધી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે આ સ્થગિત છેલ્લા ૧૦ કલાકથી ભારે અને સતત વરસાદને કારણે છે, જેના કારણે ટ્રેક કામગીરી માટે અસુરક્ષિત બની ગયા છે. અધિકારીએ જણાવ્યું હતું કે તમામ પ્રવાસીઓની સલામતી માટે આ પગલું લેવામાં આવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લાના ખીણ વિસ્તારમાં વાદળ ફાટવાથી સાત લોકોનાં મોત થયા છે અને છ અન્ય ઘાયલ થયા છે. શનિવાર અને રવિવારની મધ્યરાત્રિએ આવેલી કુદરતી આફતને કારણે આ પ્રદેશના એક સુદુર ગામને અલગ કરી દીધું હતું જેના કારણે બચાવ અને રાહત કામગીરીમાં પડકારો વધી ગયા છે.

કઠુઆમાં વાદળ ફાટવાથી ત્રણ સ્થળોને અસર થઈ છે જેમાં રાજબાગનો જોડ ઘાટી વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયો હતો. રાતોરાત ભારે વરસાદને કારણે અચાનક પૂર અને ભૂસ્ખલન થયું હતું, જેના કારણે જમીન અને સંપત્તિને વ્યાપક નુકસાન થયું હતું. ઉજ નદી અને નજીકના જળાશયોમાં પાણીના સ્તરમાં વધારો થવાથી ચિંતા વધી છે, જેના કારણે સ્થાનિક અધિકારીઓએ નિર્દેશ જાહેર કરીને રહેવાસીઓને નદીઓ અને નાળાઓથી દૂર રહેવા વિનંતી કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અસરગ્રસ્ત વિસ્તારમાંથી કાદવ અને પાણી જમ્મુ-પઠાણકોટ નેશનલ હાઈવે પર ધસી આવ્યું હતું, જેના કારણે ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. પોલીસ અને એસડીઆરએફ સહિતની બચાવ ટીમો બચાવ કામગીરીમાં મદદ કરવા અને ફસાયેલા રહેવાસીઓને રાહત પૂરી પાડવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે, બાગર, ચાંગડા અને દિલવાન-હુતલી જેવા વિસ્તારોમાં વધુ ભૂસ્ખલનના અહેવાલો છે.

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડમાં ગત ગુરુવારે વાદળ ફાટવાથી આવેલા અચાનક પૂરને કારણે ૬૦થી વધુ લોકોનાં મોત થયાં છે, હજુ રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે, એવામાં જમ્મુ અને કાશ્મીરમાં ફરી કુદરતનો કહેર વરસ્યો છે. કઠુઆ જિલ્લામાં વાદળ ફાટવાથી અચાનક ભયંકર પૂર આવ્યું હતું.

ગત મધ્યરાત્રિએ આ ઘટના બની હતી. જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરથી લોકસભા સાંસદ અને કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે ઍક્સ પર પોસ્ટ કરી આ ઘટના અંગે જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે જંગલોટ વિસ્તારમાં વાદળ ફાટવાની માહિતી મળ્યા બાદ કઠુઆના એસએસપી સાથે વાત કરી, ચાર લોકોનાં મોત થયાં છે. એક રેલવે ટ્રેક, નેશનલ હાઈવે અને એક પોલીસ સ્ટેશનને પણ નુકસાન થયું છે. વહીવટીતંત્ર, લશ્કરી અને અર્ધલશ્કરી દળો ઘટના સ્થળે પહોંચ્યા છે. જિતેન્દ્ર સિંહે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. અહેવાલ મુજબ રવિવારે વહેલી સવારે જુથાના જોડ નામના સ્થળે ભૂસ્ખલન થતાં એક પરિવાર કાટમાળ નીચે દટાઇ ગયો છે. જિલ્લાના રાજબાગ વિસ્તારના ગામ ઘાટી અને નજીકના બે અન્ય સ્થળોએ વાદળ ફાટવાના બનાવો બન્યા હતા, જેના કારણે ગામો સંપર્કવિહોણા બન્યા છે. પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમ ઘટના સ્થળે પહોંચી છે અને સ્થાનિક લોકો પણ રેસ્ક્યૂ ઓપરેશનમાં જોડાયા છે. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા મુજબ જિલ્લમાં ''ભારેથી અતિભારે વરસાદ'' પડી શકે છે.તંત્રએ લોકોને જળસ્રોતોથી દૂર રહેવાની ચેતવણી આપી છે. ■

### રાહુલ સોગંદનામું

વધુ કર્મચારી રોકાયેલા છે એમ જણાવતાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે સવાલ કર્યો હતો કે શું આવી પારદર્શક પ્રક્રિયામાં 'વૉટ ચોરી' શક્ય છે?

તમામ રાજકીય પક્ષોએ બિહારની મતદાર યાદી અંગેના તેમના દાવા અને વાંધા ૧૫ દિવસમાં નોંધાવવા પડશે. 'ડબલ વૉટિંગ' અને 'વૉટ ચોરી' જેવા પાયાવિહોણા આક્ષેપોથી ચૂંટણી પંચ કે મતદાર ગભરાતા નથી, એમ તેમણે કહ્યું હતું.

થોડાક દિવસ અગાઉ અનેક મતદારોની તસવીરો તેમની પરવાનગી વિના જાહેર કરવામાં આવી હતી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે શું ચૂંટણી પંચ મતદારોની તસવીર જાહેર કરી શકે?

ચોક્કસ લોકો દ્વારા કરવામાં આવતા રાજકારણની પરવા કર્યા વિના ચૂંટણી પંચ તમામ મતદારો સાથે અડગ ઊભું રહેશે, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે મશીનનું રિડેબલ વૉટર લિસ્ટ જાહેર કરવું એ મતદારોની ગોપનીયતાનો ભંગ કરે છે.

'વૉટ ચોરી'નો આક્ષેપ કરી ૪૫ દિવસમાં એ અંગેની અરજી દાખલ ન કરવી એ બાબત બંધારણનું અપમાન હોવાનું તેમણે કહ્યું હતું.

હકીકત એ છે કે એસઆઈઆર પારદર્શક રીતે સફળ થાય તે માટે સંબંધિત તમામ લોકો કામ કરી રહ્યા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે એ ખરેખર ચિંતાનો વિષય છે કે અમુક નેતાઓ બિહારમાં એસઆઈઆરને મામલે ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. ચૂંટણી પંચના દરવાજા તમામ લોકો માટે ખુલ્લા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બૂથ સ્તરના અધિકારીઓ અને એજન્ટો સાથે મળીને પારદર્શક રીતે કામ કરી રહ્યા છે.

બિહારમાં એસઆઈઆરનો આશય મતદાર યાદીમાંની ખામીઓ દૂર કરવાનો છે.

બિહાર મતદાર યાદી અંગે દાવા અને વાંધા નોંધાવતી ૨૮,૩૭૦ અરજી દાખલ કરવામાં આવેલી છે.

ચૂંટણી પંચ કોઈપણ રાજકીય પક્ષ સાથે ભેદભાવ રાખી શકે નહીં એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચ માટે શાસક પક્ષ અને વિપક્ષ બંને સમાન છે.

૧૮ વર્ષ પૂરા કરનાર તમામ ભારતીય નાગરિકે મતદાર તરીકે નામ નોંધાવવું જોઈએ અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### 'મતદાર અધિકાર યાત્રા'

પ્રસાદ પણ સહભાગી થશે. રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ લાલુપ્રસાદ યાદવે આ નિમિત્તે યોજાયેલી રૅલીમાં બોલતાં કહ્યું હતું કે સંગઠિત ઈન્ડિયા બ્લોક બિહારમાંથી ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારને પદભ્રષ્ટ કરી નાખશે. આરજેડીના સુપ્રીમો લાલુપ્રસાદે કહ્યું હતું કે લોકશાહીને મજબૂત બનાવવા એનડીએ સરકારને ફગાવી દેવાની જરૂર છે. સંગઠિત ઈન્ડિયા બ્લોક વિધાનસભાની ચૂંટણીમાં ચોરોની સરકારને સત્તા પરથી હટાવી દેશે.

અગાઉ યાદવે પટણામાં કહ્યું હતું કે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના શાસનમાં પરિસ્થિતિ કટોકટીના સમય કરતાં પણ બદતર છે. પ્રસાદે સાસારામ જતા રવાના થતા પહેલાં પત્રકારોને કહ્યું હતું કે અમે પ્રવર્તમાન સંજોગો સામે લડી રહ્યા છીએ. એ સારું છે કે રાહુલ ગાંધી પણ અમારી સાથે છે. (એજન્સી) ■

### મહારાષ્ટ્રના રાજ્યપાલ

કરતા કહ્યું હતું કે તેમને ૪૦ વર્ષનો રાજકીય અનુભવ છે.

ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડાએ કહ્યું હતું કે અમે એમ ઈચ્છીએ છીએ કે આગામી ઉપરાષ્ટ્રપતિ સર્વાનુમતે ચૂંટાય. અમે વિરોધ પક્ષના નેતાનો સંપર્ક સાધ્યો છે.

ગયા મહિને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે નાદુરસ્ત તબિયતને કારણે રાજીનામું આપ્યું હતું. ચૂંટણી નવ સપ્ટેમ્બરે થવાની છે. નામાંકન ભરવાની છેલ્લી તારીખ બાવીસ ઑગસ્ટ છે. ■

### દિલ્હીને

કાલન સ્ટ્રેચનું પણ ઉદ્ઘાટન કર્યું હતું જેને

કારણે દિલ્હીના ઈનર અને આઉટર રિંગ રોડ, મુબારક ચોક, ધૌલા કૂવા તેમ જ નેશનલ હાઈવે-૦૯ પર ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને તે બહાદુરગઢ તેમ જ સોનિપતને સીધાં જોડશે, ઈન્ડસ્ટ્રીયલ કનેક્ટિવિટી વધારશે, શહેરની ટ્રાફિક સમસ્યામાં ઘટાડો કરશે અને દિલ્હી-એનસીઆરમાં સામાનની હેરફેર ઝડપી બનાવશે. (એજન્સી) ■

### હિમાચલ પ્રદેશના

નાળાઓ તરફ બિલકુલ ન જવા વિનંતી કરી છે. વાદળ ફાટવાના કારણે મંડી-કુલ્લૂ રોડ વાહનોની અવરજવર માટે બંધ છે.

ગ્રામ પંચાયત શેગલીમાં એક ઘર તણાઈ ગયું હતું જ્યારે કટોલાથી માહુર જતો પુલ પણ જોરદાર પ્રવાહમાં તણાઈ ગયો હોવાના અહેવાલ છે. બધેરીની આરંગ સ્કૂલની આસપાસનું દ્રશ્ય અત્યંત ભયાનક જોવા મળી રહ્યું છે. મળતી માહિતી મુજબ, ઘણાં વાહનો તણાઈ ગયાં છે, ખેડૂતોનો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે અને પશુઓ પણ તણાઈ ગયાં હોવાના અહેવાલ છે.

બાગી ખડમાં પૂર છે અને સતત વધી રહેલા પાણીને કારણે લોકો ચિંતિત થયા હતા. વહીવટીતંત્રે લોકોને સાવધ રહેવા અને સલામત સ્થળોએ ખસી જવાની અપીલ કરી છે. કુલ્લૂ જિલ્લાના પાહનાલામાં અચાનક પૂરને કારણે બે દુકાનો અને એક પુલ ધોવાઈ ગયો, ઘણી જગ્યાએ ભૂસ્ખલનને કારણે ગ્રામીણ વિસ્તારોમાં ૬૦થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા, ભારે વરસાદને કારણે ગ્રામીણ વિસ્તારોમાં જનજીવન ખોરવાઈ ગયું, નદીઓ અને નાળાઓનું પાણીનું સ્તર ભયનજક સ્થિતિએ પહોંચ્યું હતું.

સ્થાનિક રહેવાસી હુકમ સિંહે જણાવ્યું હતું કે સવારે લગભગ ૪:૩૦ વાગ્યે નાળામાં અચાનક પૂર આવ્યું હતું. તે સમયે લોકો પોતાના ઘરોમાં હતા અને સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ કાર, બાઇક, ખેતરો અને બગીચા કાદવથી ભરાઈ ગયા હતા. ઘટના બાદ મહેસૂલ વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને નુકસાનનું મૂલ્યાંકન કર્યું હતું. સતત વરસાદને કારણે મણિકર્ણ ખીણમાં ગભરાટનું વાતાવરણ છે અને લોકો સુરક્ષિત રહેવાની ચિંતા કરી રહ્યા છે.

હિમાચલમાં ચોમાસાની અત્યાર સુધીની સિઝનમાં ૨૬૧ લોકો મૃત્યુ પામ્યા છે, ૩૭ લોકો ગુમ છે. ૩૩૨ ઘાયલ, ૨૩૮૫ ઘરોને નુકસાન થયું છે અને ૩૬૦ દુકાનો જમીનદોસ્ત થઈ છે. હિમાચલને અત્યાર સુધીમાં ૨૧૪૪ કરોડથી વધુનું નુકસાન થયું છે. ■

# છ સપ્તાહની પડતીને બ્રેકઃ ભારત સાથેની વાટાઘાટો મોકૂફ રહ્યા બાદ બજારની નજર ટ્રમ્પની આગામી હિલચાલ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતીય બજારોએ ૧૪ ઓગસ્ટના રોજ પૂરા થયેલા છ સપ્તાહની ઘટાડાનો દોર તોડ્યો. વ્યાપક સૂચકાંકોના મોરચે, મિડ અને સ્મોલકેપ ઇન્ડેક્સે પણ ત્રણ સપ્તાહની ઘટાડાનો દોર તોડ્યો છે. સીપીઆઈ ડેટા, અમુક સારા કંપની પરિણામ, રૂપિયામાં વધારો અને ક્રૂડના ભાવમાં ઘટાડા સહિતના પરિબળોએ બજારને ટેકો આપ્યો હતો. અઠવાડિયા દરમિયાન, બીએસઇ લાર્જ-કેપ અને મિડ-કેપ સૂચકાંકોમાં ૧-૧ ટકાનો વધારો થયો હતો, અને બીએસઇ સ્મોલ-કેપ સૂચકાંકમાં ૦.૪ ટકાનો વધારો થયો હતો. અઠવાડિયા દરમિયાન, સેન્સેક્સ સૂચકાંક ૭૩૯.૮૭ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા વધીને ૮૦,૫૯૭.૬૬ પર બંધ થયો હતો અને નિફ્ટી૫૦ ૨૬૮ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા વધીને ૨૪,૬૩૧.૩૦ પર બંધ થયો હતો.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ સાતમા અઠવાડિયામાં તેમની વેચવાલી ચાલુ રાખીને રૂ. ૧૦,૧૭૨.૬૪ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. બીજી તરફ, ડીઆઇઆઇએ રૂ. ૮,૯૯૯.૭૬ કરોડના શેર ખરીદ્યા હતા. આ ઓગસ્ટ મહિનામાં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ રૂ. ૨૪,૧૯૧.૫૧ કરોડના ઇક્વિટી વેચ્યા અને ડીઆઇઆઇએ રૂ. ૫૫,૭૯૫.૨૮ કરોડના ઇક્વિટી ખરીદ્યા. ક્ષેત્રીય મોરચે, નિફ્ટી હેલ્થકેર અને ફાર્મા સૂચકાંકો ૩.૫ ટકા, નિફ્ટી ઓટો સૂચકાંક ૨.૭ ટકા અને નિફ્ટી જ્યબ બેંક સૂચકાંક ૨ ટકા વધ્યા. બીજી તરફ, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને એફએમસીજી સૂચકાંકો ૦.૫ ટકા ઘટ્યા હતા.

થર્ડ પાર્ટી હોટલ, એરલાઇન્સ અને વિઝા એજન્ટો પાસેથી સીધી અથવા અગ્રણી એગ્રીગેટર્સની સેવાઓ એકત્રિત કરીને ઇન્ટીગ્રેટેડ ટ્રાવેલ સોલ્યુશન પુરા પાડવામાં નિષ્ણાત એલજીટી બિઝનેસ કનેક્શન્સ લિમિટેડ, ૧૯ ઓગસ્ટના રોજ તેની પ્રારંભિક જાહેર ઓફરિંગ સાથે બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર રૂ. ૨૮.૦૯ કરોડ એકત્ર કરવા પ્રવેશ કરશે. ઇશ્યૂનું કદ ૨૬,૨૫,૬૦૦ ઇક્વિટી શેર છે જેની ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે અને શેરદીઠ કિંમત રૂ. ૧૦૭ પ્રતિ શેર છે.

નિહાર ઇન્ફો ગ્લોબલ લિમિટેડે પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં કોન્સોલિડેટેડ ધોરણે રૂ. ૩૩૧.૪૧ લાખની રેવેન્યુ નોંધાવી છે, જે ગયા વર્ષે સમાનગાળામાં રૂ. ૨૫૮.૯૬ લાખ હતી. એ જ રીતે ઉપરોક્ત સમયગાળા માટે રૂ. ૨૩.૯૨ લાખની સરખામણીમાં રૂ. ૭૬.૦૭ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

અગ્રણી મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડએ પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧.૭૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨૫.૦૨ કરોડની આવક, ૨.૮૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૪.૨૮ કરોડનો એબટા, ૫.૭૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. સાત કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

કન્ઝ્યુમર કોમ્યુનિકેશન, ડેટા મેનેજમેન્ટ, પ્રોસેસ ઓટોમેશન ક્ષેત્રની ગ્લોબલ ઓપરેટિંગ પ્લેટફોર્મ સર્વિસ પ્રોવાઇડર કંપની ઇન્ટેન્સ ટેક્નોલોજીસ લિમિટેડે પ્રથમ ક્વાર્ટરના અનઓડિટેડ સંકલિત નાણાકીય પરિણામમાં રૂ. ૩,૧૪૭.૯૩ લાખની કુલ આવક, રૂ. ૩૧૪.૪૮ લાખનો એબિટા અને રૂ. ૧૨૫.૨૭ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર ઉત્પાદન ઉદ્યોગમાં અગ્રણી ખેલાડીઓમાંની એક, સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે, પ્રથમ ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૭.૮૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૫.૧૮ કરોડની કુલ આવક, ૧૫.૯૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬.૭૩ કરોડનો એબિટા, વાર્ષિક ધોરણે ૩૧.૦૫ ટકાની વૃદ્ધિ. સાથે રૂ. ૪.૪૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડને મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિમિટેડ તરફથી પીએમ કુસુમ ઇ યોજના યોજના હેઠળ ૨૦૦ સ્ટેન્ડઅલોન ઓફગ્રીડ ડીસી સોલાર ફોટોવોલ્ટેઇક વોટર પમ્પિંગ સિસ્ટમ્સની સપ્લાય માટે પેનલમેન્ટનો પત્ર મળ્યો છે, જેની કુલ કિંમત રૂ. ૫.૯૭ કરોડ છે. આ પંપોનું સ્થાપન વર્ક ઓર્ડર જારી કર્યાની તારીખથી ૬૦ દિવસની અંદર પૂર્ણ કરવાનું રહેશે.

જ્વેલરી મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગમાં કાર્યરત આશાપુરી ગોલ્ડ ઓર્નામેન્ટ લિમિટેડને પ્રતિષ્ઠિત ઇન્ડિયા ઇન્ટરનેશનલ જ્વેલરી શો, આઇઆઇજેએસ પ્રીમિયર, ૨૦૨૫માં દેશની કેટલીક અગ્રણી પ્રાદેશિક અને રાષ્ટ્રીય જ્વેલરી રિટેલ ચેઇન્સ, તેમજ ટોચના સ્તરના મોટા જ્વેલર્સ પાસેથી આશરે રૂ. ૧૦૨ કરોડના ખરીદી ઓર્ડર હાંસલ થયા છે. આ ઓર્ડર ૯૦ દિવસમાં પૂર્ણ થશે

બુલિયન વસ્તુઓમાં વિશેષતા ધરાવતી અગ્રણી ભારતીય જ્વેલરી કંપનીઓમાંની એક ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૫.૯૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૦૩.૮૪ કરોડની કુલ આવક, ૫૭.૦૭ ટકાના વધારા સાથે રૂ. ૨૧.૧૫ કરોડનો એબિટા, ૬૪.૭૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૧૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ભારતના અગ્રણી ડિઝાઇન-ટુ-શેલ્ફ પ્લેટફોર્મ પૈકી એક, એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડે પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં ૩૮.૫૪ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૬૪.૪૬ કરોડની કુલ આવક, ૨૨.૮૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬.૯૬ કરોડનો એબિટા અને ૭૫.૯૭ ટકાના વધારા સાથે રૂ. ૨.૧૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એકંદરે ટ્રમ્પના વેપાર વલણ, ટેરિફ અને વૈશ્વિક જોખમોની આસપાસ અનિશ્ચિતતા વધતી રહી હોવાથી બજારના અંડરટોનમાં સાવચેતીનું વલણ જોવા મળે છે.

દરમિયાન એસએન્ડપીએ ભારતનું રેટિંગ ૧૯ વર્ષના સમયગાળા બાદ અપગ્રેડ કરીને ટ્રીપલ બી જાહેર કર્યું છે. મહત્તવની બાબતમાં આ ગ્લોબલ રેટિંગ એજન્સીએ કહ્યું છે કે ભારત વિશ્વની શ્રેષ્ઠ કામગીરી ધરાવતું અર્થતંત્ર બની રહેશે. અમેરિકાની ટેરિફની અસર ભારત ખમી જશે અને તેના વિકાસને કોઇ નોંધપાત્ર અવરોધ નહીં નડશે.

પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારે જેએસડબલ્યુ સિમેન્ટનો શેર તેના રૂ. ૧૪૭ના ઇશ્યૂ ભાવ સામે ચાર ટકાના વધારા સાથે રૂ. ૧૫૩ની સપાટીએ ખૂલ્યો હતો. ઓલટાઇમ પ્લાસ્ટિકના શેર તેના રૂ. ૨૭૫ના ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૩૧૪.૩૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. વિક્રમ સોલાર રૂ. ૨,૦૭૯.૩૭ કરોડના અને જેમ એરોમેટિક્સ રૂ. ૪૫૧.૨૫ કરોડના ઇશ્યૂ સાથે ૧૯ ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ફ્રેક્ટલ એનાલિટિક્સ રૂ. ૪૯૦૦ કરોડનો અને આરએસબી રિટેલ ઇન્ડિયા રૂ. ૧,૫૦૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે. ■

# ટીસીએસના શૅરધારકોને ₹ ૫.૬૬ લાખ કરોડનો આંચકો

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે ટેરિફ વોર શરૂ કર્યા બાદ ખાસ કરીને ભારતને ટાર્ગેટ બનાવ્યું છે ત્યારથી ભારતીય શેરબજાર અને એમાં પણ ઇન્ફર્મેશન ટેક્નોલોજી સેક્ટરના શેરોમાં નોંધપાત્ર ધોવાણ જોવા મળ્યું છે. જોકે, આશ્ચર્ય જનક રીતે આમાંથી સૌથી વધુ નુકસાન આઇટી સેગમેન્ટની સૌથી સારી કામગારી બજારવનાર અને રોકાણકારોને સારી કમાણી કરી આપનાર ટીસીએસના શેરમાં જોવા મળી છે.

ટાટા જૂથની ટોચની કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)ના શેરધારકોને ૫.૬૬ લાખ કરોડ રૂપિયાના ધોવાણનો આંચકો સહન કરવાનો વારો આવ્યો છે! બજારના નિષ્ણાત અભ્યાસુઓ અનુસાર વર્ષ ૨૦૦૮ની કટોકટી પછી ટીસીએસ પહેલી વખત સૌથી તીવ્ર ઘટાડાનો સામનો કરી રહ્યું છે. આ પરિસ્થિતિ તેના કરતા પણ વધુ ખરાબ હોવાનું નિરિક્ષકો જણાવી રહ્યાં છે.

ટોચના બજાર વિશ્લેષકે કહ્યું હતું કે, પ્રથમિક ધોરણે નબળી માગ અને એઆઈ વિક્ષેપ વચ્ચે એફઆઈઆઈ વર્ગે આઇટી શેરોમાં જોરદાર વેચવાલી કરી હોવાથી બજાર મૂલ્યમાં રૂ. ૫.૬૬ લાખ કરોડ જેટલો ઘટાડો નોંધાયો છે. નોંધવું રહ્યું કે માત્ર ૨૦૨૫ના ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં નિફ્ટી આઈટી ઇન્ડેક્સ ૨૫ ટકા ઘટ્યો છે.

આ તરફ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ ઉક્ત આઇટી કંપનીના રીસેટ વેલ્યુએશન અને મજબૂત ડિવિડન્ડ યીલ્ડમાં મૂલ્ય જોઈને હિસ્સો વધારી રહ્યા છે, પરંતુ તેનાથી હજુ જોઇએ એટલો ટેકો મળતો દેખાતો નથી. સરવાળે વર્ષ ૨૦૦૮ની વૈશ્વિક નાણાકીય કટોકટી પછી ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) ના શેર તેમના સૌથી કપરા તબક્કામાં પ્રવેશ્યા હોવાનો દાવો પ્રસાર માધ્યમો કરી રહ્યાં છે.

ટાટા ગ્રુપની આ ટોચની કંપનીનું માર્કેટ કેપિટલાઇઝેશન તેની ટોચ રૂ. ૪,૫૮૫.૯૦ની સપાટીથી લગભગ રૂ. ૫.૬૬ લાખ કરોડ એટલે કે ૩૪ ટકા જેટલું ઘટ્યું છે, જે ૨૦૨૫ને ટીસીએસ માટે ૧૭ વર્ષ પહેલાના પંચાલવ ટકાના કડાકા પછીનું સૌથી ખરાબ વર્ષ બનાવે છે.

નોંધવું રહ્યું કે, ૨૦૨૫ના ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં જ આ શેરમાં ૨૬ ટકાનો તોતિંગ કડાકો જોવા મળ્યો છે. આને પરિણામે આ કંપનીનું બજાર મૂડીકરણ ૧૬.૫૯ લાખ કરોડ રૂપિયાની ટોચની સપાટીથી ઘટીને ૧૦.૯૩ લાખ કરોડ રૂપિયા થયું છે.

બજારના અભ્યાસુઓ અનુસાર આ પતન પાછળ નબળા માગના અંદાજ, જનરેટિવ આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સની વિક્ષેપજનક અસર અને પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં મિશ્ર નાણાકીય પરિણામ જેવા કારણો છે. આ બધાને કારણે વિદેશી રોકાણકારોએ વેચવાલી કરી હોવાથી માર્કેટ કેપમાં ઝડપી ધોવાણ જોવા મળ્યું છે. ■

## ગુજરાત

# નડાબેટથી શરૂ થયેલી સિંદૂર સ્વાભિમાન યાત્રા અમદાવાદ પહોંચી, બોર્ડરના ૬૦ ગામમાં ફરી ૨૯મીએ દાંડીમાં પૂર્ણ થશે

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા હુમલામાં માર્યા ગયેલા૨૬ નાગરિકોને શ્રદ્ધાંજલિ આપવા અને સૈનિકોના જુસ્સાને સલામ કરવાના હેતુથી અખંડ સ્વાભિમાન મંચ દ્વારા એક અનોખી સિંદૂર સ્વાભિમાન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ દિવસની યાત્રાનું પ્રસ્થાન નડાબેટ ખાતેના નડેશ્વરી માતાજીના મંદિરેથી કરવામાં આવ્યું હતું. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સુરક્ષિત સીમા, સુરક્ષિત રાષ્ટ્રના સંકલ્પને જન-જન સુધી પહોંચાડવાનો છે.

આ યાત્રામાં ફોર્ચ્યુનર જેવી મોંઘી ૫૧ ગાડી, પહલગામમાં માર્યા ગયેલા૨૬ નાગરિકના ફોટા સાથેનો શહીદરથ, ડિફેન્સ ક્રાંતિના પ્રેઝન્ટેશન સાથેનો એલઈડી ટ્રક સહિત સામેલ છે. આ યાત્રા ગુજરાત બોર્ડરના ૬૦ ગામડામાં ફરી ૨૯ ઓગસ્ટે દાંડીમાં પૂર્ણ થશે. અખંડ સ્વાભિમાન મંચના સભ્ય હાર્દિકસિંહ ડોડિયાએ જણાવ્યું હતું કે, પહલગામ હુમલામાં માર્યા ગયેલા ૨૬ દેશવાસીઓને લોકો પુષ્પાંજલિ અર્પણ કરી શકે તે માટે શહિદરથ સાથે ૨૬ અને બીજી ૨૫ એમ ૫૧ વિશેષ કારનો કાફલો અને અખંડ ભારત સ્વાભિમાન મંચના ૨૦૦થી વધારે સભ્યો અંદાજે ૩૦૦૦ કિલોમીટર જેટલો પ્રવાસ કરશે. ૧૫મી ઓગસ્ટના રોજ સાંજે અમદાવાદના સિંધુ ભવન રોડથી વૈષ્ણવદેવી રિંગરોડ સુધી સિંદૂર સ્વાભિમાન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનની સાથે ફ્લેગ ઓફ સેરેમની યોજવામાં આવી હતી. ૧૬ ઓગસ્ટના રોજ નડાબેટ ખાતે નડેશ્વરી માતાજીના મંદિરે દર્શન કરીને યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. ૧૫ દિવસ સુધી ચાલનારી આ યાત્રા દરમિયાન સીમા પરના ગામડાંઓમાં અંદાજે ૫૦૦ જેટલા કાર્યક્રમો યોજાશે. ગુજરાતના સીમા ગામોની ૩૦૦૦ કિમીની યાત્રા કરી ૨૯ તારીખે દાંડી ખાતે યાત્રાનું સમાપન થશે. ૨૬ માર્યા ગયેલા નામ સાથે વિશેષ શણગાર સાથેની કાર, શહીદરથ, ડિફેન્સ ક્રાંતિના પ્રેઝન્ટેશન સાથેનો એલઈડી ટ્રક, ઑપરેશન સિંદૂર પ્રોજેક્શન મેપિંગ શો સાથે અખંડ ભારત સ્વાભિમાન મંચના ૨૦૦ સભ્યો આ યાત્રા દ્વારા લોકોમાં સૈનિકોના જુસ્સામાં વધારો થાય તેવા કાર્યક્રમ દરેક ગામમાં યોજશે. ■

# રાજકોટના લોકમેળાની ત્રણ દિવસમાં ૮.૬૦ લાખથી વધુ લોકોએ મોજ માણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના રેસકોર્સ મેદાનમાં ચાલી રહેલા જન્માષ્ટમીના લોકમેળાનો ૧૭ ઓગસ્ટ ચોથો દિવસ હતો. ૧૬ ઓગસ્ટ એટલે કે જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે, સવારથી જ મેળામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. ડ્રોન દ્વારા લેવાયેલા અવકાશી દશ્યોમાં મેળાનું મેદાન જાણે કિડિયારું ઊભરાયું હોય તેવા અદ્ભુત નજારો જોવા મળ્યો હતો. મેળાના પ્રથમ દિવસે ૨.૬૦ લાખ, બીજા દિવસે ત્રણ લાખ અને ત્રીજા દિવસે ત્રણ લાખથી વધુ લોકોએ મેળાની મુલાકાત લીધી હતી. આમ, અત્યાર સુધીમાં કુલ ૮.૬૦ લાખથી વધુ લોકો મેળાની મજા માણી ચૂક્યા છે. આ આંકડા દર્શાવે છે કે રાજકોટનો લોકમેળો માત્ર રાજકોટ જ નહીં, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર માટે એક મોટો ઉત્સવ છે. સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિનો પ્રતીક ગણાતો આ મેળો મળવાનું, માણવાનું અને જીવનભર જોડાઈ રહેવાનું સ્થળ' બની ગયો છે. આ મેળામાં ધનવાન કે ગરીબનો ભેદભાવ ભૂલી સૌ સાથે મળીને આનંદ માણે છે.'હૈયે હૈયું દળાઈ' તેવી જનમેદની આ પાંચ દિવસ દરમિયાન જોવા મળે છે. ■

# ગુજરાતમાં નર્મદા ડેમની જળ સપાટીમાં ભારે વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લાંબા વિરામ બાદ ગુજરાતમાં પુનઃ વરસાદની શરૂઆત થઇ હતી, જેના કારણે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમની જળસપાટીમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. નર્મદા ડેમમાં નવા નીરની આવક નોંધાતા ડેમની સપાટી પુનઃ ૧૩૧.૦૨ મીટરે પહોંચી ગઈ હતી. છેલ્લા ૨૪ કલાકમાં ડેમની સપાટીમાં ૧.૨૭ મીટરનો વધારો નોંધાયો હતો.

મળતી વિગતો અનુસાર હાલ ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે. સરદાર સરોવર યોજનાના ઉપરવાસના વિસ્તારમાં સતત પડી રહેલા વરસાદને કારણે નર્મદા ડેમમાં પાણીની નોંધપાત્ર આવક નોંધાઈ હતી અને તાજેતરના આંકડાઓ અનુસાર ડેમમાં ૧,૨૩,૬૮૬ ક્યૂસેક પાણીની ઉપરવાસમાંથી આવક નોંધાઈ હતી, જેના કારણે નર્મદા ડેમની હાલની સપાટી વધીને ૧૩૧.૦૨ મીટર સુધી પહોંચી ગઈ હતી. ડેમની મહત્તમ જળસપાટી ૧૩૮.૬૮ મીટર સુધી પહોંચતા થોડી બાકી છે.

તંત્ર દ્વારા હાલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરદાર સરોવર ડેમના તમામ ગેટ બંધ રાખવામાં આવ્યા હતા. ડેમમાંથી પાણીની જાવક ૫૫,૯૬૯ ક્યૂસેક નોંધાઈ હતી. આ સાથે જ આરબીપીએચ અને સીએચપીએચ પાવરહાઉસ ચાલુ રાખીને વીજ ઉત્પાદન કરવામાં આવી રહ્યું હતું.

ડેમની જળ સપાટીમાં વધારો થતા ૩૧ જુલાઈથી ૧૪ દિવસ માટે નર્મદા ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા જેથી વધારાનું પાણી નદીમાં છોડી શકાય. ડેમની સપાટી જાળવી રાખવા અને સિંચાઈ તેમ જ અન્ય જરૂરિયાતો માટે પાણીનો સંગ્રહ કરવા માટે આ પગલાં લેવામાં આવ્યા હતા. હાલ ડેમમાં નવા નીરની આવકને ધ્યાને લઈને આગામી દિવસોમાં પણ પાણીની આવકનો પ્રવાહ યથાવત્ રહી શકે છે અને જળ સપાટીમાં વધારો થવાની શક્યતા છે. ■

# ધ્રુવરાજસિંહ પર હુમલાના કેસમાં દેવાયત ખવડ સહિત છ જણ પકડાયાઃ કાર પણ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લામાં અમદાવાદના ધ્રુવરાજસિંહ પર કરવામાં આવેલા જીવલેણ હુમલાના બનાવમાં ચર્ચામાં આવેલા જાણીતા કલાકાર દેવાયત ખવડ સહિત ૬ લોકોની સુરેન્દ્રનગર જિલ્લાના દૂધઈ ગામ નજીક ફાર્મહાઉસથી ધરપકડ કરી લેવામાં આવી હતી. તે ઉપરાંત પોલીસે આરોપી દેવાયત ખવડની સ્કોર્પિયો કાર પણ જપ્ત કરી હતી.

મળતી વિગતો અનુસાર ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના બાકુલા ધણેજ-ચિત્રોડ નજીક અમદાવાદના ધ્રુવરાજસિંહ પર જીવલેણ હુમલાના આરોપી જાણીતા દેવાયત ખવડની પોલીસે મુળી તાલુકાના દુધઈ નજીકના એક ફાર્મ હાઉસમાંથી ધરપકડ કરી હતી. પોલીસે દેવાયત ખવડ સહિત અન્ય છ આરોપી તેમ જ સ્કોર્પિયો કારનો પણ કબજો લીધો છે.

જાણીતા લોકસાહિત્યકાર દેવાયત ખવડ પર ગીર સોમનાથ જિલ્લાના ચિત્રોડ નજીક અમદાવાદના સનાથલમાં રહેતા ધ્રુવરાજસિંહની કારને ટક્કર માર્યા બાદ કારમાંથી દેવાયત ખવડ સહિત ૧૨થી ૧૫ જેટલા શખ્સેએ પાઇપ, ધોકા વડે ધ્રુવરાજની કારમાં તોડફોડ કરી તેમ જ તેને પણ ઢોર માર માર્યો હોવાનો આરોપ છે.

ધ્રુવરાજસિંહ પર કરવામાં આવેલા જીવલેણ હુમલાના બનાવમાં દેવાયત ખવડ અને અન્ય ૧૫ લોકોને ઝડપી પાડવા પોલીસની પાંચ ટીમ કામે લાગી હતી. આ માટે પોલીસે અનેક સ્થળોએ દરોડા પણ પાડ્યા છે. તાલાલાની અંદર છેલ્લા ૪૮ કલાકમાં દેવાયત ખવડને કોણે આશરો આપ્યો હતો તે અંગેની તપાસ પણ પોલીસે આદરી હતી.

બનાવની વિસ્તારપૂર્વક જાણીએ તો ગીર સોમનાથ જિલ્લાના ચિત્રોડ ગામે દેવાયત ખવડે બબાલ કરી હોવાની ઘટના સામે આવી હતી. ત્યારે પોલીસના જણાવ્યા અનુસાર દેવાયત ખવડની બુકાની ખુલી ગઈ અને હુમલાનો ભોગ બનનાર તરત જ ઓળખી ગયા હતા. ગીર સોમનાથના ડીવાયએસપી વી. આર. ખેંગારે જણાવ્યું હતું કે દેવાયત ખવડ અને અન્ય શખસોએ રેકી કરી હતી. પૂર્વ આયોજિત કાવતરું કરી માર મરાયો હતો.

દેવાયત ખવડ અને અન્ય શખસોએ બુકાની બાંધી હતી. દેવાયત ખવડની બુકાની ખૂલી ગઈ હતી. બુકાની ખૂલી જતાં ધ્રુવરાજસિંહ ઓળખી ગયા હતા. પોલીસ દ્વારા દેવાયત ખાવડ સહિત અન્ય ૧૫ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરી શોધખોળ હાથ ધરાઈ હતી. હાલ નાસી ગયેલા આરોપીઓની શોધખોળ ચાલુ છે. આરોપીઓની ધરપકડ કરવા માટે પોલીસની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી અને આ કેસની તપાસ તાલાલા પીઆઈને સોંપવામાં આવી હતી. ■

# અમદાવાદ મેટ્રો ભારતનું પાંચમુ સૌથી મોટું મેટ્રો રેલ નેટવર્ક બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર દેશમાં એક મુખ્ય મેટ્રો હબ તરીકે ઊભરી આવ્યું છે, જેમાં ૬૨.૭૩ કિમીનું પાંચમું સૌથી મોટું કાર્યરત મેટ્રો રેલ નેટવર્ક છે. દેશમાં અગ્રણી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર મોટો રેલ નેટવર્ક ધરાવે છે. દેશમાં મેટ્રો નેટવર્ક ધરાવતા નોંધપાત્ર શહેરોમાં કોલકાતા (૬૦.૨૮ કિમી), ચેન્નઈ (૫૪.૧ કિમી), નાગપુર, પુણે (૩૮.૨૨ કિમી), નોઈડા-ગ્રેટર નોઈડા (૩૨.૯૭ કિમી), કોચી (૨૯.૭ કિમી), લખનઊ (૨૮.૩૮ કિમી) અને કાનપુર (૨૨.૮૭ કિમી)નો સમાવેશ થાય છે. ગુડગાંવ, જયપુર, નવી મુંબઈ, ઇન્દોર અને આગ્રામાં કાર્યરત નાના નેટવર્ક પણ ભારતના કુલ કાર્યરત મેટ્રો નેટવર્ક ૯૭૮.૬૫ કિમીમાં સામૂહિક રીતે ફાળો આપી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદને રાજ્યની રાજધાની ગાંધીનગર સાથે જોડતા મેટ્રો રેલ નેટવર્કની કુલ લંબાઈ ૬૮.૨૮ કિમી હશે અને આ પ્રોજેક્ટને બે તબક્કામાં વહેંચવામાં આવ્યો છે. મેટ્રો રેલ નેટવર્કના ફેઝ એક, જે હવે સંપૂર્ણપણે પૂર્ણ અને કાર્યરત છે, તેમાં બે કોરિડોર છેઃ એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ (૨૧.૧૬ કિમી) સુધીનો ઉત્તર-દક્ષિણ કોરિડોર અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ (૧૮.૮૭ કિમી) સુધીનો પૂર્વ-પશ્ચિમ કોરિડોર છે. ફેઝ ૧, જે હવે સંપૂર્ણપણે પૂર્ણ અને કાર્યરત છે, તેમાં બે કોરિડોર છે. એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ (૨૧.૧૬ કિમી) સુધીનો ઉત્તર-દક્ષિણ કોરિડોર અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ (૧૮.૮૭ કિમી) સુધીનો પૂર્વ-પશ્ચિમ કોરિડોર છે. ફેઝ બે એ તબક્કો એકનું વિસ્તરણ ચાલી રહ્યું છે, જે અમદાવાદ અને ગાંધીનગર જેવાં જોડિયાં શહેરોને જોડે છે. નેટવર્કમાં ૨૮.૨ કિમી લંબાઈના બે કોરિડોર અને ૨૨ સ્ટેશનોનો સમાવેશ થાય છે. હાલમાં, આ વિભાગનો ૨૨.૭ કિમી કાર્યરત છે. ■

# સુરતમાં કાપડના દલાલની હત્યા મામલે આરોપી અસફાકની ધરપકડ

અમદાવાદઃ સુરતના લિંબાયત વિસ્તારમાં ગત એક ઓગસ્ટના રોજ કાપડના દલાલ આલોક અગ્રવાલની હત્યા કેસમાં સુરત પોલીસે મુખ્ય આરોપી અસફાકને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીના પગમાં ગોળી મારીને તેની ધરપકડ કરી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ છ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, પોલીસને બાતમી મળી હતી કે અસફાક વાપી-વલસાડના ગ્રામીણ વિસ્તારમાં છુપાયેલો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે વાપીના ડુંગરા અમનપાર્ક એપાર્ટમેન્ટમાં દરોડો પાડ્યો હતો. જ્યાં અસફાક એક બંધ રૂમમાં સંતાયેલો હતો. પોલીસે દરવાજો ખખડાવતા તેની પત્નીએ દરવાજો ખોલ્યો હતો. અસફાકે પોલીસ પર ચપ્પુથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે સ્વ બચાવમાં પોલીસે ફાયરિંગ કરવું પડ્યું હતું. આરોપીના પગમાં ઈજા થતાં તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ હત્યા અંગત અદાવતમાં કરવામાં આવી હતી. અસફાક અને આલોક વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં આલોકે અસફાકને તમાચો માર્યો હતો. આથી અસફાકે તેના મિત્રોને આલોકની હત્યાની સોપારી આપી હતી. હત્યારાઓએ આલોક પર ૮૦ સેકન્ડમાં ૬૦થી વધુ ચપ્પુના ઘા ઝીંકીને તેની હત્યા કરી હતી અને તેની આંગળીઓ પણ કાપી નાખી હતી. પોલીસે આરોપી પાસેથી એક દેશી કટ્ટો પણ જપ્ત કર્યો હતો. અસફાક સામે અગાઉ પણ રાયોટિંગ અને મારામારી સહિતના સાત ગુના નોંધાયેલા છે.

પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા અસફાક ઉર્ફે કૌવાનો લાંબો ગુનાહિત ઇતિહાસ છે. તેના પર જહાંગીરપુરા, લિંબાયત અને ચૌથાણ પોલીસ સ્ટેશનમાં રાયોટિંગના ગુના નોંધાયેલા છે. ■

# અમદાવાદ એસઓજીએ ₹ ત્રણ કરોડની સ્પર્મ વહેલની ઊલટી સાથે બેને ઝડપ્યા

અમદાવાદઃ ગ્રામ્યના સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપ (એસઓજી)એ સ્પર્મ વહેલ માછલીની ઊલટીના ગેરકાનૂની વેપાર મામલે બે લોકોની ધરપકડ કરી હતી, જ્યારે એક આરોપી ફરાર થયો હતો. મળતી વિગત મુજબ પોલીસે સરખેજ-સાણંદ હાઇવે પર ગીબપુરા ગામ નજીકથી બે શખસની ધરપકડ કરી હતી.

આરોપીઓમાં ભાવનગરના યોગેશભાઈ તુળશીભાઈ મકવાણા (ઉંમરઃ ૩૦) અને અમદાવાદના પિન્ટુકુમાર ભરતભાઈ પટેલ (ઉંમરઃ ૩૭)નો સમાવેશ થાય છે. તેમની પાસેથી ૨.૯૭ કિલોગ્રામ એમ્બરગ્રીસ જપ્ત કરવામાં આવ્યું હતું, જેની કિંમત રૂ. ૨.૯૭ કરોડ આંકવામાં આવી છે. આ ઉપરાંત બે મોબાઇલ ફોન અને રોકડ રકમ મળીને કુલ રૂ. ૨,૯૭,૬૨,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. એસ.ઓ.જી.ના ઇન્સ્પેક્ટર એસ.એન. રામાણીના માર્ગદર્શન હેઠળ ટીમે બાતમીના આધારે સાણંદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સરખેજ-સાણંદ હાઇવે રોડ પર ગીબપુરા ગામ નજીકથી શંકાસ્પદ શખસોને રોકી તપાસ કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલ્યું હતું કે એમ્બરગ્રીસનો જથ્થો ભાવનગરના ભરતભાઈ વલ્લભભાઈ સરવૈયા પાસેથી મેળવ્યો હતો અને તેનું વેચાણ કરવા માટે ગ્રાહકની શોધખોળ કરી રહ્યા હતા. આરોપીઓ પાસેથી કુલ ૨.૯૭૬ કિલોગ્રામ એમ્બરગ્રીસ મળી આવ્યું છે, જેની બજાર કિંમત આશરે ₹૨.૯૭ કરોડ છે. સાથે જ બે મોબાઇલ ફોન અને ₹૭૦૦ રોકડ પણ કબ્જે કરવામાં આવ્યા છે. કુલ મુદ્દામાલની કિંમત ₹૨,૯૭,૬૨,૭૦૦ છે. ■

# પ્લાસ્ટિક મુક્તિ માટે નવતર પ્રયોગ

વડોદરાઃ મહાનગર પાલિકા દ્વારા શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ ખરીદી કરવા સમયે થેલી ઘરે ભૂલી ગયા હશે, તો ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે વડોદરા કોર્પોરેશન દ્વારા ખાસ ''ક્લોથ બેગ વેન્ડિંગ મશીન''મૂકવામાં આવ્યા છે.

આ મશીનમાંથી કાપડની થેલી મેળવવા માટે લોકોએ ફક્ત પાંચ રૂપિયાનો સિક્કો નાખવાનો રહેશે. જો કે તેની સાથે જ ઓનલાઈન પેમેન્ટનો પણ ઓપ્શન આપવામાં આવ્યો છે. એકવાર કોઈ વ્યક્તિ પાંચ રૂપિયા ચૂકવશે, એટલે મશીનમાંથી એક કાપડની થેલી બહાર આવશે. ■

## સંસ્થા સમાચાર

# બચપન સે પચપનની યાત્રાને સફળ કરવા ‘તમે જેમ કહો તેમ’ સૂત્રને અપનાવોઃ પૂ. ધીરગુરુદેવ

### બોપલમાં બાલ સંસ્કાર શિબિરનું પ્રથમવાર આયોજન



શ્રી ધર્મનાથ સ્થાનકવાસી જૈન સંઘ, જૈન ધર્મ સંકુલ. બોપલ ખાતે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે શહેરના વિવિધ સંઘની જૈન પાઠશાળાના ૨૦૦ જેટલા બાલક-બાલિકાઓએ હાજર રહીને વિવિધ પ્રશ્નોતરી તેમ જ દાદર-મુંબઇની પાઠશાળાના પચીસ બાળકોએ નીતા ગાલાના નેતૃત્વમાં ગુરુની મહત્તા, લવજેહાદ, પાઠશાળાના સંસ્કારની નાટિકા રજુ કરતાં સહુ પ્રભાવિત થયા હતા. જૈન શાળાના ૩૦ જેટલા શિક્ષકોનું તેમ જ દરેક બાળકોનું મનોરમ્ય મોતીની માળાથી અને રોકડ રકમથી સન્માન કરાયું હતું.

ધર્મસભામાં ગુરુદેવે જણાવેલ કે જીવનની યાત્રામાં ‘તમે જેમ કહો તેમ’ સૂત્રને અપનાવશો તો બચપન સે પચપનની યાત્રા સુપર બન્યા વિના રહેશે નહીં. વધુમાં કહેલ કે શરીરમાં સ્વાસ્થ્ય, સંબંધમાં સમજણ, પ્રેમમાં પવિત્રતા, સાહસમાં શૂરવીરતા ભક્તિમાં ભાવ, દુઃખમાં ડહાપણ અને મનમાં મીઠાસ જરૂરી છે. કેમ કે નોલેઝ ઈઝ પાવર. ABCD ના કેટલા અક્ષર? એક દીકરીએ જવાબમાં કહેલ કે ચાર અને A To Zમાં ૨૬ અક્ષર હોય. મનપસંદ ચિત્રરંગપૂર્તિમાં સહુ ઉત્સાહથી જોડાયા હતા.

સંઘે મનભાવન ભોજન પીરસીને સહુને ખુશ કર્યા હતા. સંઘ પ્રમુખ દિનેશ ખેતાણી, મંત્રી મેહુલ ધોળકીયા, શ્વેતા સમીર શાહ, ચંદ્રકાન્ત શેઠ, સન્ની શાહ વગેરેએ ઇનામ વિતરણ કરેલ. ■

## પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં પર્યુષણ પ્રવચનધારાનું લાઇવ પ્રસારણ

શ્રી કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ પ્રેરિત શ્રી ધર્મનાથ જૈન સંઘ-બોપલ અમદાવાદના ઉપક્રમે પૂ. શ્રી.ધીરગુરુદેવના સાંનિધ્યે પર્વાધિરાજ પર્યુષણ પ્રવચનધારાનું તા. ૨૦થી ૨૭ ઑગસ્ટ સુધી રોજ સવારે ૯.૩૦થી ૧૧ કલાકે આયોજન કરાયું છે, જેમાં તા. ૨૦ના બુધવારે Balancing Skills સંતુલન જાળવવાની કળા તા. ૨૧ના Encouraging Skills પ્રોત્સાહિત કરવાની કળા તા. ૨૨ના Handling Skills - અંકુશ રાખવાની કળા તા.૨૩ના Accepting Skills સ્વીકારવાની કળા તા. ૨૪ના Pausing Skills અટકવાની કળા તા. ૨૫ના Proceeding Skills આગળ વધવાની કળા તા. ૨૬ના Waiting Skills ધીરજ રાખવાની કળા અને તા. ૨૭ સંવત્સરીના Forgiving Skills ક્ષમા આપવાની કળા વિષય પર પ્રવચન યુ-ટ્યૂબમાં લાઇવ પ્રસારણ બીનાબેન અજયભાઇ શેઠના સૌજન્યથી કરાશે. ■

# સેના (યુબીટી), મનસે ‘ચોક્કસ’ ગઠબંધન કરશે

## બંને પક્ષના નેતાઓને આશા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે શિવસેના (યુબીટી) અને મનસે ‘ચોક્કસ’ ગઠબંધન બનાવશે, પરંતુ તેનો અંતિમ નિર્ણય ચૂંટણીની ખૂબ નજીક થવાની સંભાવના છે, એમ બંને પક્ષોના નેતાઓએ જણાવ્યું છે.

શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે સંભવિત ગઠબંધન વિશે વધુ સકારાત્મક છે, ત્યારે તેમના પિતરાઈ ભાઈ અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરે હજી સુધી અવઢવમાં છે.

શુક્રવારે, શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે તેમનો પક્ષ મુંબઈ, થાણે, કલ્યાણ-ડોંબિવલી, નાસિક અને છત્રપતિ સંભાજીનગરમાં નાગરિક ચૂંટણીઓ માટે મનસે સાથે જોડાણ કરશે, પરંતુ મનસે તરફથી હજી સુધી તેના પર કોઈ વાત કરવામાં આવી નથી.

‘પાંચમી જુલાઈની રેલી પછી, અમે એવા તબક્કે પહોંચી ગયા છીએ જ્યાં તીવ્ર જાહેર દબાણને કારણે શિવસેના (યુબીટી) સાથે જોડાણ ન કરવું મુશ્કેલ બનશે. હવે રાજ સાહેબ આ અંગે અંતિમ નિર્ણય લેશે,’ એમ મનસેના એક કાર્યકર્તાએ જણાવ્યું હતું.

સમાન ભાવના વ્યક્ત કરતા, શિવસેના (યુબીટી) ના એક નેતાએ દાવો કર્યો, ‘ગઠબંધન થશે, પરંતુ જાહેરાત ત્યારે જ થશે જ્યારે ચૂંટણી નજીક આવશે. આનાથી ભાજપ તરફથી દબાણની યુક્તિઓને પણ રોકવામાં મદદ મળશે.’

આટલી જલ્દી ગઠબંધનની જાહેરાત કરવાનો અર્થ સીટ-શેરિંગ વાટાઘાટોનો વધારાનો દબાણ થશે. આનાથી બંને પક્ષના પક્ષના કાર્યકરો ખળભળાટ મચી જશે જેઓ તેમના વોર્ડમાંથી પાર્ટી ટિકિટ મેળવવાની રેસમાં છે, એવો દાવો સેના (યુબીટી) અને મનસેના નેતાઓએ કર્યો હતો.

શિવસેના (યુબીટી) અને મનસે સોમવારે થનારી બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ક્રેડિટ સોસાયટીની ચૂંટણી માટે અસ્પષ્ટ રીતે સાથે આવી રહ્યા છે. બંને પક્ષોએ ક્રેડિટ સોસાયટીની ચૂંટણી લડવા માટે ‘ઉત્કર્ષ પેનલ’ બનાવી છે.

‘એક સાથે આવવું એ સમયની જરૂરિયાત છે. પાંચમી જુલાઈની રેલી પછી, અમે લાગણીઓનો ભારે ઉછાળો જોયો. આપણે આપણા ભલા માટે તેના પર સવારી કરવાની અને શક્ય તેટલી વધુ નાગરિક સંસ્થાઓ જીતવાની જરૂર છે. આ કાર્યકર્તાને પુનર્જીવિત કરશે, વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી અમને મજબૂત પગપેસારો આપશે,’ એમ સેના (યુબીટી)ના નેતાએ જણાવ્યું હતું.

‘આપણા વિશ્વાસના પ્રશ્નો હોઈ શકે છે, પરંતુ આપણે વેન્ટિલેટર પર છીએ અને તેમાંથી બહાર નીકળવું જ પડશે. તેઓ (શિવસેના-યુબીટી) ઇન્ટેન્સિવ કેર યુનિટ (આઈસીયુ) માં છે. સાથે આવવું એ સમયની જરૂરિયાત છે. જો કોઈ કહે કે આ વ્યવસ્થા વિધાનસભા ચૂંટણી સુધી ચાલુ રહેશે, તો તે અનિશ્ચિત લાગે છે. અમે સ્પષ્ટપણે પહેલા પાલિકા ચૂંટણીઓ પર નજર રાખી રહ્યા છીએ,’ એમ મનસેના નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું. ■

# જાહ્નવી પહોંચી દહીંહાંડી ઉત્સવમાં, મટકી ફોડીને ‘ભારત માતાકી જય’ના નારા લગાવ્યા; લોકોને મરાઠીમાં સંબોધન કર્યું

બોલિવૂડ અભિનેત્રી જાહ્નવી કપૂર આ દિવસોમાં તેની આગામી ફિલ્મ ‘પરમ સુંદરી’ માટે સમાચારમાં છે. જન્માષ્ટમીના અવસર પર અભિનેત્રીએ મુંબઈમાં આયોજિત દહીં-હાંડી ઉત્સવમાં હાજરી આપી હતી, જ્યાં તેની હાજરીથી વાતાવરણમાં રોનક આવી ગઈ હતી. પરંપરાગત લુકમાં પહોંચેલી જાહ્નવીએ સ્ટેજ પર પહોંચી અને મટકી ફોડી હતી.

સાથે સ્વતંત્રતા દિવસ પણ હોવાથી તેણે ‘ભારત માતા કી જય’ ના નારા પણ લગાવ્યા હતા. તેની દેશભક્તિની ઉર્જાએ ત્યાં હાજર દર્શકોને ખુશ કરી દીધા.

કાર્યક્રમ દરમિયાન જાહ્નવીએ મરાઠી ભાષામાં ચાહકોને સંબોધિત કર્યા. જોકે, તેના માટે તેને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો. કેટલાક યુઝર્સે કહ્યું કે જો જાહ્નવી મરાઠી બોલવા માગતી હોય તો તેણે હિન્દી ફિલ્મોને બદલે મરાઠી સિનેમામાં કામ કરવું જોઈએ. તે જ સમયે, એક વ્યક્તિએ મજાક કરતા લખ્યું, ‘તમે કેટલા દિવસ સુધી આ રીતે બોલવાની પ્રેક્ટિસ કરી?’ કાર્યક્રમ પૂર્ણ થયા પછી જ્યારે જાહ્નવી પોતાની કાર તરફ જઈ રહી હતી, ત્યારે તે ચાહકોની ભીડમાં ઘેરાઈ ગઈ હતી.

આ દરમિયાન અભિનેત્રીને ધક્કામુક્કીનો પણ સામનો કરવો પડ્યો હતો. જોકે, બાઉન્સર્સની મદદથી તે સુરક્ષિત રીતે પોતાની કાર સુધી પહોંચી ગઈ. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, જાહ્નવી કપૂર ટૂંક સમયમાં ફિલ્મ ‘પરમ સુંદરી’માં જોવા મળશે, જેમાં તેની સાથે સિદ્ધાર્થ મલ્હોત્રા મુખ્ય ભૂમિકામાં છે. ■

નવમાં પાનાનું ચાલુ

### લાડકી લેક,

કરી શકે છે. વાસ્તવમાં લાડકી બહિણ યોજના ચાલુ થયા પછી રાજ્યના અનેક વિસ્તારોમાં નણંદ-ભોજાઈ વચ્ચે અસંતોષ અને ઝઘડા ચાલી રહ્યા હોવાનું સરકારને જાણવા મળ્યું હતું. ખાસ કરીને એક ઘરમાં મહત્તમ સભ્યોની મર્યાદા હોવાને કારણે લાડકી બહેન યોજનાનો લાભ નણંદ લે કે ભાભી લે એને કારણે ઝઘડા થતા હતા. આ બધા અહેવાલો અજિત પવાર અને એકનાથ શિંદે પાસે પહોંચ્યા પછી લાડકી સુનબાઈ યોજના વિશે વિચારણા ચાલી રહી છે. આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં લાડકી સુનબાઈ યોજનાની જાહેરાત કરવામાં આવશે તેવા સમાચાર બહાર આવ્યા છે, અને જ્યારે મીડિયાએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારને આ વિશે પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું હતું કે, સૂત્રોને ટાંકીને અહેવાલો આપવાનું બંધ કરો. જો આપણે કોઈ નિર્ણય લેવા માગતા હોઈએ, તો તે કેબિનેટમાં લેવામાં આવશે. ત્યારબાદ, પત્રકારો દ્વારા મહારાષ્ટ્રના લોકોને તેની જાણ કરવામાં આવશે. જોકે, હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જોકે લાડકી સુનબાઈ યોજના અંગેના અહેવાલો બહાર આવ્યા છે, પરંતુ રાજ્ય સરકાર દ્વારા આ યોજના અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. લાભાર્થી મહિલા મહારાષ્ટ્ર રાજ્યની રહેવાસી હોવી જોઈએ. રાજ્યમાં પરિણીત, છૂટાછેડા લીધેલી, ત્યક્તા અને નિરાધાર મહિલાઓ હવે નવા ફેરફાર મુજબ ૨૧થી ૬૫ વર્ષની વય જૂથમાં હતી. આ યોજના હેઠળ લાભ માટે અરજી કરતી લાભાર્થી મહિલા માટે બેંક ખાતું જરૂરી છે. ઉપરાંત, પરિવારમાં ફક્ત એક જ અપરિણીત વ્યક્તિને આ યોજનાનો લાભ મળી રહ્યો છે. આ ઉપરાંત, લાભાર્થી પરિવારની વાર્ષિક આવક ૨.૫ લાખ રૂપિયાથી વધુ ન હોવી જોઈએ. ■

### કબૂતરોને નિયંત્રિત

પહોંચી ગયો છે. જોકે દાદરના કબૂતરખાના પાસે કબૂતરોને દરરોજ સવારના છથી આઠના સમયગાળામાં ખાદ્ય પદાર્થ આપવાનો વિચાર કરવામાં આવી રહ્યો હોવાની માહિતી પાલિકાએ હાઈ કોર્ટને આપી હતી. એ સમયે પાલિકાએ કોઈ પણ મંજૂરી આપતા પહેલા તે બાબતે જાહેર સૂચના કાઢવી અને પ્રસ્તાવ પર વાંધા અને સૂચનો મગાવ્યાં બાદ જ કબૂતરોને સવારના બે કલાક ખાદ્ય પદાર્થ આપવાનો નિર્ણય લેવો એવો આદેશ આપવામાં આવ્યો હતો. તે મુજબ પાલિકાએ હવે કબૂતરોને નિયંત્રિત માત્રામાં ખાદ્ય પદાર્થ આપવા બાબતે નાગરિકો પાસેથી વાંધા અને સૂચનો મગાવ્યાં છે. વાંધા અને સૂચનો ફક્ત દસ દિવસ સુધી કરી શકાશે. નાગરિકોને સોમવારે ૧૮ ઑગસ્ટથી શુક્રવાર ૨૯ ઑગસ્ટ,૨૦૨૫ વાંધા અને સૂચનો આપી શકશે એવી અપીલ પાલિકાએ કરી છે. નાગરિકો વેબસાઈટ પર આપેલી અરજી પર ક્લીક કરીને કબૂતરખાનાના ઠેકાણે નિયંત્રિત માત્રામાં અને નક્કી કરેલા સમયમાં કબૂતરોને કંટ્રોલ ફીડિંગ અથવા તે બાબતે અન્ય મુદ્દા પર સૂચનો આપી શકે છે. suggestions@mcgm.gov.in આ ઈમેલ આઈડી પર ૧૮ ઑગસ્ટથી ૨૯ ઑગસ્ટ સુધી મોકલી શકાશે. ■

### મુંબઈ સહિત

સુધીમાં પશ્ચિમ ઉપનગરમાં સરેરાશ ૧૦૪ મિ.મી., દક્ષિણ મુંબઈમાં સરેરાશ ૯૩ મિ.મી. અને પૂર્વ ઉપનગરમાં ૭૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે ફોરકાસ્ટ બહાર પાડ્યું હતું, જેમાં મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદની શક્યત વ્યક્ત કરવામાં આવી છે. જેમાં મુંબઈ માટે મંગળવાર સુધી તો થાણે અને પાલઘર માટે બુધવાર સુધી ઓરેન્જ અલર્ટ અને રત્નાગિરી જિલ્લામાં સોમવાર માટે રેડ અલર્ટ રહેશે. આ સમય દરમ્યાન ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. ■

### તુલસી છલકાયું

ટકા જેટલો પાણીમાં વધારો થયો હતો. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૯૩.૨૦ ટકા (૧૩,૪૮,૮૮૫ મિલ્યન લિટર) જેટલો પાણીનો જથ્થો હતો. તો ૨૦૨૩માં આ સમયે જળાશયોમાં ૮૩.૪૫ ટકા (૧૨,૦૭,૮૭૧ મિલ્યન લિટર) જેટલો પાણીનો સ્ટોક હતો. મુંબઈને પ્રતિ દિન ૩,૯૫૦ એમએલડી પાણી પુરવઠો કરવામાં આવે છે. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણી પુરવઠો કરવા માટે પહેલી ઑક્ટોબરના જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ એમએલડી જેટલો પાણીપુરવઠો હોવો જોઈએ.

મુંબઈની અંદર આવેલા તુલસી તળાવની પાણી સમાવવાની ક્ષમતા ૮૦૪.૬૦ કરોડ લિટર (૮,૦૪૬ મિલ્યન લિટર)ની છે. આ તળાવ નેશનલ પાર્કમાં આવેલું હોઈ ભાંડુપ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટથી નજીક આવેલું છે. ગયા વર્ષે તુલસી ૨૦ જુલાઈના રોજ જ છલકાઈ ગયું હતું. ■

### ગોરેગામ-મુલુંડ

કરવામાં આવે છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આ કામ બ્રિજના કામ દરમ્યાન પાઈપલાઈનને કોઈ નુકસાન થાય નહીં માટે આ પાઈપલાઈનને ડાઈવર્ટ કરવામાં આવવાની છે. તે માટેનું કામ ૨૧ ઑગસ્ટના સવારના ૧૦ વાગ્યાથી ૨૨ ઑગસ્ટના વહેલી સવારના ચાર વાગ્યા સુધી કરવામાં આવવાનું છે. તેથી લગભગ ૧૮ કલાક માટે પાણીપુરવઠો બંધ કરવામાં આવશે. ■

### બે ગોવિંદાનાં

૧૩૫ તો પશ્ચિમ ઉપનગરમાં ૧૧૧ અને પૂર્વ ઉપનગરમાં ૭૨ ગોવિંદા જખમી થયા હતા. પ્રશાસનના જણાવ્યા મુજબ જખમી ગોવિંદાઓમાંથી બેની હાલત અત્યંત ગંભીર છે, જેમાં નવ વર્ષના બાળક આર્યન યાદવ સહિત ૨૩ વર્ષના શ્રેયાંસ ચાલકેનો સમાવેશ થાય છે. ■

### લેન્ડિંગ કરતી

રનવે સાથે અથડાઈ ગયો હતો. એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે વરસાદ અને પવનને કારણે પ્લેન ધ્રુજી ઊઠ્યું હતું. અકસ્માતમાં કોઈપણ મુસાફરો અને ક્રૂ મેમ્બરને ઈજા થઈ હોવાના કોઈ સમાચાર નથી. ■

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**વીશા નીમા જૈન**

લુણાવડા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. સુભદ્રાબેન જયંતીલાલ પરીખની પુત્રવધુ નયનાબેન (ઉં. વ. ૭૩) તા. ૧૬-૮-૨૫ના અરિહંતશરણ થયા છે. તે દિનેશચંદ્રના પત્ની. જીગર, પ્રીતીના માતા. જેસીકા, અમીતકુમારના સાસુ. દેવાંશના દાદી. સાક્ષી, ક્રિશાના નાની. પ્રાર્થનાસભા તા. ૧૮-૮-૨૫ સોમવારે સવારે ૧૦થી ૧૨. ઠે. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સિહોર નિવાસી હાલ મુલુંડ સ્વ. અમૃતલાલ જીવરાજ શેઠના સુપુત્ર જિતેન્દ્ર અમૃતલાલ શેઠ (ઉં. વ. ૮૧) શુક્રવાર, તા. ૧૫-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વિલાસબેનના પતિ. ચેતન, શ્રેણિક, નેહા, રીનાના પિતા. અનિશા, જીનલ, સૌમિન, મિતેશના સસરા. રમણીકલાલ, ગુણવંતરાય, ભાનુબેન, હીરાબેન અને રસીલાબેનના ભાઇ. યતીન, વિપુલના કાકા. નાગરદાસ જગજીવનદાસ દોશી (જેસરવાળા)ના જમાઇ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ ચંદિયાના હાલે ગોરેગામ પ્રદીપ ચત્રભુજ મહેતા (ઉં.વ. ૬૭), શુક્રવાર, તા.૧૫.૮.૨૫.ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. માતુશ્રી કાંતાબેન ચત્રભુજ કરમચંદ મહેતાના સુપુત્ર. તે ભાવનાબેનના પતિ. પ્રશાંત તથા કુણાલના પિતાશ્રી. પાયલ તથા કોમલના સસરાજી. કાયોમી અને યાશિકાના દાદા. પ્રાર્થનાનો સમયઃ૧૮ ઓગસ્ટ, સોમવાર, બપોરે ૩:૩૦ થી ૫:૩૦ વાગ્યા સુધી. કપોળ વાડી, રામચંદ્ર લેન, કાંચપાડા, મલાડ વેસ્ટ.

**શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભદ્રાવાળ નિવાસી હાલ પાર્લા સ્વ. પ્રભુદાસ મોહનલાલ ગાંધી ના પુત્ર અરવિંદભાઈ (ઉં.વ. ૬૭) તે ૧૭/૮/૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. શ્વેતા કૌશલ, તનિષા રવિન્દ્રકુમારના પિતા. પ્રતાપ, હસમુખ, મનોજ તથા કાંતા, સુભદ્રા, મમતાના ભાઈ અનંતરાય મગનલાલ દોશીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૧૯/૮/૨૫ ના રોજ ૧૦ થી ૧૨ કલાકે ચતવાણી બાગ, તેલી ગલ્લી, અંધેરી ઈસ્ટ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચુડા નિવાસી હાલ અંધેરી (મુંબઈ) શ્રીમતિ દયાબેન કાન્તીલાલ મોદી (ઉં.વ.૯૪) તે સ્વ. કલ્પના, ડો. ઉત્પલા, સ્વ. વર્ષા, અભયના માતુશ્રી, અ.સૌ. તૃપ્તિ અભય મોદીના સાસુ, ચી. મૈત્રીના દાદી, કલકત્તા નિવાસી સ્વ.ધીરજલાલ મોદીના ભાભી, ધ્રાંગધ્રા નિવાસી સ્વ. છબલબેન અને સ્વ. ચત્રભુજ જીવરાજ કામદારના સુપુત્રી, સ્વ. કંચનબેન પ્રતાપરાય શાહ, સ્વ. વિનુભાઈ, સ્વ. હસુભાઈ, સ્વ. મનસુખભાઇ, સ્વ. વસંતભાઈ, સ્વ. રજનીભાઈ, અનિલભાઈ, અશ્વીનભાઈ કામદારના બહેન, તા. ૧૩-૦૮-૨૫ બુધવારના અરિહંત શરણ પામ્યા છે. પ્રાથનાસભા રાખેલ નથી. લૌકિલ વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરાના પારસ ઝવેરચંદ શાહ (ખીમસરીયા) (ઉં.વ.૩૪) ૧૩-૦૮-૨૫ના અવસાન પામેલ છે. પ્રીતી ઝવેરચંદના પુત્ર. કવિતાના પતિ. ધૈર્યના પિતા. નિરવના ભાઇ. જશોદાબેન કરસન પુરીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : શા. જવેરચંદ રતનશી, બંગલા નં. ૧૭, ચંદ્રપુરી, વિટો, ડુમરા-કચ્છ. ૩૭૦૪૯૦.

કોડાયના રવિશ (રીન્કુ) ગડા (ઉં.વ.૪૪) ૧૫-૮-૨૫ના અવસાન પામ્યા છે. રમીલાબેન રામજીના સુપુત્ર. સ્વાતિ (દિપ્તી)ના પતિ. યાનાના પિતા. નિલેશના ભાઈ. ભાનુબેન અનિલના જમાઇ. પ્રા. શ્રી વ. સ્થા.જૈ. શ્રા. સં., શ્રી કરસન લઘુભાઈ નિસર હોલ, દાદર (વે.). ટા. ૨ થી ૩.૩૦. નિ. રામજી ગડા, મંગલમ, ઈર્લા, વિલેપાર્લા (વે.).

ગુંદાલાના શ્રી મગનલાલ કરમશી દેઢીયા (ઉં.વ.૯૩) ૧૬-૮-૨૫ના અવસાન પામેલ છે. લાછબાઇ કરમશી ઘેલાના પુત્ર. સ્વ. શાંતાબેન (દેવકાબેન)ના પતિ. ડો. દિનેશ, વિનોદ, સરોજ, રાજેશના પિતા. ખીમજી, વીરજી, બારોઇ લક્ષ્મીબેન રામજી, છસરા ખેતબાઇ વીરજીના ભાઇ. છસરા લક્ષ્મીબેન ભીમશી મોણશીના જમાઇ. પ્રા. શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) ટા. ૪ થી ૫.૩૦. નિ. દેવેશ દિનેશ દેઢીયા, ૩૭૦૨, ટાવર-૪, ક્રેસન્ટ બે, જેરબાઇ વાડીયા રોડ, પરેલ (ઇ.).

**વેરાવળ વિશા ઓસવાળ જૈન**

અ. સૌ. જયશ્રી પ્રદીપ શાહ (ઉં. વ. ૭૮) તે પ્રદીપ મણીલાલ પીતાંબરના ધર્મપત્ની. તે સ્વ. ગુલાબબેન ભગવાનદાસ દેવીદાસના પુત્રી. સુશીલાબેનના પુત્રવધૂ. તે દીપલ, ધરાના માતા. તે વિનીત અને સંકેતના સાસુ. તે સ્વ. વિજયનાભાભી. તા. ૧૬-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર મુંબઇ પ્રણય જયંતીલાલ મહેતા (ઉં. વ. ૬૪) તે સ્વ. જયંતીલાલભાઇ તથા સ્વ. વિમળાબેનના સુપુત્ર તથા રીટાબેનના પતિ તા. ૧૭-૮-૨૫ રવિવારના અરિહંતશરણ પામ્યા છે. તે મિત-વિકિતા, ઇશિતા-સોહિલના પિતાશ્રી. જતીન-સજીતા, નિખિલ-જીજ્ઞાના મોટાભાઇ. સ્વ. કિશોરભાઇ તથા મંજુલાબેનના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૯-૮-૨૫ મંગળવારના બપોરે ૪થી ૬. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**વેરાવળ વિશા ઓસવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ નાલાસોપારા નિતિશ જયંતીલાલ શાહ (ઉં. વ. ૫૬) તે સ્વ. કુસુમબેન જયંતીલાલ મણીલાલના સુપુત્ર. મનીષાબેનના પતિ. નિધિ તથા કૌશલના પિતા. કમલવા ઇરપ્પાના જમાઇ. દિયા તસ્વીન શાહ તથા કુલીનના ભાઇ, હેલ્પા કુલીન શાહના જેઠ તા. ૧૭-૮-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

અકોલા નિવાસી કૃષ્ણકુમાર (કનુભાઈ) ગોકુળદાસ દુતીયા નુ શનિવાર ૧૬ ઑગસ્ટના નિધન થયેલ છે. ઉઠમણું શ્રીમતી ઝવેરબાઈ ભાટીયા વાડી, રાધા કિસન પ્લોટ્સ, અકોલા મુક્કામે સોમવાર ૧૮ ઓગસ્ટ રોજે સાંજે ૪ વાગે રાખેલ છે. શોકાકુલ સ્વ. મધુભાઈ (ભાઈ) વિનુભાઇ (ભાઈ) પંકજ,અશ્વિન (પુત્ર).

**કોળી પટેલ**

ગામ ધમડાછા હાલ વિરાર (મુંબઈ) ના રહેવાસી શ્રી બાબુભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉં.વ. ૯૦) શનિવાર, તારીખ ૧૬ -૮-૨૫ના દેવલોક પામ્યા છે. તેઓ સ્વ. ડાહ્યાભાઈ પ્રેમાભાઈ તથા સ્વ સોનાબેનના પુત્ર. સ્વ. સુશીલાબેનના પતિ. સ્વ. જ્યોત્સનાબેન, ગિરીશભાઈ, દિલીપભાઈ કિરણભાઈના પિતા. વિનોદભાઈ, કાજલબેન, રંજનાબેન, પલ્લવીબેનના સસરા. રોહિત, પૂર્વી, નિશિતા, રચિત, જયતીના દાદા. જીગ્નેશ અને ભાવિનના નાના. સાદડી (બેસણું ): ૧૮-૮ -૨૫, સોમવાર ૨ થી ૫ તેમના નિવાસ સ્થાને (બને પક્ષનુ સાથે) રાખેલ છે (લૌકિક રિવાજ બંધ છે).પુષ્પાણી : ૨૮-૮-૨૫, ગુરુવાર ૩ થી ૪, તેમના નિવાસ સ્થાને રાખેલ છે. સરનામુંઃ કિરણ બાબુભાઈ પટેલ, ઈ/૩૦૬, સંદીપ ગાર્ડન્સ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, વાય. કે. નગર ગડ, એક્સપર્ટ સ્કૂલની બાજુમાં, વિરાર વેસ્ટ.

**વડનગરા નાગર બ્રાહ્મણ**

ભદ્રાંશુ ત્રિવેદી તે સ્વ. ભૂપેન્દ્ર અને સ્વ. અનસુયાના પુત્ર કૌમુદીના પતિ. તારિણી અને ઉત્કર્ષના પિતા. પાર્થિવ મોદી અને નિષ્ઠાના સસરા. આયુષ, પ્રહન અને વિવાનના દાદા. સ્વ. હિમાંશુના અને મુકુલના ભાઇ. સ્વ. કિશોરભાઇ હાથી અને સ્વ.સાવિત્રીબેનના જમાઇ ૧૫ ઓગસ્ટ ૨૫ના રોજ દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૮ ઓગસ્ટ ૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. સનવિલ બેન્કવેટ, ૯, એની બેસન્ટ રોડ, વરલી નાકા, મુંબઇ-૪૦૦૦૧૮.

**સારસ્વત બ્રાહ્મણ**

પુષ્પાબેન જોશી (ઉં. વ. ૭૭) તે ઇશ્વરલાલ મંગલદાસ જોશી (કન્હૈયા)ના પત્ની. ગં. સ્વ. બબીબેન તુળજાશંકર કેરાવાળાના પુત્રી. ગં. સ્વ. દેવકાબેન મંગલદાસ કન્હૈયાના પુત્રવધુ. ગં. સ્વ. નભુબેન, ગં. સ્વ. હીરાબેન, ગં. સ્વ. પ્રભાબેન, સ્વ. ભાઇલાલભાઇ, અરવિંદભાઇ, સ્વ. જગદીશભાઇના ભાભી. પ્રીતીબેન, અલકાબેન, તૃપ્તિબેન, સ્વ. હેમલ (બંટી)ના માતાજી તથા અનિલભાઇ, પ્રવીણભાઇ, કિરીટભાઇના સાસુ તા. ૧૬-૮-૨૫ના રામશરણ પામ્યા છે. લૌ. વ્ય. બંધ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૮-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી મારુ કંસારા સોની**

ઘાટકોપર નિવાસી ગોપાલભાઇ દેવજીભાઇ બારમેડા સોની (ઉં. વ. ૮૧) તે ગં. સ્વ. લક્ષ્મીબેન દેવજી લખમશી બારમેડાના પુત્ર. મુક્તાબેનના પતિ. સ્વ. નર્મદાબેન (નાનુબેન) ચાંપશી બુદ્ધભટ્ટીના જમાઇ. સ્વ. મહેન્દ્રભાઇના મોટાભાઇ. ભરત-નિતેશ-જીતેશ-પ્રીતિના પિતા. સુષ્મા-નીતા-ભગવતી-યતીન્દ્રકુમારના સસરા. શનિવાર, તા. ૧૬-૮-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૮-૮-૨૫ના ૪થી ૫.૩૦. ઠે. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, લેવેન્ડર બાગની બાજુમાં, ઘાટકોપર (પૂર્વ).

**બાલાસિનોર દશાનિમા વણિક**

હાલ મુંબઇ નવનીતલાલ શાહ (જાટ)ના ધર્મપત્ની ઇન્દુબેન (ઉં. વ. ૯૫) તે સ્વ. બુનીબેન મણિલાલ મહેતા (લેડી)ના દીકરી. નયનાબેન, દિપકભાઇ, પૌલોમીબેન, સ્વ. પારુલબેન, તૃપ્તિબેન, રાજીવભાઇના માતુશ્રી. શશીકાંતભાઇ, નંદિનીબેન, સુધીરકુમાર, સ્વ. સુરેન્કુમાર, કમલેશકુમાર, સંગીતાબેનના સાસુ. શનિવાર, તા. ૧૬-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૮-૮-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ, ૩૯૨, એસ. વી. પી. રોડ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. બચુબેન ખેરાજ ચંદન ગામ છોટડા જડોદર હાલ મુલુંડવાળાની સુપુત્રી ગીતાબેન (ઉં. વ. ૬૦) તે સ્વ.દમયંતીબેન જમનાદાસ ગણાત્રા બરંદાવાળા (હાલ પુના)ના સુપુત્ર ગીરીશભાઇ (રમેશભાઇ) ના ધર્મપત્ની તા. ૧૬-૮-૨૫ શનિવારના પૂના મધ્યે રામશરણ પામેલ છે. દ્વારકાદાસ, કલાવતીબેન, હરીશ, સ્વ. પદમાબેન તથા હંસાબેનના બહેન. દમયંતીબેન અને અનસુયાબેનના નણંદ. ભાગ્યશ્રી જોગેશ ચંદન, હેતલ અનમોલ કાનાણીના માતુશ્રી. પ્રાર્થનાસભા તા. ૧૮-૮-૨૫ સોમવારના ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

યોગેશ ઓચ્છવલાલ કડકીયા તા. ૧૫-૮-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. સ્વ. મણીબેન ઓચ્છવલાલ કડકિઆના પુત્ર. સોહિની યોગેશ કડકીયાના પતિ. મોના, શિવાની અને જીગરના પિતા. દેવાંગકુમાર, મયંકભાઇ અને માનસીના સસરા. મિલોની અને હર્ષદભાઇના માસા. પ્રવીણભાઇ, મિનાક્ષી અને વિજયના ભાઇ. મીનાક્ષી અને અજયના બનેવી. નેઓમી અને વિવાનના દાદા. નીલ, રિયા, રોમા, રિયાના, રેવા અને નવ્યાના નાના. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૯-૮-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ, વી. પી. માર્ગ, પ્રાર્થનાસમાજ, ગિરગાંવ, મુંબઇ-૪૦૦૦૦૪.

**લુહાર સુથાર**

ગામ- ચાડીયા હાલ- ખોડિયાર ધામ, નયગાંવ જિલ્લો પાલઘર સ્વ. કેતન રાજુભાઇ મકવાણા (ઉં.વ.૩૬) ૧૬/૦૮/૨૫ શનિવાર ના રોજ સતલોકવાશી થયેલ છે. તેઓ રાજુ ભાઈ વલ્લભભાઈ મકવાણા તથા દમયંતીબેન ના પુત્ર તેઓ જાનવી બેનના પતિ. શાક્ષી અને વંશના પિતાશ્રી. કમલેશ,પ્રીતિબેન જીગ્નેશકુમાર કવા,તૃષાલ,તેજસ,ગોરલ કરણ રાઠોડના ભાઈ. તેઓ વનિતાબેન વાલજીભાઈ તુલસીભાઈ વાઘેલા (ખાપટ ગામ)ના જમાઈ. પ્રાર્થનાસભા સોમવારના રોજ ૧૮-૦૮-૨૫, સાંજે ૪ થી ૬ રાખેલ છે. સ્થળઃ ખોડિયારધામ આશ્રમ નાયગાંવ.

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ બોટાદવાળા હાલ મીરા રોડ. સ્વ. લાભુભાઈ હરગોવિંદભાઈ રાઠોડ ને વિમલાબેન લાભુભાઈના પુત્ર. વિજય લાભુભાઈ રાઠોડ (ઉં. વ .૫૬) ૧૬.૮.૨૫ના શ્રીજીચરણ પામેલ છે તેવો પ્રવીણાબેનના પતિ. તથા નિશીતા, અમી અને ધ્રુવના પિતાશ્રી. તેઓ મેહુલભાઈ, ભાવનાબેન અને હર્ષાબેનના મોટાભાઈ. તથા તે સ્વ. નટવરલાલ લાલજીભાઈ પરમાર ગામ મોરચુપણાવાળાના જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર તારીખ ૧૮/૮/૨૫ ના રોજ સાંજે ૫ થી ૭ રાખેલ છે. સ્થળ શ્રી લુહાર સુથાર હિતેચ્છુક મંડળ વેલફેર સેંટર કાર્ટર રોડ નંબર. ૩, દત્તપાડા બોરીવલી (પૂર્વ)

**ઔદિચ્ય તળાજીય બ્રાહ્મણ**

ગામ ઝાંઝમેર નિવાસી, હાલ કાંદિવલી - મુંબઈ રહેવાસી સ્વઃ નીતિનજી કાંતિલાલ ભટ્ટ (ઉ.વ.૬૩) ૧૫-૦૮-૨૫ શુક્રવારના સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વઃ વસંતબેન અને સ્વઃ કાંતિલાલ ભટ્ટના પુત્ર, ગં. સ્વ.જયશ્રીબેનના પતિ, ભારતીબેન અને ભાવિતાબેન ના ભાઈ, પાર્થ, ખુશાલીના પિતા. સ્વઃ ચંદ્રાવતીબેન અને સ્વઃ સુરેન્દ્રભાઈ ઓઝા ના જમાઈ. ૧૮-૦૮-૨૫ ને સોમવાર સાંજે ૫ થી ૭. સરનામું :વૈષ્ણવ મેરેજ એન્ડ બેન્કવેટ હોલઃ૬-અ, પારેખ નગર, શતાબ્દી હોસ્પિટલ ની સામે, સ્વામી વિવેકાનંદ રોડ, વર્ષા પાડા રોડ, કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ તોરી હાલ કાંદિવલી સ્વ. મંગુભાઇ પોપટભાઈ પરમારના ધર્મપત્ની ગં. સ્વ. શારદાબેન (ઉં.વ.૭૮) મંગળવાર ૧૨/૮/૨૫ના રામશરણ પામેલ છે. તે રણજિત પરમાર, સ્મિતા સોલંકી, કવિતા કવૈયા, હિના સિધ્ધપુરા, રશ્મિ દાઈનગડેના માતુશ્રી. ચેતના પરમાર, મુકેશ સોલંકી, અશોક કવૈયા, અપૂર્વ સિધ્ધપુરા શિવકિરણ દાઈનગડેના સાસુ. ગામ જેતપુર હાલ ખામગામ સ્વ. પ્રાણલાલ ઝીણાભાઈ સિધ્ધપુરાની દીકરી. નરોત્તમભાઇ પ્રાણલાલ સિધ્ધપુરાના બહેનની પ્રાર્થનાસભા ૧૮/૮/૨૫ સોમવાર ના રોજ સાંજે ૫ થી ૭ રાખેલ છે. પ્રાર્થના સભા સ્થળઃ શ્રી લુહાર-સુથાર હિતેચ્છુક મંડળ વેલફેર સેંટર, કાર્ટર રોડ નં ૩, દત્તપાડા બોરીવલી (પૂર્વ).

**મચ્છુ કઠિયા સઈ સુથાર**

મૂળ ગામ બીલખા હાલ કલ્યાણ નિવાસી હરીશભાઈ નટવરલાલ પીઠડીયા (ઉં.વ.૬૦) તા. ૧૪/૮/૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તેઓ પ્રજ્ઞાબેનના પતિ. દિનેશભાઈ, સ્વ.દીપકભાઈ, સ્વ.છાયાબેન પ્રદીપકુમાર ધામેચાના ભાઈ. સ્વ. દર્શનાબેનના દિયર. તેમજ તૃષા સમીર રાઠોડ અને શ્રુતિ શૈલેષ સોલંકીના પિતા. ખુશબુ કેતન ગડા, વિધિ પીઠડીયાના કાકા. સોરઠ વંથલીના સ્વ.જમનાદાસ હીરજી સાંચલાના જમાઈ. તેમની પ્રાર્થના સભા તા. ૧૮/૮/૨૫ સોમવારે બપોરે ૪ થી ૬ દરમ્યાન શ્રી જલારામ હોલ, લોહાણા મહાજન વાડી પાછળ, આગ્રા રોડ, કલ્યાણ (વે).

**કચ્છી લોહાણા**

મૂળ ગામ કચ્છ વાયોર હાલ કલ્યાણ સ્વ.મીઠાબાઈ વાઘજી વેલજી દાવડાના પુત્રવધૂ તે સ્વ.મથુરાદાસ વાઘજી દાવડાના ધર્મ પત્ની. પુષ્પાબેન (ઉં.વ.૮૦) તા ૧૬/૮/૨૫ના શ્રીજી ચરણ પામેલા છે. તે જ્યોતિબેન પિયુષભાઈ ચંદે, જ્યોત્સનાબેન મહેશભાઈ સુજાણી, ચેતનના મમ્મી. તે પિયુષ, મહેશ અને રાખીના સાસુ. વેલજી માધવજી આઇયા (કચ્છ-મોથાળા)વાળાની સુપુત્રી. સ્વ.દમયંતીબેન, સ્વ.મંજુ લાબેન, સ્વ.દરિયાભાઈ(લાલજીભાઈ) પાર્વતીબેનના ભાભી. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**લોહાણા**

મુલ ગામ બિલખા, હાલ કલ્યાણ નિવાસી, ગ.સ્વ.નિલમબેન (ઉં.વ.૭૯) ગુરુવાર તા. ૧૫/૮/૨૫ના રોજ શ્રીજી ચરણ પામેલ છે સ્વ.લક્ષ્મીકાંત વ્રજલાલ કારિયાના ધર્મપત્ની. સ્વ. મનહરભાઈ, નરેશ ભાઈ. રમાબેન રસિકલાલ મણિયાર, જ્યોત્સનાબેન નારણદાસ પોપટ, ભારતીબેન સૂર્યકાંત ધનેશા, સ્વ.હંસાબેન ધનંજય અઢિયાના ભાભી. તે પ્રફુલ્લાબેન, રશિલાબેનના જેઠાણી. તે સુશાંત મનહરલાલ કારિયા, વૈશાલી ગિરીશ રૂપારેલીયા, જિજ્ઞા ધર્મેશ શાહ, સોનલ નિમેષ ઠક્કરના ભાભુ. તે સ્વ.છોટાલાલ નારાયણદાસ રાચ્છની દિકરી. બને પક્ષની પ્રાર્થના સભા સોમવાર તા.૧૮/૮/૨૫ ના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦ દરમ્યાન માતુશ્રી શ્યામભાઈ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભ પટેલ માર્ગ, કલ્યાણ (પ) ખાતે રાખેલ છે.

**વડોદરા વિશા લાડ વણિક**

ગં. સ્વ. પ્રતિભાબેન (ઉં.વ. ૭૯) તે સ્વ. રોહિતભાઈ કાળીદાસ શાહના ધર્મપત્ની, ભાવેન અને દેવાંગીના માતુશ્રી, કવિતા અને નિશાંત શાહના સાસુ, દિલીપભાઈ અને કિશોરીબેનના ભાભી, પિયર પક્ષે રસેશભાઈ જયંતિલાલ ગાંધીના બેન, ક્ષિતિજ અને ધન્વીના દાદી, શનિવાર તા. ૧૬/૦૮/૨૫ ના દિને શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ માંડવી હાલ મુલુંડ સ્વ. કસ્તુરબેન (ગોદાવરીબેન) ભવાનજી લક્ષ્મીદાસ સોતાના સુપુત્ર કિશોરભાઇ (ઉં. વ. ૭૪) ગુરુવાર તા. ૧૪-૮-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. બચીબાઇ ગંગારામ ભીમજી કોઠારી, ધમતરીવાળા (કચ્છ રોહા કોઠડાવાળા)ના જમાઇ. તથા મીનાબેનના પતિ. તે વિમલ અને દર્શના (દિપેશ) ના પિતાશ્રી. પૂજા અને માનસીના સસરા. ગં. સ્વ. પુષ્પાબેન દામજીભાઇ સોમૈયા, સ્વ. રામજીભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, જયોતિ બીપીનભાઇ પલણ, જગદીશભાઇના ભાઇ. બન્નેપક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૭-૮-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. સમુદ્ધિ બેન્કવેટ હોલ, બીજે માળે, મદન મોહન માલવીયા રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

### મુંબઈમાં આગના

પોલીસ ચોકી પાસે ગણેશ નગરમાં બન્યો હતો. નાઈન્ટી ફૂટ રોડ પર ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં ૧૦ બાય ૧૦ સ્વેર ફૂટના એરિયામાં ઓલી કંપનીમાં સવારના ૧૧.૧૧ વાગે આગ ફાટી નીકળી હતી. આગમાં ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ■

### ત્રીજી મુંબઈ

કરતાં પણ મોટું શહેર બનાવવું શક્ય બનશે.

અટલ સેતુ દ્વારા, મુંબઈથી નવી મુંબઈ અને નવી મુંબઈ એરપોર્ટ પહોંચવાનું સરળ બન્યું છે. આ કારણે, ત્રીજી મુંબઈ બનાવવામાં આવી રહી છે. જો ડેવલપર્સ સરકાર સાથે સહયોગ કરે તો ત્રીજું મુંબઈ બનાવવાનું સરળ બનશે. ડેવલપર્સને ૨૪ ટકા અને એમએમઆરડીએને ૭૬ ટકા હિસ્સો આપવામાં આવશે. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## મનન

# નંદોત્સવની ધૂમ…

હેમંત વાળા
feedback@bombaysamachar.com



રાતના બાર વાગે શ્રી કૃષ્ણનો જન્મ થઈ ગયો. ભારત વર્ષના અને દુનિયાના દરેક મંદિરમાં ઘંટનાદ, શંખનાદ, ઝાલર અને ઢોલ સાથે શ્રી કૃષ્ણને આવકારવામાં આવ્યા. આરતી થઈ, પ્રસાદ વહેંચાયો, ભજન ગવાયાં, સ્તુતિ થઈ, ભાવવિભોર થઈને સમગ્ર પ્રજાએ શ્રી કૃષ્ણને આવકાર આપ્યો. અહીં ભક્ત ભક્તિમાં તરબોળ થઈ ગયો, જ્ઞાનીએ જાણે ગીતામાં ડૂબકી મારી દીધી, યોગી હર્ષવિભોર થઈ અસ્તિત્વના કારણને પ્રત્યક્ષ જોવા લાગ્યો અને કર્મનિષ્ઠ નવી પ્રેરણા લઈને, નવી તાજગી લઈને ધન્ય થઈ ગયો.

શ્રી કૃષ્ણનું બાળ સ્વરૂપ ફરી તાજું થયું, સાથે સાથે તેમનું વિકરાળ વિશ્વરૂપ દર્શન પણ આંખ સામે આવી ગયું. ગોકુળમાં તેમના દ્વારા વગાડવામાં આવેલ વાંસળીની ધૂન પ્રતીત થઇ અને સાથે સાથે તેમના કંદોરાનો રણકાર પણ કાનમાં ગુંજવા લાગ્યો. બાળમિત્રો સાથે તેમની મધુર લીલા યાદ આવી અને સાથે સાથે તે સમયકાળમાં જ, તે બાળપણમાં જ તેમણે કરેલી અસુર-સંહાર લીલા પણ ધ્યાનમાં આવી. કંસના આસુરી સામ્રાજ્યમાં ભયનો માહોલ સ્થાપિત કરનાર પણ નજરે ચડ્યો અને મા યશોદાના ડરથી સંતાતો તે કૃષ્ણ પણ ગમી ગયો. એક વાટકી માખણ કે છાશ માટે ગોપીઓના આગ્રહને કારણે કરાયેલ નાચ યાદ આવ્યાં અને સાથે સાથે કાલીય નાગના ફન પર કરે નૃત્ય પણ યાદ આવી ગયું. રાધા માટે તેમનો અપાર પ્રેમ પાછો પ્રતીત થયો તો સાથે સાથે અસત્ય બાબતો માટેની તેમનો અણગમો પણ નજરે ચડ્યો.

આઠમની રાતે શ્રી કૃષ્ણના આ ૫૨૫૧-મા જન્મદિન નિમિત્તે તેમની અન્ય કેટલીક વાતો પણ યાદ આવી ગઈ. અભિમન્યુ કે બર્બરીક કે ઘટોત્કચના બલિદાન માટે તેઓ તૈયાર હતા તો સાથે સાથે કોઈપણ સંજોગોમાં ધર્મની સ્થાપના માટે પાંડવોની રક્ષા પણ તેમની દ્રષ્ટિએ જરૂરી હતી. સ્ત્રીનું સન્માન જાળવવા સદા તત્પર રહેનાર શ્રી કૃષ્ણ પણ જ્યાં સુધી પોકાર ના આવે ત્યાં સુધી જરૂરી સંયમ રાખી શકતાં. અજેય મહાન યોદ્ધા હોવા છતાં પણ નિયતિના નિયમ પ્રમાણે રણ છોડીને ભાગી જવામાં તેમને સંકોચ ન હતો. ધર્મની સ્થાપના માટે ધર્મની વ્યાખ્યા બદલવી પણ તેમને મંજૂર હતી. જો અંતિમ લક્ષ્ય સાત્ત્વિક, આધ્યાત્મિક તેમ જ ધાર્મિક ભૂમિકાને આધારિત હોય તો તે દિશાનું પ્રત્યેક ડગલું ધર્મની વ્યાખ્યામાં આવી શકે, તેમની તે વાત ફરીથી તાજી થઈ.

પારણામાં ઝૂલતાં શ્રી કૃષ્ણને જોઈને, યશોદાને જે ભાવ થતો હશે તે દરેકના મનમાં ફરીથી સ્થાપિત થયો. તે બાળ શ્રી કૃષ્ણને જોઈને નંદબાબાની ખુશી બધાંએ અનુભવી. તે વખતે ગોકુળની ધરતીનું પ્રત્યેક રજકણે જે ધન્યતા અનુભવી હશે તે ધન્યતાનો પ્રકાર ફરીથી સૌના ધ્યાનમાં આવ્યો. મંદિરમાં જે પ્રસાદ વહેંચાયો તેમાં નંદબાબા એ વહેંચેલી મીઠાઈનો સ્વાદ જણાયો. મંદિરના પ્રાંગણમાં શ્રી કૃષ્ણના પારણાને ઝુલાવતા ઝુલાવતા, જે આનંદ યશોદાને થયો હશે તે આનંદ વાસ્તવમાં જાણ્યો.


તે વખતના નાનકડા કૃષ્ણના મુખારવિંદની છબી મનમાં ઊભરતી ગઈ. તે વખતે નાનકડા કૃષ્ણએ પોતાના ચરણકમળને જે રીતે હલાવ્યા હશે તેની કલ્પના પ્રગાઢ થઈ. પોતાની લીલાના એક ભાગરૂપે તે વખતે શ્રી કૃષ્ણએ મધુર રૂદન પણ કર્યું હશે, તેનો ધ્વનિ પણ જાણે કાનમાં ગુંજતો ગયો. એમ લાગતું હતું કે હમણાં જ બાળ કૃષ્ણ ઊભા થઈને માખણ કાં તો માગશે કાં તો ચોરી લેશે. એમ લાગતું હતું કે ગોકુળના સૌ બાળ ગોપાલ આ જ ક્ષણની પ્રતીક્ષામાં ઊભા હશે. આ તે જ ધન્ય ઘડી છે જેની માટે દેવકી અને વસુદેવે વર્ષોની પ્રતીક્ષા અને તપ કર્યું હતું. મથુરાના કારાગૃહનો તે પ્રસંગે જાણે બધાના માનસપટલ પર ફરીથી આકાર ધારણ કર્યો હતો.

મંદિરમાં જ્યારે શ્રી કૃષ્ણના જન્મના પ્રતીક સમાન પડદો ખસ્યો ત્યારે જાણે નજર સામેથી અંધકારનો પડદો દૂર થયો. મંદિરમાં તે સમયે એમ લાગ્યું કે સૃષ્ટિના કોઈક અગમ્ય સ્થાને આનંદ પ્રસરી ગયો છે. તે વખતે થયેલ શંખનાદ અનાહટ સ્વર સમાન પ્રતીત થયો. તે સમયે સર્વત્ર પ્રસરેલ પ્રકાશ જાણે બ્રહ્માંડના દરેક ઐશ્વરિય તત્ત્વ - દરેક દેવની હાજરી પૂરાવતો હતો. તે વખતે પ્રસરેલ ધૂપની સુવાસ જાણે શંકર ભગવાનના અસ્તિત્વમાંથી નીકળી હોય તેવી અનુભૂતિ થતી હતી - એમ લાગતું હતું કે સ્વયં મહાદેવ જન્મનો ઉત્સવ જોવા ત્યાં હાજર હતાં. તે સમયે થયેલ આરતીમાં જાણે સમગ્ર સૃષ્ટિ લીન થઈ ગઈ હોય તેમ જણાયું. તે સમયનો પ્રસાદ, પંજરી, કલ્પવૃક્ષ પરથી લાવેલ અમૃત સમાન લાગી.

બધો જ માહોલ મધુર હતો. પ્રત્યેક સ્વરૂપે પ્રકાશમાં અંધકારનો નાશ કરવાની લગની દેખાતી હતી. અણુ અણુમાં સુવાસ પ્રસરી રહી હતી. અણુ અણુ પ્રકાશિત હતો. સુગંધિત પ્રકાશ અને પ્રકાશિત સુવાસ પરસ્પરનો પર્યાય બની ગઈ હતી. પ્રત્યેક વ્યક્તિની ભાવના પણ પ્રકાશિત અને સુગંધિત થતી. પ્રત્યેક ક્ષણ ભાવવિભોર હતી. પ્રત્યેક ભાવના સાત્વિક તેમ જ આધ્યાત્મિક પ્રેમમાં સંલગ્ન હતી. સર્વત્ર મધુર આનંદ પ્રસરેલો હતો. સૃષ્ટિના દરેક સામાજિક મંદિરમાં તેમ જ દરેક ઘરના મંદિરમાં સ્થાપિત થયેલ આ ભાવનાથી સમગ્ર બ્રહ્માંડ જાણે પુલકિત થઈ ગયું હતું, આનંદવિભોર હતું, આધ્યાત્મિકતાના હિંડોળે ચઢેલું હતું, ગૌલોક કે વૈકુંઠના પર્યાય સમું હતું.

દર વર્ષે શ્રી કૃષ્ણના જન્મને સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. દર વખતે એક પ્રકારનો આધ્યાત્મિક પૂર્ણતાનો ભાવ જાગ્રત થાય છે. દર વખતે સૃષ્ટિમાં સાત્ત્વિકતા પ્રસરી જાય છે. દર વખતે શ્રી કૃષ્ણ પ્રત્યેની ભાવનાના પ્રવાહમાં સમગ્ર માનવજાત પ્રવાહિત થઈ જાય છે - અને જ્યાં સુધી માનવજાતનું અસ્તિત્વ છે ત્યાં સુધી આમાં ઓટ આવવાની કોઈ સંભાવના નથી. ■

# સદ્ગુરુની જ્ઞાનદૃષ્ટિ મળી જાય તો સંસારની ઘટનાઓ વિચલિત ન કરી શકે!



## માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



આંખ બે પ્રકારની હોય છે. ग्यान बिराग नयन उरगारी 'માનસ' કહે છે બે આંખો હોય છે- જ્ઞાન અને વૈરાગ્યની. આ બે આંખો તમને શાસ્ત્રથી પણ નથી મળતી. હા, તમારા જીવનમાં શાસ્ત્રથી જેમણે જ્ઞાન,વૈરાગ્ય પ્રાપ્ત કર્યા છે, એમાં મેં કેટલીયે વાર મોતિયા જોયા છે. આ નેત્રોમાં કેટલીયે વખત બીમારી આવી છે, પણ જ્ઞાન વૈરાગ્ય જ્યારે સદ્ગુરુથી પ્રાપ્ત થાય, ત્યારે એ આંખો દિવ્યચક્ષુનું પ્રતીક થઈ જાય છે.

સદ્ગુરુ આંખો આપે છે- આ બે આંખો છે જ્ઞાનની અને વૈરાગ્યની. ખૂબ ભારી શબ્દ છે, મહિમાવંત શબ્દ છે. અધ્યાત્મ જગતના આ બે થાંભલા છે-જ્ઞાન, વૈરાગ્ય. આદિ જગદ્ગુરુ શંકરે કહ્યું કે સદ્ગુરુની પાદુકાપૂજન કરવાથી તમને શું મળશે? તમને જ્ઞાન, વૈરાગ્યની ઉપલબ્ધિ થઈ જશે. તો બહુ મહિમાવંત શબ્દ છે. પણ તમે ને હું સર્વસામાન્ય અર્થમાં લઈએ છીએ જ્ઞાન વૈરાગ્યને. મેં બહુવાર સરળ કરીને કહ્યું છે કે જ્ઞાન એટલે સમ્યક સમજ-યથાયોગ્ય નિર્ણય. વસ્તુને, વ્યક્તિને, ઘટનાને વિષયને ઓળખવાની એક સહજ દ્રષ્ટિ, સમજ, એક વિવેક એ છે જ્ઞાન. અને સદ્ગુરુ દ્વારા એવી આંખ જો મળી જાય છે, તો ત્યારે શું થશે? મારા અનુભવમાં દુનિયાનું કોઈ દુઃખ, તમને દુઃખ નહીં રહે. સંસારમાં દુઃખ છે, હું કબૂલ કરું છું. પણ સદ્ગુરુથી જ્ઞાનદ્રષ્ટિ મળી જાય છે, તો સંસારનું કોઈ દુઃખ, દુઃખ મહેસૂસ નથી થતું.

એક બહુ મોટો રાજા હતો. એને એક નોકર પર પ્રેમ હતો. ક્યાં રાજા, ક્યાં નોકર? એક સેવક માત્ર, પણ કહે છે કે એટલો પ્રેમ હતો આ નોકર સાથે કે રાજા પોતાના શયનકક્ષમાં એને સૂવડાવતો હતો. એ સવારે ઝાડુ કાઢતો, પોતાં કરતો, વાસણ સાફ કરતો હતો, પણ રાજાને આ નોકર પર એટલો પ્રેમ હતો કે સ્વયં એના શયનકક્ષમાં એ સૂતો હતો. સમ્રાટ એને સાથે બેસાડી ભોજન કરાવતો. એક એકલો ભાવ, વાત્સલ્ય કહો, જે કહો તે. બહુ વર્ષો થઈ ગયાં. એક દિવસ રાજા અને એનો નોકર મૃગયા કરવા જંગલમાં ગયા. બપોરનો સમય, ભૂખ લાગી.

રાજાએ એક ફળ તોડ્યું, કયું ફળ હતું, એ એ રાજા ઓળખી ન શક્યો. એનો નિર્ણય ન કરી શક્યો. પણ જોઇને એને લાગ્યું કે આ સારું ફળ છે. ભૂખ હતી, એણે તોડ્યું. ચાકુ કાઢીને ફળના ચાર ટુકડા કર્યા. એક ટુકડો એ નોકરને આપ્યો, એટલો પ્રેમ હતો કે સ્વયં પોતે ન ખાધું, નોકરને ખાવા આપ્યું. બીજો ટુકડો રાજા ખાવા ગયો તો નોકરે હાથમાંથી પાડી નાખ્યુ, નાસમજી કરી, મર્યાદાનું પાલન ન થયું, પણ રાજાને કંઈ થયું નહીં. ચાલો, સારું ફળ હશે, તે નોકર ખાઈ ગયો. રાજાએ ત્રીજો ટુકડો લઈ મોઢામાં નાંખવાની ચેષ્ટા કરી કે પછી તરત જ નોકરે લઈ લીધો, ત્રીજા ટુકડા પર પણ ઝપટ મારી. મોઢામાં નાખી દીધો. રાજાને થયું કે હદ થઈ ગઈ. મર્યાદાની પણ કોઈ સીમા હોય? અને મારો નોકર એવો નહોતો. આજે કેમ બદલાઈ ગયો? શું એટલું મીઠું ફળ છે કે એને સ્વાદ બહુ આવી ગયો? સ્વાર્થી બની ગયો. મામલો શું છે? ચોથો ટુકડો નોકરે ઉઠાવ્યો, પણ આ વખતની ઝપટમાં ફળનો ચોથો ટુકડો પડી ગયો, રાજાએ ખુદ ને ઉઠાવીને એ ખાધો. ખાતાં જ એકદમ રાજા ઊલટી કરવા લાગ્યો. એકદમ એને કંઈક તકલીફ થઈ લાગ્યું કે આમાં વિષ છે, ઝેર છે અને નોકરનો હાથ પકડીને કહ્યું કે આ ઝેરીલું છે, આ વિષભર્યું ફળ છે. તું ઝપટ ઝપટ કરીને, છીનવીને ખાઈ રહ્યો હતો.

નોકરની આંખમાં આંસુ આવી ગયાં. નોકરે કહ્યું કે મહારાજ, દ્રષ્ટિનો સવાલ છે. જે હાથોથી પચાસ વર્ષ સુધી મીઠાં ફળ ખાધાં, એ હાથથી બેચાર ઝેરીલા ટુકડા પણ મળી જાય તો શું? આખી જિંદગી જે હાથથી અમૃત પીધું, આજે વિષેલું ફળ છે, તો નહીં ખાઉં? પણ આ દ્રષ્ટિની પાછળ રહસ્ય શું છે? બહુ સુંદર જવાબ આપ્યો નોકરો કે હું આ ફળના ટુકડાને નહોતો જોતો, ફળ આપવાવાળા હાથને જોતો હતો. મેં ફળને નથી જોયું, જે હાથે આપ્યું, એ હાથને જોતો હતો. મારાં ભાઈ-બહેનો, સદ્ગુરુ આવી આંખ આપે છે ત્યારે દુઃખ, દુઃખ નથી લાગતું. દુઃખ કોણ આપે છે, એ દેખાય છે. આપત્તિ આપત્તિ નથી; એ પ્રભુના હાથથી આપેલું ફળ છે. જે પરમાત્માએ આયુષ્ય આપ્યું, તંદુરસ્તી આપી, જીવન આપ્યું, શાન આપી, પ્રતિષ્ઠા આપી, પરિવાર આપ્યો, એણે શાયદ કદી થોડું દુઃખ પણ આપી દીધું તો સાધક કહે છે, હું એ કડવાં ફળને નથી જોતો. કોઈ સદ્ગુરુના હાથને જોઉં છું, કે ક્યાં હાથે એ આપ્યું છે. તમારી આખી દ્રષ્ટિ બદલાઈ શકે છે. જ્યારે એવી આંખ મળી જાય, વિવેક મળી જાય. દુઃખ તો એને પણ પડે. શરીરની પીડા તો બધાને થાય, શરીરનો એ ધર્મ છે. પણ જ્ઞાનીની દ્રષ્ટિ એક છે. હું તો શરીરશાસ્ત્રનું પુસ્તક વાંચતો હતો કે એમાંથી લોખંડ, ફોસ્ફરસ કાઢીને વેચવામાં આવે તો પ્રયોગમાં માલૂમ પડ્યું છે કે એનાં પાંચ રૂપિયા આવે. આ આખા body ની કિંમત પાંચ રૂપિયાથી વધુ નથી. પણ સદ્ગુરુ અને શાસ્ત્રની આંખમાં

**बडे भाग मानुष तनु पावा।**
**सुर दुर्लभ सद ग्रंथन्हि गावा।।**
**साधन धाम मोच्छ कर द्वारा।**
**पाई न जेहिं परलोक सँवारा।।**

સદ્ગુરુનો આશ્રય કરવાથી આંખ મળે છે. એવી એક સમજ સાધકમાં નિર્માણ થઈ જાય છે, જેને પછી સંસારની કોઈ ઘટના વિચલિત નથી કરી શકતી. એ દુઃખને નહીં જુએ, દુઃખ આપવાવાળા હાથને જોશે, એ કષ્ટને નહીં જુએ. કષ્ટ જે હાથ આપે છે, એને જુએ છે. એવી એક સમજ નિર્માણ થઈ જાય. અને સંપૂર્ણ મસ્તી, પૂર્ણ આનંદ ત્યારે ઉપલબ્ધ થાય છે, જ્યારે આવી આંખ ઉપલબ્ધ થાય છે. તો સદ્ગુરુ આંખો આપે છે, અને આંખ બે છે, એક છે જ્ઞાન, બીજી છે વૈરાગ્ય. હું ને તમે વૈરાગ્ય અર્જિત કરી શકશું ? કરી શકો તો સારી વાત છે. મને તો લાગે છે કે સદ્ગુરુ કૃપા કરે તો વૈરાગ્ય આવી શકે. જન્મોજન્મથી કેટલી વાતમાં જકડાયેલા છીએ. આપણો સ્વભાવ વૈરાગી બની શકે ? ક્યારેક તો આપણે સમાજ પર પ્રભાવ પાડવા વૈરાગ્ય દેખાડીએ છીએ. કોઈ દિવ્યચક્ષુ આપવાવાળા સદ્ગુરુમળે તો ઘટના ઘટે.. તો સહજ વૈરાગ્ય આવે, જીવનમાં સહજતા આવે.

સદ્ગુરુ બે આંખો આપે, જ્ઞાન અને વૈરાગ્યની. પરંતુ એ આંખો મળી જાય એટલું પર્યાપ્ત નથી. આંખ ખૂલે, ઘટના ઘટી જશે પણ પૂર્ણતા આવે? તમારી પાસે આંખ છે અને પાંખ નથી તો તમારી ગતિ નહીં થાય. તમે ઉડાન નહીં ભરી શકો. એ માટે પાંખ જોઈએ અને એ પાંખ પણ સદ્ગુરુ આપે છે જેથી આ વિરાટ અસ્તિત્વમાં તમે ઉડાન ભરી શકો. વ્યક્તિના જીવનમાં બે વસ્તુઓ જોઈએ. જાગૃતિ પણ જોઈએ અને આચરણ પણ જોઈએ. તમે એક પાંખથી નહીં ઊડી શકો.

- સંકલન : જયદેવ માંકડ ■

# કુંડલિની શક્તિ સમગ્ર બ્રહ્માંડ શિવશક્તિની લીલા છે…

## અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

સુષુપ્તિ અવસ્થામાં જીવાત્માનું સ્થાન હૃદય કેન્દ્ર બતાવવામાં આવે છે.

य त्रैष एतत् सुप्तोडमूद् य एष विज्ञानमय: पुरुषतरदेषां।
प्राणानां विज्ञानेन विज्ञानमादाय य एषोडन्तर्हदय आकाशस्तस्मिच्छेते।।

'જ્યારે આ પુરુષ વિજ્ઞાનમય સ્વભાવયુક્ત છે, ગાઢ સુષુપ્તિ અવસ્થામાં છે ત્યારે પ્રાણના વિજ્ઞાનને વિજ્ઞાન દ્વારા લઈને. હૃદયમાં આકાશ છે, તેમાં આરામ કરે છે.'

સંપ્રજ્ઞાત સમાધિ અવસ્થા દરમિયાન જીવાત્માનું સ્થાન આજ્ઞા ચક્ર માનવામાં આવે છે. અસંપ્રજ્ઞાત સમાધિ અવસ્થા દરમિયાન જીવાત્માનું સ્થાન બ્રહ્મરંધ્ર માનવામાં આવે છે.


આપણે જોયું છે કે આ ચક્રો સ્થૂળ શરીરના ભાગો નથી પરંતુ સૂક્ષ્મ દેહમાં અનુભવાતી ઘટનાઓ છે. છતાં સૂક્ષ્મ શરીર અને સ્થૂળ શરીર વચ્ચે એક વિશિષ્ટ પ્રકારનો સંબંધ છે એ બંનેની રચનામાં કંઈક સમાંતર તત્ત્વો પણ છે. સૂક્ષ્મ શરીરમાં બનતી ઘટનાઓ સ્થૂળ શરીરમાં પણ કોઈક સ્વરૂપે અને કંઈક અંશે અનુભવાય છે. કુંડલિની જાગરણની ઘટના અને ચક્રોના ઉદ્ઘાટનની પ્રક્રિયા સૂક્ષ્મ શરીરમાં બનતી હોવા છતાં એનો કંઈક અનુભવ સ્થૂળ શરીરમાં પણ પહોંચે છે.

ઈડા, પિંગલા, સુષુમ્ણા વગેરે નાડીઓ સૂક્ષ્મ શરીરમાં હોવા છતાં સ્થૂળ શરીરમાં પણ તેમને સમાંતર એવી કંઈક રચના જોવા મળે છે. મેરુદંડના મણકાઓ અને તેની અંદરની રચનાનો અભ્યાસ કરવાથી આ હકીકત સમજી શકાય તેમ છે.

એ જ રીતે સાત ચક્રો પણ સૂક્ષ્મ શરીરમાં હોવા છતાં સ્થૂળ શરીરમાં પણ તેમની કંઈક સમયાંતર રચનાઓ જોવા મળે છે. આ સાતે ચક્રો મેરુદંડસ્થ સુષુમ્ણા પથ પર આવેલા છે. આ સાથે ચક્રોની સ્થૂળ શરીરમાં સમાંતર રચના ગણાય તેવી જ્ઞાનતંતુની ગ્રંથિઓ (Nerves plexus) આપણા શરીરમાં છે. સાતે ચક્રો સાથે તેમનો સંબંધ આ રીતે જોડવામાં આવે છે.

| ચક્ર | સમાંતર જ્ઞાનતંતુ ગ્રંથિ |
|---|---|
| ૧. મૂલાધાર ચક્ર | Felvic Plexus |
| ૨. સ્વાધિષ્ઠાન ચક્ર | Hypogastric Plexus |
| ૩. મણિપુર ચક્ર | Epigastric Plexus |
| ૪. અનાહત ચક્ર | Cardiac Plexus |
| ૫. વિશુદ્ધ ચક્ર | Carotid Plexus |
| ૬. આજ્ઞા ચક્ર | Medula Plexus |
| ૭. અહસ્રાર ચક્ર | Cerelral Plexus |

આપણે આગળ નોંધ્યું છે કે ચક્રો મેરુદંડસ્થ સુષુમ્ણાપથ પર આવેલા છે. ચક્રોના વર્ણન વખતે તેમના સ્થાન નાભિ, હૃદય, કંઠ વગેરે બતાવવામાં આવેલ છે. આ બંને વર્ણન વચ્ચે પ્રથમ દૃષ્ટિએ વિરોધાભાસ જણાય છે. ખરેખર તો ચક્રોનું સ્થાન મેરુદંડસ્થ સુષુમ્ણા પથમાં જ છે, પરંતુ આ પથમાં કયા ચક્રોનું સ્થાન ક્યાં છે તે દર્શાવવા માટે જે તે ચક્રની નજીકના નાભિ, હૃદય, કંઠ વગેરે અવયવો દ્વારા તે સૂચિત કરવામાં આવેલ છે, એમ સમજવું જોઈએ.



ચક્રોની દલ-સંખ્યા અને વર્ણોનો અર્થ પણ સમજવા જેવો છે. આપણે જોયું છે તેમ દરેક ચક્રો, કમલ સ્વરૂપ છે. દરેક ચક્રની કમલદલની સંખ્યા ભિન્નભિન્ન છે. એમ માનવામાં આવે છે કે આ સંખ્યા તે ચક્રમાં કામ કરતી શક્તિઓની સંખ્યા સૂચવે છે. વળી, પાંખડીઓ પર લખાયેલા અક્ષરો ધ્વનિ સ્વરૂપ છે. એટલે કે જ્યારે સાધકની ચેતના કોઈ પણ ચક્ર પર એકાગ્ર થાય ત્યારે ધ્યાનાવસ્થામાં તેને તે કેન્દ્રમાંથી, તે વર્ણોનો ધ્વનિ સંભળાય છે અને સૂક્ષ્મ દૃષ્ટિ ઊઘડે ત્યારે ચક્રોના આકારો પણ જોઈ શકાય છે; તેમના અધિષ્ઠાતા દેવતાના દર્શન થાય છે તત્ત્વો, બીજમંત્રો, યંત્રો વગેરે પણ સૂક્ષ્મ ચક્ષુ અને સૂક્ષ્મ કર્ણ સમક્ષ પ્રગટ થાય છે. યોગના આચાર્યોએ આ ચક્રોના આકારો, રંગ, દેવતાઓ, યંત્રો, તત્ત્વો વગેરે સૂક્ષ્મ દૃષ્ટિથી જોયા છે અને વર્ગો તથા બીજમંત્રોના ધ્વનિ પણ સૂક્ષ્મ શ્રવણેન્દ્રિયથી સાંભળ્યા છે.

એટલે ચક્રો અને નાડીઓનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે કોરી કલ્પના નથી, પરીકથા નથી કે માત્ર આલંકારિક ભાષાની ગૂંથણી પણ નથી. આ વર્ણનમાં કંઈક પ્રતીકાત્મક તત્ત્વ હોવાનો સંભવ છે પરંતુ આ પ્રતીક ગૂંથણી માત્ર આલંકારિક નથી. આ ગુહ્યપ્રતીક રચના (Mystical symbolism) છે એટલે કે તેમની પાછળ કોઈક ગુહ્ય સત્ય રહેલું છે. આ બધી સૂક્ષ્મ જગતની હકીકતો છે આ હકીકતો અને તેમના રહસ્યો, જેમની દૃષ્ટિ ખૂલે તેમની સમક્ષ પ્રગટ થાય છે માત્ર બુદ્ધિથી સમજી શકાય તેવી આ હકીકતો નથી.

ચક્રો અને મુખ્ય ત્રણ નાડીઓ - ઈડા, પિંગલા અને સુષુમ્ણા પરસ્પર કેવી રીતે જોડાયેલા છે. તે રચના પણ સમજવા જેવી છે. સુષુમ્ણા મધ્યમાં પસાર થાય છે અને દરેક ચક્રને ભેદીને સીધી ઉપરની દિશામાં જાય છે. ઈડા, તેની ડાબી બાજુ અને પિંગલા જમણી બાજુ વહે છે. ઈડા અને પિંગલા સીધેસીધી ઉપર જવાને બદલે, દરેક ચક્રને એક પરિક્રમા કરીને પછી પોતાના માર્ગે આગળ વધે છે. અહીં એટલે કે દરેક ચક્ર પાસે આ બંને નાડીઓ એકબીજાને અતિક્રમીને (By crossing each other) આગળ વધે છે.

નીચેના ચક્ર મૂલાધારથી માંડીને સહસ્રાર સુધી રહેલા ચક્રો, ચેતનાની ભૂમિકાની દૃષ્ટિએ ચડતા ક્રમે વધુ ને વધુ વિકસિત અવસ્થાના સ્થાનો છે. મૂલાધાર ચક્ર સ્થૂળ ચેતનાનું સ્થાન છે. સ્વાધિષ્ઠાન ચક્ર નિમ્નપ્રાણ (કામાદિ વાસના)નું સ્થાન છે. મણિપુર ચક્ર પ્રાણમય ચેતનાનું કેન્દ્ર છે. અનાહત ચક્ર ઊર્ધ્વપ્રાણ એટલે કે ભાવનું કેન્દ્ર છે. વિશુદ્ધ મનનું કેન્દ્ર છે. આજ્ઞા ચક્ર અંતઃ પ્રેરણાત્મક મન (Intutive mind)નું કેન્દ્ર છે. સહસ્રાર ચક્ર માનસાતીત ચેતનાનું કેન્દ્ર છે. આપણે ચક્રોમાં રહેલ પૃથ્વી આદિ પંચભૂતો અને પ્રાણાદિ વાયુઓના સ્થાન અંગે જોઈ ગયા છીએ, તેનાથી પણ આ જ વાત સૂચિત કરવામાં આવેલ છે.

એ જ વાત ત્રિગુણનો ભાષામાં પણ કહેવામાં આવે છે. મૂલાધાર અને સ્વાધિષ્ઠાન તમોગુણના સ્થાન છે. મણિપુર અને અનાહત રજોગુણના સ્થાન છે. વિશુદ્ધ અને આજ્ઞા ચક્ર સત્ત્વગુણના સ્થાન છે અને સહસ્રાર ગુણાતીત છે.

**૪. કુંડલિની અને તેનું જાગરણ**

મૂલાધાર ચક્રના વર્ણન વખતે આપણે જોઈ ગયા છીએ કે ત્રિકોણાકાર યોનિસ્થાનની મધ્યમાં તેજોમય રક્તવર્ણ क्लीं બીજરૂપ કંદર્પ નામનો સ્થિરવાયુ વિદ્યમાન છે. તેની મધ્યમાં બ્રહ્મનાડીના મુખમાં સ્વયંભૂલિંગ છે, તેની અંદર અત્યંત તેજસ્વી, સર્પિણી સમાન કુંડલિની શક્તિ સાડા ત્રણ આંટા મારીને સુપ્ત વસ્થામાં સ્થિત છે. પોતાની પૂંછડી મુખમાં રાખીને, ગૂંચળું વળીને આ કુંડલિની પડી રહે છે.

કુંડલિની શક્તિ એ માનવદેહમાં રહેલ સુષુપ્ત પ્રાણશક્તિ છે. સમગ્ર બ્રહ્માંડ શિવશક્તિની લીલા છે. જેમ બ્રહ્માંડમાં શિવશક્તિ છે તેમ પિંડમાં પણ શિવ-શક્તિ છે. પિંડમાં-માનવ શરીરમાં શિવનું સ્થાન મસ્તક છે અને શક્તિનું સ્થાન મૂલાધાર ચક્રમાં. શક્તિ તેજ આ મહાશક્તિ કુંડલિની. આ શક્તિ જાગૃત થઈ સુષુમ્ણા માર્ગે ઉપર ચડીને ચક્રો ભેદતાં ભેદતાં બ્રહ્મરંધ્ર સુધી પહોંચે છે અને ત્યાં શિવ-શક્તિનું મિલન થાય છે. આ મિલનથી સાધક કૈવલ્યાવસ્થાને પામે છે જે જીવનની પરમ કૃતાર્થતા છે.

બ્રહ્માંડસ્થ શક્તિની જેમ આ પિંડસ્થ શક્તિ-કુંડલિની પણ અનેક શક્તિઓનું અધિષ્ઠાન છે. જ્યાં સુધી કુંડલિની સુષુપ્તાવસ્થામાં હોય છે ત્યાં સુધી આ શક્તિઓ અનભિવ્યક્ત રહે છે પરંતુ જ્યારે આ કુંડલિની શક્તિ જાગૃત થઈ ઊર્ધ્વમુખી બને છે ત્યારે સાધકના આધ્યાત્મિક વિકાસ અને તેની શક્તિઓનું મહાદ્વાર ખૂલી જાય છે.

આપણે ત્યાં પ્રતીકાત્મક રીતે પૃથ્વીને શેષનાગના મસ્તક પર ટકેલી ગણવામાં આવેલ છે. આ શેષનાગ એટલે સર્જન પછી પણ શેષ રહેલી-બાકી રહેતી શક્તિ, જેના આધારે સર્જન ટકી રહ્યું છે. જેમ બ્રહ્માંડમાં આ શેષશક્તિ તેમ પિંડમાં આ કુંડલિની શક્તિ છે. બંનેના સ્વરૂપમાં સમાનતા છે તેથી જ બ્રહ્માંડસ્થ શેષશક્તિને સર્પ અને પિંડસ્થ કુંડલિની શક્તિને સર્પિણી ગણવામાં આવે છે. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# શ્રમણ સાધના પરંપરા ને સર્વ ધર્મ સમભાવ...



ઈ.સ.પૂર્વે ૫૯૯માં જેમનો જન્મ થયેલો અને ઈ.સ.પૂર્વે ૫૨૭માં જેઓ નિર્વાણ પામ્યા એવા જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના ચરિત્ર વિશે આજે તો જગતની લગભગ તમામ ભાષાઓમાં અઢળક સંશોધનો થયાં છે.

જૈનધર્મ એ મોક્ષ પુરુષાર્થને સાધવા તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલો સૈદ્ધાંતિક સાધનામાર્ગ છે. ભારતવર્ષમાં ધર્મ-દર્શન વિષયક બે સંસ્કૃતિઓ મુખ્ય છે. પ્રથમ સંસ્કૃતિ છે વૈદિક સંસ્કૃતિ, શ્રુતિ અને સ્મૃતિની- જે વેદને સ્વીકારીને ચાલે છે એ સનાતન-આર્ય-હિન્દુ સંસ્કૃતિ...અને બીજી તે શ્રમણસંસ્કૃતિ... એની બે મુખ્ય શાખાઓ. જૈન અને બૌદ્ધ.... જે વૈદિક કર્મકાંડ,યજ્ઞયાગ,ઉપાસના-આરાધનાથી ભિન્ન એવી આગવી સાધના પરંપરાઓ ધરાવે છે. જૈનધર્મનો પાયો અહિંસા પર આધારિત છે. અહિંસા, આત્મદર્શનનું અધ્યાત્મ તપ અને આંતર-બાહ્ય ત્યાગ. એમાં બે પ્રકારનાં તપ- બાહ્ય તપમાં અનશન, ઉણોદરી, નિરાહાર, શાકાહાર, રસપરિત્યાગ, શરીરકષ્ટ, રાત્રિભોજનત્યાગ, અપરિગ્રહ....આભ્યંતર તપમાં- વૃત્તિ સંક્ષેપ, વિનય, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ...

જૈનધર્મની શ્વેતાંબર અને દિગંબર શાખાઓના અનેક સાધુ-સાધ્વીજી મહારાજાઓ દ્વારા લખાયેલી હજારોની સંખ્યામાં મળતી હસ્તપ્રતોમાંથી ધર્મ તત્ત્વચિંતન કે દર્શન ઉપરાંત ગુરુવંશાવળીઓ, તીર્થધામોના ઈતિહાસો, વિહાર કે યાત્રા દરમિયાન રસ્તામાં આવતા તમામ સ્થળોની પ્રજા, ભૂમિ, વન, પર્વતો, જળાશયો જેવાં કે - (નદી, સરોવર, તળાવ, વાવ, કૂવા, કુંડ અને મોતી જેવાં રત્નો આપતો રત્નાકર સાગર), વૃક્ષો, ઔષધિઓ, ખનિજો, ધાન્ય, પશુ-પક્ષી-પ્રાણીઓ,ગ્રામ,નગર,મહાલયો,વ્યવસાયો-ખેતી,વેપાર,વહાણવટું, પશુપાલન, રાજવંશો, રીતરિવાજો.... આમ સમગ્ર લોકજીવન-લોકસંસ્કૃતિનો પરિચય મળતો રહ્યો છે.

સૌરાષ્ટ્રના પ્રદેશને એક સમયે આનર્ત તરીકે ઓળખાવાતો હતો. આ પ્રદેશમાં દ્વારકા અને પ્રભાસ એ બેઉ સ્થાનો વિખ્યાત હતાં. દ્વારકા(કુશીપ/દ્વારામતી) યાદવોની રાજધાની હતી. કૃષ્ણ અને બલરામને કારણે તે વધુ ખ્યાત હતી. ભારતીય ધર્મ પરંપરામાં ચાર યાત્રાધામો, સાત મોક્ષપુરીઓ, દ્વાદશ જ્યોતિર્લિંગો,બાવન શક્તિપીઠોનું મહત્ત્વ આજસુધી જળવાતું રહ્યું છે. પ્રભાસ તીર્થ ક્ષેત્ર હોવાને કારણે કૃષ્ણ તથા બલરામનો સંબંધ પ્રભાસપાટણ સાથે વધુ ગાઢ હતો.પાંડવો અને યાદવો અનેક વાર પ્રભાસમાં મળ્યાનો ઉલ્લેખ પુરાણો દર્શાવે છે. વળી બલરામે સરસ્વતીની તીર્થયાત્રા પ્રભાસ ખાતેથી શરૂ કરી હતી. પ્રભાસ ક્ષેત્ર જૈનો માટેનું પણ પવિત્ર તીર્થસ્થળ છે. જૈનસાહિત્યમાં એને 'ચંદ્રપ્રભાસતીર્થ' તરીકે ઓળખવામાં આવે છે. જૈન આચાર્ય હેમચંાચાર્યજી પોતાની 'પ્રબંધચિંતામણિ' રચનામાં દેવપત્તન- ચંદ્રપ્રભનો ઉલ્લેખ કરે છે. તેથી એટલું ફલિત થાય છે કે બારમી સદીમાં ચંદ્રપ્રભનું જિનાલયનું અસ્તિત્વ ત્યાં હતું.

કલિકાલસર્વજ્ઞ, સિદ્ધસારસ્વત જૈનાચાર્ય શ્રી હેમચન્દ્રાચાર્યજી દ્વારા થયેલી અન્ય ધર્મો પ્રત્યે સમભાવ દર્શાવતી ભગવાન સોમનાથની સ્તુતિ.

રાજા કુમારપાળની સહાયતાથી સોમનાથના આચાર્ય ભાવબૃહસ્પતિ દ્વારા જિર્ણોદ્ધાર પામેલા સોમનાથ મંદિરના દર્શન માટે આવેલા કુમારપાળની સાથે જૈન આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્યજીએ સાંપ્રદાયિકતાથી પર થઈને પરમાત્મા તો સર્વત્ર એક જ છે એવો ભાવ દર્શાવતી ભગવાન સોમનાથ સમક્ષ સ્તુતિ કરેલી.

*ભવબીજાંકુરજનના રાગાધાઃ ક્ષયમુપાગતા યસ્ય*
*બ્રહ્મા વા વિષ્ણુ ર્વા હરો જિનો વા નમસ્તમૈ*
*યત્ર તત્ર સમયે યથા તથાયોઅસિ સોઅસ્યભિધયા યયા તથા*
*વીતદોષિકલુષઃ સ ચેદ ભવાનેક એવ ભગવન્ નમોસ્તુતે*
*તથા ત્રૈલોક્યંસકલં ત્રિકાલવિષયં સાલોકમાલોકિંત*
*સાક્ષાધૈન યથા સ્વયં કરતલે રેખાત્રયં સાંગુલિ*
*રાગદ્વેષભયામયાંતકજરાલૌલત્વલોભાદયો*
*નીલંયત્પદલંઘનાય સ મહાદેવો મયા વર્ધતે*
*યાં વિશ્વં વેદ વેદ્યં જનન જલનિધેર્ભગિનઃ પારદશ્વા*
*પૌર્વાપર્યાવિરુદ્ધં વચનમનુપમં નિષ્કલકં યદીયં*
*તં વંદે સાધુવન્દ્યં સકલ ગુણનિધં ધ્વસ્તદોષદ્વિષન્તં*
*બુદ્ધં વા વર્ધમાન શતદલનિલયં કેશવં યા શિવં વા.*

સાંપ્રદાયિક રીતે જૈનધર્મના આચાર્ય હોવાને નાતે હેચન્દ્રાચાર્યજીએ સોમનાથ સમક્ષ કરેલી પોતાની આ સ્તુતિ સર્વધર્મસમભાવની ભાવના દર્શાવે છે. 'પરમેશ્વર પરમ તત્ત્વ તો આ જગતમાં એક જ છે તે બુદ્ધ હોય, બ્રહ્મા કે વિષ્ણુ હોય, શ્રી કૃષ્ણ હોય, વર્ધમાન જિનપ્રભુ હોય કે સદાશિવ હોય તેને હું વંદન કરું છું...' એમ કહીને જૈન આચાર્યશ્રી રાજા કુમારપાળ કે કોઈપણ ધર્મને જરા યે ખોટું ન લાગે અને છતાં પોતે તો માત્ર જિનવંદના કરે છે એવું પણ અર્થઘટન થઈ શકે એવી રીતે આ સ્તુતિનું સર્જન કરે છે. એમાં કહેવાયું છે કે : 'ભવબીજોના અંકુરને ઉત્પન્ન કરનાર, જેના રાગાદિ ક્ષય પામેલાં છે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, હર હો કે જિન હો તેમને હું નમસ્કારકરું છું. જે તે સમયે જેવો છે,જે તે નામ ધરાવતો તું દોષરહિત એક જ હો તો હે પરમાત્મા તને હું નમસ્કાર કરું છું. આંગળીઓ સહિત હથેળીની ત્રણે રેખાઓ સ્પષ્ટ દેખાય તેમ જેને ત્રણે લોક તથા અલોક(આકાશ) સાક્ષાત્ દ્રષ્યમાન થાય છે, અને રાગ-દ્વેષ-ભય-રોગ-કાળ-જરા-ચપળતા અને લોભ આદિ જેના પદનું ઉલ્લંઘન કરવા ક્યારેય શક્તિમાન થતા નથી એવા મહાદેવને હું વંદન કરું છું. જે જાણવાયોગ્ય એવા સમસ્ત જગતને જાણનારા છે, જે સકળ વિશ્વની ઉત્ત્પત્તિરૂપી સમુદ્રની રચનાઓનો પાર પામી શક્યા છે,જેનાં વચનો પૂર્વાપર અવિરુદ્ધ હોવા સાથે અનુપમ અને નિષ્કલંક છે, જે સાધુપુરુષોને વંદન કરવા યોગ્ય છે અને જેના દોષરૂપી તમામ શત્રુઓ નાશ પામ્યા છે એવા સકલગુણનિધિ બુદ્ધ, વર્ધમાન, બ્રહ્મા, કેશવ કે શિવની હું વંદના કરું છું...'

*(ગમે તે સમયે તથા રીતે, ગમે તે વળી નામથી રહ્યા,*
*રાગથી પર- તે તમે જ હો, તો ભગવન્ નમું એ જ એકને.*
*ભવબીજ સ્ફુરાવતા રાગાદિ ક્ષય જેમના થયા,*
*એ બ્રહ્મા, હરિ કે હર, જિન- જે હો તેમને નમું..)*

- મકરન્દ દવે ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# બસ એક શ્રદ્ધા!



ગત અંકમાં સોળમા અધ્યાયના સમાપન પછી હવે ભગવાન કૃષ્ણ સત્તરમા અધ્યાયનો આરંભ કરે કે. આ અધ્યાયનું નામ જ શ્રદ્ધાત્રય વિભાગ યોગ છે.

હા, શ્રદ્ધા માનવ જીવનની એક અમૂલ્ય સંપત્તિ છે. જન્મથી માંડીને જીવનનાં અંતિમ શ્વાસ સુધી શ્રદ્ધાના સથવારે જ માનવ જીવનનું અસ્તિત્વ, રક્ષણ,પોષણ અને સંવર્ધન શક્ય છે. અબુધ અને અજ્ઞાની બાળક શ્રદ્ધાથી જ સ્તનપાન કરે છે, શ્રદ્ધાની સાથે પા પા પગલી કરતાં બાળક ચાલતા શીખે છે. એવી જ રીતે મોટા, બુદ્ધિશાળી કે જ્ઞાની વ્યક્તિ પણ 'આ દવા લેવાથી રોગ મટશે' એ શ્રદ્ધાથી જ દવા લે છે. ભોજનથી ભુખ ભાંગશે એ શ્રદ્ધાથી જ ભોજન લે છે. આ બસમાં બેસવાથી અમદાવાદ જવાશે એ શ્રદ્ધાથી જ બસમાં બેસે છે. આ કોલેજમાં દાખલ થવાથી ડૉક્ટર બનાશે એ શ્રદ્ધા સાથે કોલેજમાં દાખલ થાય છે. ટૂંકમાં, મનુષ્યજીવનની પ્રત્યેક ક્ષણ કેવળ તર્ક કે શંકાથી નહિ પણ, શ્રદ્ધાથી જ વ્યતીત થાય છે.

એટલે જ શ્રી કૃષ્ણ ભગવાન કહે છે, શ્રદ્ધા અધ્યાત્મનું અનિવાર્ય પ્રાથમિક તત્ત્વ છે.

પરંતુ લૌકિક ક્ષેત્રમાં પણ શ્રદ્ધા વગર પ્રગતિ શક્ય નથી.

સન ૧૯૦૩માં અમેરિકાના બે ભાઈઓ રાઈટ બ્રધર્સ આ વિદ્યા મેળવવા મથવા લાગ્યા. 'પક્ષીઓની જેમ આપણે પણ હવામાં કેમ ન ઊડી શકીએ?' એ વિચાર સાથે તેમણે પક્ષીઓની શરીર રચના જેવા જ વાયુયાન બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા. પરંતુ હવામાં ઊડવું કાઈ સહેલું છે? તેઓના અનેક પ્રયત્ન નિષ્ફળ ગયા. પોતે બનાવેલ પ્લેન થોડી વારમાં જ નીચે પડી જતું, તૂટી જતું ને ભારે નુકસાન થતું. ક્યારેય તો તેમને શારીરિક ઈજા પણ થતી. આ બધું જોવાવાળા લોકોને તો આ નાટક જેવું લાગતું. બધા રાઇટ બ્રધર્સને કહેતા, હવામાં ઉડવાનું રહેવાં દો. ભગવાને બે પગ આપ્યાં છે, તો જમીન પર વ્યવસ્થિત ચાલો ને છતાં આ બે ભાઈઓએ શ્રદ્ધા ન ગુમાવી ને આખરે તેમણે અમેરિકાનાં નોર્થ કેરોલિનાના દરિયા કિનારે એક મિનિટના ચાર સફળ ઉડ્ડયન કર્યાં. પ્રયોગ જોવા આવેલ રાઇટ બ્રધર્સના મિત્રો જ નહિ, આખી દુનિયાએ આ બંને ભાઈઓની શ્રદ્ધાના વખાણ કર્યાં. એટલે જ કહેવાય છે ને, કરતાં જાળ કરોળિયો, ભોંય પડી પછડાય, વણ તૂટેલ તાંતણે, ઉપર ચઢવાં ધાય..

આમ શ્રદ્ધા આપણું મનોબળ વધારવાનું કામ કરે છે અને જીવનની નિશ્ચિત દિશા પ્રદાન કરે છે.

શ્રદ્ધાવાન મનુષ્ય જીવનની અસ્વસ્થતામાં પણ શાંતિ અને સંતોષ અનુભવે છે. અધ્યાત્મ માર્ગમાં તો શ્રદ્ધા અપરિહાર્ય છે. શ્રદ્ધાવાન વ્યક્તિ દેહની અસ્વસ્થતાઓથી પર રહે છે અને આત્માની શાંતિમાં સ્થિર રહે છે. જેનું સર્વોત્તમ ઉદાહરણ છે મીરાબાઈ! મીરાબાઈના જીવનમાં કેટલી મુશ્કેલીઓ આવી. તેમના સત્સંગ અને ભક્તિમય જીવનથી લોકોને ઈર્ષ્યા થતી. અરે! રોજ અપમાન અને અત્યાચાર! અંતે તો દ્વેશીઓએ ઝેરનો પ્યાલો મોકલાવ્યો. આટલું દુઃખ સહન કરવાં છતાં પણ એમના એક પણ કીર્તનમાં કોઈ પણ પ્રકારનું દુઃખ નહોતું છલકતું.

તેમને તો ભગવાનની ભક્તિમાં અતૂટ શ્રદ્ધા હતી. ભગવાનના સુખે દુઃખના દાવાનળમાં પણ અંતરે સુખી હતા. તેથી જ તો તેમણે ગાયું-ખર્ચ ન ખૂટે, ચોર ન લૂંટે, દિન દિન બઢત સવાયો;પાયોજી મૈને રામ રતન વર પાયો. આવી કપરી પરિસ્થિતિમાં પણ એ ભગવાનના ગુણગાન આટલી સ્થિરતા સાથે ગાઈ શકે એ તેમની કૃષ્ણ ભગવાન પ્રત્યેની ભક્તિરૂપી શ્રદ્ધા જ હતી.

આમ, ભગવાનમાં વિશ્વાસ અને શ્રદ્ધા હોય તેને કોઈ પણ પરિસ્થિતિ વિચલિત કરી શકતી નથી. શ્રદ્ધા વ્યક્તિને વિશ્વાસ અને નિર્ભયતા પ્રદાન કરે છે. આ વિશ્વાસ તણાવ અને ચિંતા ઘટાડવામાં મદદરૂપ થાય છે. જેના ફળ સ્વરૂપ તમે દરેક પરિસ્થિતિમાં સ્થિર રહી શકો છો.

છાંદોગ્ય ઉપનિષદમાં ગૌતમ ઋષિએ સત્યકામ નામના શિષ્યને વર્ગના પહેલાં દિવસે કહ્યું, આશ્રમની ૪૦૦ ગાયમાંથી ૧૦૦૦ ગાય થાય ત્યારે તું આશ્રમમાં પરત ફરજે. સત્યકામ ગુરુ પાસે બ્રહ્મવિદ્યા શીખવા આવ્યા હતા, પરંતુ ગુરુના આવા કઠણ આદેશમાં શ્રદ્ધા રાખી એ તો ગાયો લઈ નીકળી ગયા. ગુરુની આજ્ઞા પ્રમાણે એમણે શ્રદ્ધાથી ગાયોની સંભાળ લીધી. અને તેના ફળસ્વરૂપ જ્યારે ૧૦૦૦ ગાયો થઈ ગઈ ત્યારે બ્રહ્મજ્ઞાન તેમને પ્રાપ્ત થઈ ચૂક્યું હતું.

જ્યારે આપણે કોઈ ઉચ્ચ શક્તિ અથવા સિદ્ધાંત પર શ્રદ્ધા રાખીએ છીએ, ત્યારે જીવનની અનિશ્ચિતતાઓ અને પડકારોનો સામનો કરવામાં સરળતા અનુભવીએ છીએ. મહંત સ્વામી મહારાજ કહે છે- શ્રદ્ધા એ વિશ્વાસનો બીજ છે, જે સફળતાના વૃક્ષમાં ફેરવાય છે. શ્રદ્ધા આપણા વિચારો, લાગણીઓ અને કાર્યમાં સ્થિરતા અને સકારાત્મકતા લાવે છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# શ્રી કૃષ્ણનો માખણનો ગોળો તમે જોયો છે?





તામિલનાડુમાં આવેલું મહાબલિપુરમ મંદિરોનું શહેર તરીકે વિખ્યાત છે. આ શહેર તામિલનાડુનાં અતિપ્રાચીન શહેરોમાંથી એક છે. તે મમલ્લાપુરમ તરીકે પણ ઓળખાય છે. ૨૦૧૯માં ચીનના પ્રમુખ શી જિનપિંગની ભારત મુલાકાત વખતે એક બેઠક અહીંયા, પ્રાચીન મંદિરોના સાન્નિધ્યમાં પણ યોજાઈ હતી. નોંધનીય વાત એ છે કે, ૧૯૫૬માં ચાઉ એન-લાઇની ભારત મુલાકાત પછી, ચીની પ્રમુખની આ બીજી મુલાકાત હતી. ચાઉ એન-લાઇ પણ મહાબલિપુરમ ખાતે મુલાકાત માટે આવેલા એ પણ નોંધવું જોઈએ. મમલ્લાપુરમ યુનેસ્કોની એક પ્રખ્યાત વર્લ્ડ હેરિટેજ સાઇટ પણ છે, તેથી આંતરરાષ્ટ્રીય સ્તરે આ શહેરની લોકપ્રિયતા છે.

ખેર, આ તો થઇ શહેરની વાત. શહેરમાં પથ્થરો કોતરીને બનાવેલા ભવ્ય અને દિવ્ય મંદિરો જોવા લાયક છે. પણ આજે આપણે વાત કરીશું એક ભક્તિભાવની, જે અહીંના એક પથ્થર સાથે જોડાયેલો છે. મહાબલીપુરમનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે. અહીં ઘણી બધી જગ્યાઓ છે જે પ્રવાસીઓનું ધ્યાન ખેંચે છે. તેમાંથી એક પ્રાચીન પથ્થર છે, જે કદમાં ઘણો વિશાળ છે. આ પથ્થરને ભગવાન કૃષ્ણનો માખણનો ગોળો પણ કહેવામાં આવે છે. એવું કહેવાય છે કે આ પથ્થર લગભગ ૧૨૦૦ વર્ષ પુરાતન છે. આ પથ્થર હજારો વર્ષોથી એક જ જગ્યાએ ઊભો છે. તેને ખસેડવાના ઘણા પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ બધા નિષ્ફળ રહ્યા હતા. લગભગ ૨૦ ફૂટ ઊંચો અને ૫ મીટર પહોળો એવો આ પથ્થર ૨૫૦ ટન વજનનો હોવાનું માનવામાં આવે છે. પરંતુ આશ્ચર્યની વાત હવે આવે છે. ભૌતિક શાસ્ત્રના નિયમોને ચાતરીને આ પથ્થર માત્ર ચાર ફૂટના વ્યાસ વળી જમીન ને અડીને, તીવ્ર ઢાળવાળી જમીન પર ઉભો છે! તેમ છતાં તેને હલાવવાના કે હટાવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા છે. એટલુંજ નહીં ૨૦૦૪માં ત્યાં આવેલા સુનામી કે તામિલનાડુનાં દરિયા કિનારે વારંવાર આવતા વાવાઝોડા પણ તેને તસુભાર ડગાવી શક્યા નથી.

## કેમ કહેવાય છે શ્રી કૃષ્ણનો માખણનો ગોળો?

એવું કહેવાય છે કે બાળપણમાં ભગવાન કૃષ્ણએ માખણ ખાતી વખતે થોડું માખણ પાડ્યું હતું, જે પછી પથ્થરમાં ફેરવાઈ ગયું છે અને આ જ કારણ છે કે તેને ભગવાન કૃષ્ણનો માખણનો ગોળો કહેવામાં આવે છે. હવે, આપણે સહુ જાણીએ જ છીએ કે, આ પથ્થર ઠેઠ તામિલનાડુમાં છે, અને શ્રી કૃષ્ણની લીલાઓ ઉત્તર ભારતમાં થઇ હતી. એટલે તર્ક લગાડીએ તો આ વાત વાજબી ન જ લાગે. પણ શ્રદ્ધા હોય તો કોઈ પણ પથ્થરમાં પરમેશ્વરના દર્શન થાય અને જો શ્રદ્ધા ન હોય, તો પરમેશ્વર પણ પથ્થર જ લાગે!

## ખડકનો ઈતિહાસ

આ ખડક સાથે જોડાયેલી એક કથા એવી છે કે, ૧૯૦૮માં, મદ્રાસના ગવર્નર આર્થર લોલીએ આ ખડકને દૂર કરવાનો નિર્ણય લીધો કારણ કે તેમને ડર હતો કે આ ખડક પર્વતની ટોચ પરથી પડી જશે અને પર્વતની તળેટીમાં આવેલા શહેરને નુકસાન પહોંચાડશે. તેથી તેણે ખડકને ખસેડવા માટે સાત હાથીઓની મદદ લીધી પણ ખડક તેની જગ્યાએથી એક ઇંચ પણ ખસ્યો નહીં.

એવું કહેવાય છે કે આ પહેલા દક્ષિણ ભારતના યશસ્વી પલ્લવ રાજાઓએ પણ તેને હટાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ અનેક પ્રયાસો પછી પણ તેઓ વિફળ રહ્યા હતા.


કેટલાક લોકો કહે છે કે ખડકની સ્થિરતા 'ઘર્ષણ' અને 'ગુરુત્વાકર્ષણ કેન્દ્ર' ના સિદ્ધાંતને આભારી હોઈ શકે છે. તેઓ માને છે કે ઘર્ષણ ખડકને નીચે સરકતા અટકાવે છે, જેના કારણે તે જમીન પર ટકેલો રહે છે, જ્યારે ગુરુત્વાકર્ષણ કેન્દ્ર તેને નાના સંપર્ક ક્ષેત્રમાં સીધા ઊભા રહેવા માટે જરૂરી સંતુલન આપે છે.

સત્ય જે હોય તે, પરંતુ આ એક અજાયબી છે. ખડકની વિશાળતા સામે આપણે ખરેખર વામન લાગીએ. અને એ જોઈને વિચાર આવે કે જો એક ખડક સામે પણ આપણું અસ્તિત્વ આટલું તુચ્છ લાગતું હોય તો આ બ્રહ્માંડમાં તો આપણી શું હેસિયત. તો શેનું અભિમાન લઈને આપણે ફરીએ છીએ? આ એક ખડકને સાત હાથી હલાવી ન શક્યા અને આપણા કાનુડાએ ટચલી આંગળીએ ગોવર્ધન ઊંચકી લીધો! આ વિચારે જ આપણું શીશ શ્રદ્ધાથી ઝૂકી જાય. કદાચ, કૃષ્ણની આ અસીમ શક્તિ સામે આ ખડક તો તેના માખણના ગોળા જેવો જ લાગે ને! ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# ગણપતિઃ સંગઠન ને શક્તિનું પ્રતીક



મહાભારત વિશે તો તમે સાંભળ્યું હશે.

* માત્ર ભારતમાં નહીં, દુનિયાભરમાં મહાભારત એક કથાકાવ્ય તરીકે જાણીતું છે.

કહે છે કે

* મહાભારતમાં બબ્બે લીટીના એક લાખ શ્લોક છે.

* એ મહાકાવ્ય મહર્ષિ વેદવ્યાસે રચ્યું છે.

* મહર્ષિ વેદવ્યાસ પવનની ગતિએ વિચારી શકતા, પરંતુ એ ઝડપે લખી શકતા નહોતા. એટલે એમને એક કુશળ લહિયાની જરૂર પડી.

લહિયો એટલે તમે મોટેથી બોલીને જેને લખાવી શકો. આજની ભાષામાં એને સ્ટેનોગ્રાફર કહેવાય.

- વેદવ્યાસે સૃષ્ટિના સર્જક બ્રહ્માજીના કાને વાત નાખી.

-મને કોઈ સારો લહિયો બતાવો.

-બ્રહ્માજીએ ગણપતિનું નામ સૂચવ્યું.

-વેદવ્યાસે ગણપતિને નિમંત્રણ મોકલ્યું.

-ગણેશ મળવા આવ્યા ત્યારે વ્યાસજીએ મહાભારત લખવાની પોતાની યોજના તેમને સમજાવી.

-ગણેશજીએ એક શરત રજૂ કરીઃ

* તમારે મને એકધારું અને સતત લખાવું પડશે.

* વચ્ચે વચ્ચે અટકવાનું નહીં.

-આ તો બહુ વિકટ શરત હતી છતાં વ્યાસજીએ સ્વીકારી પણ સામી શરત મૂકીઃ

* ભલે, પરંતુ તમારે વિચાર્યા વગર કશું ટપકાવવાનું નહીં.

* હું ઉતાવળમાં જે બોલી જાઉં તે તમારે સમજી વિચારીને લખવાનું.

-ગણેશજીએ હા પાડી.

-મહાભારતનું સર્જનકાર્ય શરૂ થયું.

-વ્યાસજીએ એક યુક્તિ કરી.

* પચાસ પોણોસો પંક્તિ એક સાથે લખાવે.

* એમાં પાંચ સાત પંક્તિ એવી હોય જેમાં ગણેશે વિચારવું જ પડે.

* સાંભળેલું અવિચારીપણે લખી નખાય નહીં.

* એનો અર્થ વિચારવા ગણેશજી રોકાય એટલી વારમાં વ્યાસજી આગળના પ્રસંગો વિચારી લે અને સ્નાન - ભોજન વગેરે કામ ફટાફટ ઉકેલી નાખે.

-આમ મહિનાઓની એકધારી મહેનત પછી મહાભારત રચાયું.

-આ કથાનો મર્મ સમજવા જેવો છે.

* આજે અંગ્રેજી શાળામાં ભણતાં બાળકોને ઘણીવાર ગણેશનું સ્વરૂપ સમજાતું નથી.

* સૂંપડા જેવા કાન, * ઝીણી આંખો, * મોટું પેટ અને * હાથીનું મોઢું...* આ તે કઈ જાતના દેવ! પરંતુ વ્યાસજી અને મહાભારતવાળો પ્રસંગ ધ્યાનથી વાંચતા ગણપતિના સ્વરૂપનો મર્મ સમજાઈ જશે.

- સૂંપડા જેવા કાન એટલે?

* ગણપતિ નાનામાં નાના અને મોટામાં મોટા માણસની વાત પણ પૂરેપૂરા ધ્યાનથી, ધીરજથી સાંભળે છે, એ બધી વાતો.

* પોતાના સાગર જેવા પેટમાં રાખે છે.

* પોતાની જાસૂસ જેવી ઝીણી નજરથી એનું ખરું-ખોટું ચકાસે છે, ચારેબાજુ નજર રાખે છે.

* પોતાના કાને પડેલી વાતો પેટમાં સાચવી રાખે છે.

* ગમે ત્યાં બોલી નાખતા નથી.

-ઝીણી આંખ એટલે પરિસ્થિતિને સાચા સ્વરૂપમાં સમજવાની વિશેષ શક્તિ. ગણપતિમાં આ શક્તિ હતી માટે બ્રહ્માજીએ તેમના નામની ભલામણ વ્યાસજીને કરી.

-વ્યાસજીએ ગણપતિને મહાભારત લખાવ્યું.

-જગતને એક અદ્ભુત મહાકાવ્યની ભેટ મળી.

-જોકે ગણપતિ તમામ દેવોમાં સૌથી પહેલા પૂજાય છે અને તમામ સંકટો - વિઘ્નોનો નાશ કરે છે. એ વધુ મહત્ત્વનો મુદ્દો છે.

**પ્રેરણાસ્ત્રોતઃ**

-આઝાદીના સંગ્રામમાં લોકોને સામેલ કરવા દરેક દેશનેતાએ પોતપોતાની રીતે પ્રયાસો કર્યા.

-મહારાષ્ટ્રમાં જ્ઞાની નેતા શ્રી લોકમાન્ય ટિળકે ગણેશ ઉત્સવને સાર્વજનિક બનાવ્યો.

* ઉત્સવના અને ધર્મના નામે લોકો જલદી સંગઠિત થાય છે એ હકીકત ટિળક સમયસર સમજી ગયેલા.

એ રીતે

* શેરીઓમાં, * સોસાયટીઓમાં, * મોહલ્લામાં અને * ગામમાં બધા ભેગા થાય છે.

- આમ ગણપતિ

* સંગઠન અને * સંઘશક્તિનું પણ પ્રતીક બની રહ્યા.

- આ દુંદાળા દેવને-કોટિ કોટિ વંદન. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# શ્રીકૃષ્ણની કેટલીક અદ્ભુત ભેટ...



પોતાના જીવનના વિવિધ તબક્કાઓમાં શ્રીકૃષ્ણ દ્વારા ઘણી વાતો સ્થાપિત કરાઈ છે. આ વાતોમાં સાત્ત્વિકતા, નૈતિકતા, આધ્યાત્મિકતા, ધાર્મિકતા, શુદ્ધતા, પવિત્રતા, નિર્દોષતા તથા ઉત્તરદાયિત્વ વણાયેલા છે. તેમના જીવનના દરેક પ્રસંગમાં, તેમના જીવન સાથે સંકળાયેલી દરેક વ્યક્તિ સાથે તેમના સંબંધના સમીકરણમાં, જે તે સમયે ઉચ્ચારાયેલા તેમના પ્રત્યેક કથનમાં, તેમના શબ્દોમાં રૂપાંતરિત ન થયેલ સંદેશામાં, તેમના વ્યક્ત થયેલ અને વ્યક્ત ન થયેલ પ્રેમમાં અને તેમની સમજી શકાય અને ન સમજી શકાય તેવી અભિવ્યક્તિમાં અપાર ઊંડાણ રહેલું છે. શ્રીકૃષ્ણના જીવનની પ્રત્યેક બાબત સમગ્ર સૃષ્ટિ માટે અદ્ભુત ભેટ સમાન છે.

સૃષ્ટિના સમગ્ર જ્ઞાનના પ્રણેતા ઈશ્વરને જ્ઞાન આપવાની તક તો સાંદિપની ઋષિને જ મળી શકી. સમગ્ર સૃષ્ટિનું રક્ષણ કરનારની, ઈજાથી ઘાયલ થયેલ આંગળીને પાટો બાંધવાની તક દ્રૌપદીને જ મળી શકી. સમગ્ર સૃષ્ટિને પોતાની આંગળીઓના ટેરવે નચાવવા સમર્થ ઈશ્વરને માખણની લાલચ આપી ઠુમકા મરાવવાની તક ગોપીઓને જ મળી. સમગ્ર વિશ્વના જીવન નિર્વાહ કરવા માટે અન્ન પૂરું પડે તેની ગોઠવણ કરનાર ઈશ્વરના મોમાં કોળીઓ મૂકવાનું સૌભાગ્ય યશોદાને જ મળ્યું. સામાન્ય કરતાં પણ સામાન્ય કહી શકાય તેવા પૌવા માટે ઈશ્વરને વ્યાકુળ બનાવવાની તક સુદામાને જ મળી. સમગ્ર સૃષ્ટિને ચલાવનાર તે ચાલકની સારથી તરીકે સેવા લેવાની તક અર્જુનને જ મળી.

સમગ્ર સૃષ્ટિ જે ઈશ્વરના પ્રેમ માટે સદાય તત્પર રહે તે ઈશ્વર યશોદાના પ્રેમનો ઈચ્છુક રહ્યો. એક જ સાથે ઈશ્વરની વિરાટતા અને બાલ્યાવસ્થા જોઈ શકાય તેવી પરિસ્થિતિ યશોદા માટે જ ઊભી થઈ. જગતના આધારને આધાર આપવાની તક નંદબાબાને જ મળી. એક સાથે ઈશ્વરને પ્રેમ કરવો અને તેના પર ગુસ્સો કરવો, એ બંને પરિસ્થિતિ ગોપીઓ માટે જ ઊભી થઈ. પ્રેમમાં અસ્તિત્વને સમગ્રતામાં ભૂલી ગયા બાદ કશું જ માગવા જેવું ન રહે તે સત્ય સ્થાપિત કરવાની તક રાધા ને જ મળી. સમક્ષ ન હોવા છતાં પુત્રના અસ્તિત્વની જાણકારી માત્ર જીવનની એક પ્રેરક ઘટના બની રહે તે વાત દેવકી-વાસુદેવ જ સમજી શક્યાં. માગ્યા વગર પણ ઈશ્વર સર્વસ્વ લૂંટાવી દે તે સત્ય તો સુદામા જ પામી શક્યા.

ચોરી કરાયેલ વસ્તુ પણ પ્રસાદ બની જાય તે સત્ય માખણની સમજમાં જ આવી શક્યું. કદાચ, કોઈપણ પ્રકારના પુરુષાર્થ વગર ઈશ્વરના ચરણ-સ્પર્શ માત્રથી અસ્તિત્વ મૂલ્યવાન બની જાય તેની પ્રતીતિ ગોકુલની રજકણને જ થઈ. જો ઈશ્વર સૃષ્ટિમાં લીલા કરવાની ચાહના રાખે તો રાત્રિ પણ કેટલી અદભુત બની શકે છે તેની સમજ તે વખતની શરદ પૂનમને જ પડી. પશુ પણ ઈશ્વરના પ્રેમના એટલા જ હકદાર છે તે સત્ય સૌથી વધુ ગોકુળની ગાયો એ જાણ્યું. અહંકારી ઇન્દ્રનો અહંકાર ઉતારવા પોતે પણ એક સાધન બની શકે છે એ સત્ય ગોવર્ધન પર્વતે જાણ્યું. લાકડાની પોલી છિદ્રાળુ નળી ઈશ્વરના હોઠ પર લાગે તો તેમાંથી સર્જનનું સંગીત ઉદ્ભવે તે વિધાનની સાક્ષી કૃષ્ણની વાંસળી બની. સૃષ્ટિની આ બધી નાની ઘટનાઓ નથી. આનાથી જે સંદેશો મળે છે તેનું ઊંડાણ સમજવાની જરૂર છે.

ભક્તની પ્રતિજ્ઞા પાળવા, પોતાની પ્રતિજ્ઞા ઈશ્વર કેટલી સહજતાથી તોડી નાખે છે તે જોવાની તક ભીષ્મને મળી. જ્યાં કૃષ્ણ અને હનુમાન બિરાજમાન હોય તે રથને ગમે તેટલા પ્રહારથી તસુ જેટલો જ પાછળ ધકેલી શકાય છે તે સમજ કર્ણને મળી. જીવનમાં પુત્ર મોહ કેટલો મોંઘો પડે તે દ્રોણને વ્યવસ્થિત રીતે સમજાવી દેવામાં આવ્યું. ઉચ્ચ ધ્યેય માટે અનુજનું મૃત્યુ પણ સ્વીકારવું પડે તે વાતની ઘટોત્કચ અને અભિમન્યુના પ્રસંગથી પાંડવોને શીખ મળી.

જો વિવેક વિનાનો આદર્શ સ્થાપિત કરવામાં આવે તો સ્વયં ઈશ્વર વધ પણ કરી શકે તે વાત મૃત્યુ પછી પણ બર્બરીકની સમજમાં આવી ગઈ. સારથી જો કૃષ્ણ સમાન હોય તો તેની બધી જ વાતો સમજવી જોઈએ, માનવી જોઈએ, એ વાતની યથાર્થતા અનુભવવાની તક અર્જુનને મળી. ધર્મની સ્થાપના માટે બોલાયેલ અસત્ય પણ ઇચ્છનીય છે તે સત્ય યુધિષ્ઠિરને સમજાઈ ગયું. ઈશ્વર સાથે હોય તો પણ યુદ્ધ તો જાતે જ લડવું પડે તે વાત પાંડવો સમજી ગયા હતાં. સાથે સાથે આ બધી વાત, શ્રી કૃષ્ણ દ્વારા માનવ સમાજને પણ કહી દેવાઈ.

પોતાના ધર્મનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવે તો સ્વયં ઈશ્વર પોતાના અતિથિ બની શકે આ વાત વિદુર સમજી શક્યા. ધર્મ-અધર્મના યુદ્ધમાં નિષ્પક્ષ રહેવું યોગ્ય નથી તે વાત પણ મહાભારતના યુદ્ધના અંત સમયે બલરામજી સમજી શક્યા. સમગ્ર સેના એક તરફ હોય અને સ્વામી બીજી તરફ એકલા, તો પણ જીત સ્વામીની જ થાય તે વાત શ્રીકૃષ્ણની નારાયણી સેના સમજી શકી. ઈશ્વર સ્વયંના શ્રેષ્ઠ સખા હોય તો પણ નિયતિના નિયમો અનુસાર પોતાના પુત્રોનું મૃત્યુ થઈ શકે તે વાસ્તવિકતા દ્રૌપદીએ સ્વીકારવી પડી. સુભદ્રાને થયેલું જ્ઞાન તો એનાથી વધુ ઊંડાણવાળું છે. નિયતિના નિયમ પ્રમાણે પુત્રનું મૃત્યુ તો થઈ શકે, પરંતુ પુત્રના પુત્રનું મૃત્યુ પણ સંભવ છે, એ વાત સુભદ્રા કરતાં વધુ યથાર્થ સ્વરૂપે કોઈ ન સમજી શકે. સાથે સાથે એ પણ સ્થાપિત થાય છે કે જો ઈશ્વરમાં શ્રદ્ધા હોય તો મૃત્યુ પણ પાછું વળી શકે. જો શક્તિને પાછી વાળતા આવડતી ન હોય તો શક્તિનો ઉપયોગ ન કરવો જોઈએ એ વાત મોડે મોડે પણ અશ્વત્થામા સમજી ગયો હશે. શ્રીકૃષ્ણ પોતાના જીવનકાળમાં, પોતાના જીવન દ્વારા સમગ્ર સમાજને જે શીખ આપી ગયા છે તેનો વિસ્તાર અને ઊંડાણ અકલ્પનીય છે.

મહાભારતની યુદ્ધ ભૂમિમાં અર્જુન આગળ સંપૂર્ણ જ્ઞાન પ્રસ્તુત કર્યા પછી પણ જે કંઈ કહેવાનું બાકી રહી ગયું હતું તે સાંભળવાની તક ઉદ્ધવ-ગીતા સ્વરૂપે ઉદ્ધવને જ મળી. એ બધા સાથે વિશ્વ પાસેથી જ્ઞાન મેળવવાનું સૂચન પણ શ્રીકૃષ્ણ દ્વારા જ કરવામાં આવેલું. મહાભારતના મોતી ગણાતી છ ઘટનામાંથી ત્રણમાં તો શ્રીકૃષ્ણ સંમિલિત છે. આ એક વાતથી એ નિર્ધારિત થાય કે શ્રીકૃષ્ણનું જીવન સનાતની સંસ્કૃતિ અને માનવ જાત માટે જરૂરી જ્ઞાનની સ્થાપનામાં કેટલું મહત્ત્વ ધરાવે છે.

શ્રીકૃષ્ણએ દરેકને તક આપી, દરેક પ્રકારની તક આપી, વિવિધ સંભાવનાઓવાળી તક આપી, સ્વીકૃતિ-અસ્વીકૃતિની સ્વતંત્રતાવાળી તક આપી અને જે તે ક્ષમતાની બહારની પણ તક આપી. શ્રીકૃષ્ણએ દરેકને સંદેશો આપ્યો, દરેક પ્રકારનો સંદેશો આપ્યો. લેવા તત્પર હતો તેમને તો આપ્યો જ પરંતુ જે ઉપેક્ષા કરતા હતા તેના માટે પણ સંદેશો સ્થાપિત કર્યો. ક્યાંક આ સંદેશો સિદ્ધાંતલક્ષી રહ્યો, તો ક્યાંક પ્રક્રિયાલક્ષી, તો ક્યાંક પરિણામલક્ષી તો ક્યારેક વ્યક્તિલક્ષી પણ રહ્યો. સમગ્રતામાં માનવ જાતને ચોક્કસ પ્રકારની હકારાત્મક રીતભાત દર્શાવવાની આ પ્રક્રિયા રહી. સમગ્રતામાં જોતાં એમ જણાય છે કે જિંદગીની પ્રત્યેક પરિસ્થિતિ માટે અહીં એક સૂચન છે, જિંદગીના પ્રત્યેક પ્રશ્ન માટે અહીં સંભવિત ઉકેલની ઉપસ્થિતિ છે, જિંદગીના સત્ય માટે અહીં પ્રસ્તુતિ છે. ■

---

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

# પ્રેમી-પ્રિયતમાને ભોગવવી પડતી દૂરતાના દુહા

દુહામાં દામ્પત્યજીવન અને પ્રણયજીવન વિશેની નરી વાસ્તવિક્તાનું નિરૂપણ થતું રહ્યું છે. માનવજીવનમાં વિવિધ અનુભવો થાય એમાંથી એક સત્ય સમજાય, અનુભવજગતમાંથી ઘણું બધું પમાય. એ શાશ્વત સત્ય દુહાના માધ્યમથી ભાવકો માટે આપણી સમક્ષ સુલભ હોય છે. માણસને વિજાતીય પ્રેમ થાય, પ્રેમનો પડઘો હકારાત્મક પડે એમ નકારાત્મક પણ પડે. આખરે એમાં જીવનનું સત્ય, સમજણ સાંપડવા માટેનું અનુભવ જગત પડઘાતું હોય છે. શાશ્વત સત્યને અને અનુભવથી પ્રાપ્ત સમજણને કહો કે ડહાપણને દુહામાં સાંપડતી અભિવ્યક્તિને આસ્વાદીએ.

*પરણવાના પ્રેમમાં, અમને અળગાં કર્યા;*
*હરદાં અમારાં હર્યાં(પછી) તરછોડયાં શું તનથી?*

અમને અળગા કરીને પ્રેમીને પરણ્યા પહેલા અમારું હૃદય હરી લીધું પછી અમને શરીરથી તરછોડયા. અહીં ભારે મોટું તથ્ય, માનવજીવન વ્યવહારનું સત્ય નિરૂપાયું છે. પ્રેમની મજા છે એટલી મનથી પ્રાપ્તિની તૃપ્તિ નથી, હૃદયને પામવું અને શરીરને પામવું એ જુદી જ બાબત છે. અહીં મહિમા પ્રેમનો ગાઈને પછી શારીરિક સુખમાં અનુભવાતી અવહેલના- અવગણનાની વેદનશીલ અનુભૂતિ સ્થાન પામી છે.

બીજા એક દુહામાં તો પ્રેમના અનુભવની આગવી પરિસ્થિતિને કલાત્મક રીતે નિરૂપી છે તેનો આસ્વાદ લઈએ.



*પછેડી બેઠા પાથરી, મેળા હેઠળ મળી;*
*ગોઠડી કરતા ગળી, દુનિયા વિસારી દિલથી.*

મેળામાં મળવાનું બન્યું અને પછેડી પાથરીને પ્રેમી તથા પ્રેમિકા બેઠાં-બેઠાં ગળચટી-વાતોની ગોઠડી કરતા રહ્યા અને દુનિયાને દિલથી ભૂલી જવાઈ. પ્રેમીઓનું મળવું, અભાવભર્યા વાતાવરણમાં પણ સમીપતાનો અનુભવ કરીને મીઠી મધ જેવી વાતો કરવામાં દુનિયાદારોનું ભાન રહેતું નથી હોતું. એનુ આલેખન ભારે કલાત્મક રીતે અહીં દુહામાં થયેલું અવલોકવા મળે છે. બીજા એક દુહામાં પણ આવો જ ભાવ જરા જુદી રીતે નિરૂપાયેલો અવલોકવા મળે છે તેને આસ્વાદીએ.

*પાદર મોરી ફૂલડે, વનમાં મોર્યા અંબ ઠેઠ;*
*ગોરી મોરી ભર જોબને, પિયુચાલ્યો પરદેશ.*

પાદરમાં ફૂલડાં-પુષ્પો-ખીલ્યા હોય, ઠેઠ સુધી વનમાં આંબા મહોર્યા હોય અને ગોરી અર્થાત્ પ્રિયતમા જુવાનીથી મહોરી હોય ત્યારે નિયતિવશ બનીને પ્રિયતમ પરદેશ સીધાવતો હોય છે.

આ એક કઠોર સત્ય છે-વાસ્તવિક્તા છે. બધું લુમઝૂમ છે અને એમાં ખાલીપાનો અનુભવ લેવાનો રહે છે. સભરતા વચ્ચે અભાવનું નિરૂપણ ભારે અસરકારક રીતે થયું છે. આવી અભિવ્યક્તિ જ કવિત્વની, સહજ રીતે રસપૂર્ણ અને રસાનુભવ કરાવવાનું વલણ લોકસાહિત્ય અને દુહાને ચિરંજીવ બનાવનારુ તત્ત્વ છે.

બીજા એક દુહામાં પ્રિયતમાની વિદાયથી પ્રાપ્ત દુઃખને અભિવ્યક્તિ સાંપડેલ છે તેનો આસ્વાદ લઈએ.

*સાજણ ચાલ્યાં સાસરે, આડાં દઈને વન;*
*રાતે ન આવે નીંદરા, દીનાં ન ભાવે અન.*

વ્યવધાન રૂપે - સાજણ-સજની અર્થાત્ પ્રિયતમા શ્વરસુરગૃહે સીધાવી. વનવગડો આડો છે. કંઈ સામે જ નથી, દર્શનસુખ સુલભ નથી. આ કારણથી રાત્રે નિંદ્રા આવતી નથી અને દિવસના ભાગે ખાવું-જમવાનું પણ ભાવતું નથી. પ્રિય અને પ્રિયા ઝંખે છે નીકટતા, એક મેક થવાનું, સાથે રહેવાનું પણ મળે છે દૂરતા. આ વરવી વાસ્તવિક્તાને દુહામાં નિરૂપીને એક શાશ્વત સત્યને નિરૂપીને કડવી વાસ્તવિક્તાની વાત રસપ્રદ રીતે રસાનુભવ પ્રાપ્ત થાય એ રીતે દુહામાં કથી છે. દુહામાંનો આવો ભંડારાયેલ વેદનશીલ ભાવ, સદાય સ્મરણમાં રહી જતો હોય છે. ■

---

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

# ભક્તિ જ એવો માર્ગ છે જે મારા સુધી તમને પહોંચાડશે...

(ગતાંકથી ચાલુ)

ક્રોધિત ગજાસુર ભગવાન શિવને કહે છે, 'દેવાધિદેવ, તમે અન્યાય કરી રહ્યા છો, મેં મેળવેલા વરદાની શસ્ત્રો મારી પાસે છે. હવે તમને કોઈ બચાવી નહીં શકે.' ચેતવણી આપતાં ભગવાન શિવ કહે છે, 'ગજાસુર હજી સમય વિત્યો નથી, સમજી જાઓ અને તમને મળેલાં વરદાનનો ઉપયોગ માનવ કલ્યાણ માટે કરો.' પણ અભિમાની ગજાસુર ભગવાન શિવની ચેતવણીને સમજતો નથી અને ભગવાન શિવશંકરના નામથી જ અસ્ત્ર શસ્ત્ર પ્રકટ કરી ભગવાન શિવ પર હુમલો કરે છે. ભગવાન શિવના નામથી પ્રકટ થયેલું શસ્ત્ર ભગવાન શિવની પ્રદક્ષિણા કરી પરત ફરતાં અચંબિત ગજાસુર ફરી 'જય શિવશંકર અસ્ત્ર શસ્ત્ર પ્રકટ થાઓ' કહી ફરી વધુ શક્તિશાળી બીજું અસ્ત્ર પ્રગટ કરે છે. ભગવાન શિવના નામથી પ્રકટ થયેલું એ શસ્ત્ર પણ ભગવાન શિવની પ્રદક્ષિણા કરી પરત ફરે છે. ભગવાન શિવશંકરના નામથી પ્રકટ થયેલા શસ્ત્રો સાચાં છે કે ખોટાં એનું પરિક્ષણ કરવા ગજાસુર નવા પ્રકટ થયેલા શસ્ત્રને કાશીના બ્રાહ્મણો પર ફેંકે છે. ક્ષણોમાં જ અસંખ્ય બ્રાહ્મણો એ અગ્નિમાં બળી જાય છે. આ જોઈ ભગવાન શિવે પોતાના કમંડળમાંથી જળનો છંટકાવ કરતાં એ શસ્ત્રનો અગ્નિ શાંત પડ્યો. કાશીના બ્રાહ્મણો ભગવાન શિવનો જયજયકાર કરવા માંડયાં. અંતે ભગવાન શિવ ક્રોધાયમાન થાય છે અને કહે છે, 'મૂર્ખ ગજાસુર હવે મારા ધૈર્યનો અંત થવા આવ્યો છે, તારો અંત નિશ્ચિત છે, હજી પણ તને એક મોકો આપ છું. વરદાની શક્તિનો ઉપયોગ લોક કલ્યાણ માટે કર.' પણ ગજાસુરની ના સાંભળતાં ભગવાન શિવનું ત્રિશૂળ ગજાસુરની છાંતીને ચીરીને આરપાર થઈ જાય છે. ગજાસુર ભગવાન શિવના ત્રિશૂળ પર લટકી પડે છે. અંતિમ શ્વાસ લેતો ગજાસુર 'ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય..ના જાપ કરતા કહે છે કે, મારા પિતાનાં મૃત્યુ બાદ ઘણાં વરસોથી પાતાળલોક પર શાસન કરી હું કંટાળી ગયો હતો, તમારા દર્શન માત્ર મારી ઇચ્છા હતી.' ભગવાન શિવ ગજાસુરને કહે છે કે 'તારી અંતિમ ઇચ્છા શું છે?' ગજાસુર કહે છે, 'હે પ્રભુ હું ઇચ્છું છું કે મારા મૃત્યુ બાદ મારા શરીર પરના ગજ ચર્મને આપ એક વખત ધારણ કરો અને તમારા ચરણોમાં શરણું મળે એજ મારી અંતિમ ઇચ્છા છે.' ભગવાન શિવ તથાસ્તુ કહેતાં જ ગજાસુર મૃત્યુને વરતાં ભગવાન શિવ એના ગજચર્મને ધારણ કરે છે. ઉપસ્થિત દેવર્ષિ નારદ, દેવરાજ ઇન્દ્ર, દેવગણ અને કાશિના બ્રાહ્મણો ભગવાન શિવનો જયજયકાર કરે છે.

***

ભગવાન શિવઃ 'દેવરાજ ઇન્દ્ર જાઓ તમારું સ્વર્ગલોક સુરક્ષિત છે. જાઓ લોકકલ્યાણનાં કામોમાં વ્યસ્ત થાઓ.'

ભગવાન શિવનો આદેશ મળતાં જ દેવગણો પોતપોતાના લોક પરત ફરે છે. માતા પાર્વતી અને ભગવાન શિવ પરત કૈલાસ ફરે છે.



માતા પાર્વતીઃ હે સ્વામી આ શું? તમે વેશ પરિવર્તિત કેમ કર્યો?

ભગવાન શિવઃ 'આ ગજચર્મના રૂપમાં ગજાસુર અહીં કૈલાસ આવી પહોંચ્યો છે. એની અંતિમ ઇચ્છા પૂર્ણ કરવા મેં આ ગજચર્મ ધારણ કર્યું છે.'

એ જ સમયે માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરિ વિષ્ણુ, માતા સરસ્વતી, બ્રહ્માજી કૈલાસ પધારે છે. આકાશમાર્ગે માતા લક્ષ્મી અને શ્રીહરિ વિષ્ણુને જતાં જોઈ પાછળ પાછળ આવેલા દેવરાજ ઇન્દ્ર પણ કૈલાસ પધારે છે.

શિવગણો એમને જોતાં જ ત્રિદેવી-ત્રિદેવતાઓનો જયજયકાર કરે છે...

બ્રહ્માજીઃ 'શિવશંકર તમારી ઇચ્છા મુજબ કાર્ય સંપન્ન થયું અને આપની ઇચ્છાથી જ મેં ગજાસુરને કામવિજયના હાથે જ ઉદ્ધાર થવાનું વરદાન આપ્યું હતું.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'શિવશંકર મેં પણ આપની ઇચ્છા મુજબ જ દેવર્ષિ નારદને કોઈ સલાહ ન આપી.'

ભગવાન શિવઃ 'આ પ્રકારે તમે અને બ્રહ્માજીએ મારી ઇચ્છાનું સમ્માન કર્યું, પૃથ્વીવાસીઓના કલ્યાણ માટે આપણે ત્રિદેવોમાં ઇચ્છા અને કાર્યની એકરૂપતા જળવાઈ રહે એ અતિ આવશ્યક છે, બ્રહ્માજી અને શ્રીહરિ તમે ધન્ય છો.'

માતા પાર્વતીઃ 'તમે ત્રિદેવોએ અમને ત્રિદેવીઓને કંઈ કરવાનો અવસર જ ન આપ્યો.'

ભગવાન શિવઃ 'કંઈ કરવાનો અવસર એક વખત નહીં વારંવાર આવશે દેવીઓ. અમને ત્રિદેવોને તમારી એટલે ત્રણે દેવીઓની સહાયતા હંમેશાં રહેવાની જ.

બ્રહ્માજીઃ 'ખરું કહો છો શિવશંકર, ત્રિદેવીઓની સહાયતા સંસારને હંમેશાં રહેશે.'

દેવરાજ ઇન્દ્રઃ 'ગજાસુરના અત્યાચારથી સંસારને મુક્ત કરનારાં ભગવાન શિવને અભિનંદન આપવા અમે અહીં ઉપસ્થિત થયાં છીએ.'

માતા લક્ષ્મીઃ 'હે મહાદેવ આ અવસરે અમે આપના અલૌકિક, અદ્વિતીય અને વિરાટ સ્વરૂપના દર્શન કરવા ઇચ્છીએ છીએ.'

માતા પાર્વતીઃ 'હા સ્વામી, આ અવસરે આપના વિરાટ સ્વરૂપના દર્શન કરવા એ સૌભાગ્યની વાત છે, અહીં ઉપસ્થિત સૌ શિવભક્તો પર કૃપા કરો. અમને આપના અલૌકિક રૂપના દર્શન કરાવો.'

પ્રસન્ન ભગવાન શિવ તેમના અલૌકિક વિરાટ સ્વરૂપના દર્શન કરાવે છે.

ભગવાન શિવઃ 'મારા આ વિરાટ સ્વરૂપના દર્શનની સાથે તમને કોઈ જિજ્ઞાસા હોય તો નિઃસંકોચ અહીં રજૂ કરે.'

દેવરાજ ઇન્દ્રઃ 'ભોળાનાથ મારી અજ્ઞાનતાને માફ કરે, હું શિવતત્ત્વના ઉદ્દેશ્યને સમજવા ઉત્સુક છું.'

ભગવાન શિવઃ 'લોકકલ્યાણ.... લોકકલ્યાણ જ મારા શિવતત્ત્વનો ઉદ્દેશ્ય છે.'

દેવરાજ ઇન્દ્રઃ 'હે ભગવંત હું તો એટલું જ સમજું છું કે, બ્રહ્માજી આ સૃષ્ટિના ઉત્પત્તિકર્તા છે, શ્રીહરિ વિષ્ણુ આ સૃષ્ટિના પાલક અને આપ આ સૃષ્ટિના સંહારક છો. હવે એટલી સમજ થઈ કે શિવતત્ત્વનો ખરો અર્થ લોકકલ્યાણ જ છે પણ... પ્રભુ આ શિવતત્ત્વના રહસ્યને સ્પષ્ટ સમજાવો.'

ભગવાન શિવઃ 'દેવરાજ, એ સત્ય છે કે હું સૃષ્ટિ વિધાનમાં વિનાશનો અધિપતિ છું, મહાકાળ છું, પરંતુ તમે એ સત્ય કેવી રીતે ભૂલી ગયા કે સમુદ્ર મંથનમાંથી નીકળેલા હળાહળ વિષ (ઝેર)ને મારા કંઠમાં સંગ્રહિત કરી સૃષ્ટિના પ્રાણીઓના જીવનની રક્ષા કરી હતી.'

દેવરાજ ઇન્દ્રઃ 'હે મહાદેવ આપની, બ્રહ્માજીની અને શ્રીહરિ વિષ્ણુની ઇચ્છાથી જ સૃષ્ટિની રચના થઈ છે. આપની આ ઇચ્છાનો આધાર શું છે?'

ભગવાન શિવઃ 'આ શિવ ઇચ્છાનો આધાર છે શિવતત્ત્વની સર્વવ્યાપકતા મારામાં સમાયેલી છે તથા હું આ સૃષ્ટિના કણ કણમાં વિદ્યમાન છું. પંચતત્ત્વ અને સત, રજ તમોગુણ મારાથી જ પ્રગટ થાય છે. હું પ્રાણીમાત્રના હૃદયમાં સ્થિત છું. હું સમસ્ત સૃષ્ટિનો આદિ, મધ્ય અને અંત છું.'

દેવરાજ ઇન્દ્રઃ 'હે મહાદેવ, શિવતત્ત્વની ઉત્પતિ કઈ રીતે થઈ તે બતાવવાની કૃપા કરો.'

ભગવાન શિવઃ 'મારી ઉત્પતિને કોઈ દેવતા કે કોઈ ઋષિજન જાણતા નથી, કેમ કે હું આ દરેકનો જનક છું. હું જ આદિ દેવ, પરબ્રહ્મ અને અજન્મા, અવિનાશ અને અનાદિ છું.'

દેવરાજ ઇન્દ્રઃ 'પ્રભુ તમને મેળવવાનો માર્ગ બતાવો.'

ભગવાન શિવઃ 'ભક્તિ'. ભક્તિ જ એવો માર્ગ છે જે મારા સુધી તમને પહોંચાડશે. પ્રેમ તથા સમર્પણ સાથે 'ૐ નમઃ શિવાયઃ'ના પંચાક્ષરી મંત્રના જાપ કરનાર માનવને હું એ જ્ઞાન પ્રાપ્ત કરાવું છું, જેથી એ મારા શિવતત્ત્વને પ્રાપ્ત થઈ જાય છે.' (ક્રમશઃ)■

---

વાર તહેવાર

યોગેશ શાહ
feedback@bombay samachar.com


# બીજાથી કૃષ્ણ ન્યારો કેમ...?

## ...કારણ કે આ જ એક માત્ર ભગવાન એવો છે, જે નાચે છે- ગાય છે- વાંસળી વગાડે છે- રાસ રમે છે ને યુદ્ધ પણ કરે છે...!

'ગર્ગ સંહિતા'ના 'કૃષ્ણાષ્ટકમ્'માં ઋષિ ગર્ગ કહે છે કે, 'શ્રીકૃષ્ણ આ જગત માટે ફક્ત ગુરુ જ નથી, પરંતુ પરમ સખા, પરમ પ્રેમી, ઉત્તમ દૃષ્ટા અને ઉત્તમોત્તમ માર્ગદર્શક પણ છે...'

ચૈતન્ય મહાપ્રભુ કહે છે કે, 'ગીતાના કૃષ્ણ અને કુરુક્ષેત્રના કૃષ્ણની વ્યાપકતાને ભૂલીને આપણે વ્યાસમુનિનો વિશ્વાસઘાત કર્યો છે. કૃષ્ણને વિવિધ કલાઓમાં આપણે બાંધી દીધા છે.' ...કેટલું સુંદર આ વિધાન છે. હા, એ ખરું કે કોઈ પણ કલા કૃષ્ણ વગર અધૂરી છે પણ શું કૃષ્ણને કલાઓમાં જ નીરખવાના છે? કૃષ્ણને આપણા રોજબરોજ જીવનમાં ઉતારવાના નથી? કૃષ્ણએ શું એટલા માટે જન્મ લીધો હતો? માત્ર જન્માષ્ટમી સિવાય શું આપણે કૃષ્ણને દિવસની પળેપળમાં ઉતારી ઉજવી ન શકીએ? પળેપળ કૃષ્ણ સંગાથે છે એવી આસ્થા રાખી પ્રત્યેક કદમ પ્રત્યેક નિર્ણય કૃષ્ણની સંનિધિમાં લેવાનો સંકલ્પ કરીશું તો કૃષ્ણમય જન્માષ્ટમીની ઉજવણી કંઈક અનેરી જ હશે.

એ 'લડુ ગોપાલ' તરીકે લાડ લડાવવાનો છે. અને યમુના તીરે કદમ વૃક્ષ નીચે ગોપી બની નિરપેક્ષ પ્રેમ કરવાનો છે તો રથના પૈડાને સુદર્શન ચક્ર બનાવી કુરુક્ષેત્રમાં પ્રતિજ્ઞા ભંગ કરતા શ્રીકૃષ્ણને આંખો વિસ્તારી નીરખવાના પણ છે. રોમેરોમમાં એના પર વિશ્વાસ હશે તો જીવન સંગ્રામ સહજ જીતી જવાશે. કંસ જેવા આતતાયીના સમયમાં




એણે જન્મ લીધો. અધર્મીઓ, ઉત્પિડકો, રાષ્ટ્રના અંધ શાસકો અને કપટી યુદ્ધ-ઉત્સુક રાજકુમારોની સામે વિદ્રોહ કર્યો. 'ગીતા'માં અર્જુનને પણ કહ્યું ખરું કે,'આતતાયીને હણવામાં અધર્મ નથી' દરેકનો સ્વધર્મ નિરાળો હોય છે એવી ગહન વાત કેવી સહજ રીતે સમજાવી દીધી!

કૃષ્ણ ફક્ત ઉપદેશક જ નથી બની રહ્યા. વ્યાસપીઠ પર બેસી સુફ્ફુ સુફ્ફુ વાતો કરનારા નથી રહ્યા. ઈન્દ્રને પણ પડકારનારા અને સામાન્યજનને પણ લલકારનારા રહ્યા છે. તેથી જ તો ઓશો રજનીશે એમને 'જગતના પ્રથમ ક્રાંતિકારી' કહ્યા છે. રજનીશજી વધુમાં કહે છે કે, 'જગતમાં આ જ એક માત્ર ભગવાન એવો છે જે નાચે છે, ગાય છે, વાંસળી વગાડે છે, રાસ રમે છે અને યુદ્ધ પણ કરે છે.'

બીજા ભગવાનોની કલ્પના કરીએ તો એમની શાંત જ્ઞાનસ્થ મુદ્રા નજરમાં આવે કે એમનો પ્રેમ-કરુણા ભર્યો ચહેરો અને આશીર્વાદ આપતો હાથ નજરે ચડે, જ્યારે કૃષ્ણની કલ્પના કરીએ તો મોરપીંછધારક, વાંસળી હાથમાં લઈ મધુરતાલ છેડતા કૃષ્ણ નજરે ચડે તેથી જ કૃષ્ણ પોતિકો લાગે છે. એને તું-કાર પણ જુગતો નથી લાગતો. રાધાનો કૃષ્ણ...રુક્મિણીનો કૃષ્ણ... દ્રૌપદીનો કૃષ્ણ... યશોદાનો કૃષ્ણ... સુદામાનો કૃષ્ણ અને અર્જુનનો કૃષ્ણ, વગેરે કેટકેટલા આયામમાં વિસ્તરેલો છે કૃષ્ણ ! વૈચારિકો, આધ્યાત્મિક અને ધાર્મિક પ્રવચનોકારોથી માંડીને ભક્તોને પણ એક સરખો પ્રિય રહ્યો છે. સૌએ એને એકસરખો ચાહ્યો છે, આસ્વાદ્યો છે. એટલે જ તો એ પૂર્ણ પુરુષોત્તમ છે !

કૃષ્ણ વૃષ્ણિ સંઘના અધિપતિ હતા. લોકપ્રિય, લોકાધિપતિ લોકતંત્રમાં માનનારા હતા. તેથી જ તો મથુરા અને મગધ જીતીને પણ પોતે એના શાસક થઈને ન બેઠા. મહાભારતના યુદ્ધ દરમિયાનની મુત્સદ્દીગીરી અને વિચક્ષણતા અંગે લોકો કહેતાં - લખતાં થાકતાં નથી. કૃષ્ણ યુદ્ધપિપાસુ ન હતાં તેથી જ તો યુદ્ધ પહેલાં વિષ્ટિકાર થઈ દુર્યોધનની સભામાં ગયા. યુદ્ધની મહાવિભીષિકા, મહાભયાનકતાનો અંદાજ હતો તેથી જ ફક્ત પાંચ ગામ જેટલા ક્ષુલ્લક વળતરમાં યુદ્ધનાં વાદળોને વિખેરવાના પ્રયત્નો કર્યા, પણ મૂર્ખ દુર્યોધનને અભિમાન નડ્યું અને કૃષ્ણને-દૂતને-બાંધવાનો આદેશ આપી દીધો એ સાથે જ પોતાના સર્વનાશને આમંત્રણ આપી દીધું. યુદ્ધ નિવારવાના પ્રયત્નોનું આ પગલું ગભરાયેલો શાંતિવાદ ન હતું પણ વિશાળના લાભ માટે વ્યક્તિગત લાભને સમર્પિત કરવાનું દૂરંદેશી પગલું હતું. સંયમ જાળવી રાખવાનો ઉત્તમ ઉપદેશ પણ જરાસંઘવધ વખતે આપણને એમણે જ આપ્યો છે. ધૃતરાષ્ટ્ર તો પુત્રપ્રેમમાં અંધ હતાં પણ રાજ્ય પ્રતિના કર્તવ્યની ખોટી પ્રતિજ્ઞા માટે ભીષ્મ અને આખી કૌરવ સભા અધર્મના સાથ માટે એટલી જ જવાબદાર હતી. અને તેથી જ સર્વનાશ માટે અર્જુન જવાબદાર નથી એ કુરુક્ષેત્ર મધ્યે લઈ જઈ ભગવદ ગીતામાં સમજાવ્યું. અને નિજધર્મ માટે એને પ્રયુક્ત કર્યો. માનવીય પ્રયત્નોથી માંડી અવતારી કાર્યની ગગન જેવી વિશાળતા આપણને કૃષ્ણમાં દેખાય છે. ધર્મ સ્થાપવાનું અવતારી કાર્ય માટે તો વિશાળ ફલક પર મહાભારત જેવું યુગોપર્યંત યાદ રહે તેવું યુદ્ધ જ અનિવાર્ય બની રહે.

જશોદાને મુખમાં વિશ્વદર્શન કરાવતા કૃષ્ણને, અક્રૂરના જ્ઞાનને ગોપીઓના પ્રેમમાં પીગળાવતા કૃષ્ણને આપણે દર જન્માષ્ટમીએ આત્મસાત કરીએ. રાધાનો પરમપ્રેમી, સુદામાનો પરમસખા, દ્રૌપદીનો પરમમિત્ર અને અર્જુનનો પરમ ઉપદેશક આપણા સૌના જીવનમાં પણ મહારાસનો ઉત્સવ ઉજવી શકે છે તે માટે આપણને કૃષ્ણ 'હું-પણાનાં શસ્ત્ર' ને સમર્પિત કરવા ઉપરાંત આપણા અંતરમાંની રાધાને, સુદામાને, દ્રૌપદીને, અર્જુનને ઉજાગર કરવા કહે છે....! ■

# બુમરાહ એશિયા કપમાં રમશે કે નહીં? સિલેક્ટરોને કહી દીધી 'મન કી બાત'

મુંબઈઃ ટી-૨૦ના એશિયા કપને ત્રણ અઠવાડિયા જ બાકી છે અને એમાં પણ ટીમની જાહેરાતને માંડ બે-ત્રણ દિવસ બાકી રહ્યા છે ત્યારે સૌની નજર ટીમના મુખ્ય બોલર જસપ્રીત બુમરાહ પર છે અને તેના વિશેના એક અહેવાલે અટકળને શાંત પાડી દીધી છે.

વાત એવી છે કે બુમરાહ ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપ બાદ ભારત વતી વાઇટ-બૉલ ક્રિકેટ મૅચોમાં નથી રમ્યો. જોકે એ વિશ્વ કપમાં તેણે રોહિત શર્માના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમને ટાઇટલ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને તેણે પાકિસ્તાન સામેની મૅચમાં ત્રણ વિકેટ લઈને મૅચ-વિનિંગ પર્ફોર્મ કર્યું હતું એટલે નવમી સપ્ટેમ્બરે યુએઇમાં શરૂ થનારા એશિયા કપમાં તેના રમવા વિશે જાત જાતની અટકળો થતી હતી. પાકિસ્તાની ટીમની પણ તેની ફિટનેસ પર નજર હશે, પરંતુ એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ



મુજબ બુમરાહે અજિત આગરકરના નેતૃત્વ હેઠળની સિલેક્શન કમિટીને વાકેફ કરી દીધી છે કે તે પૂર્ણપણે ફિટ છે અને એશિયા કપમાં રમવા માટે ઉત્સુક છે.

મંગળવાર, ૧૯મી ઑગસ્ટે ટીમની જાહેરાત થવાની છે એવા અહેવાલ વચ્ચે બુમરાહે એશિયા કપમાં રમવા માટે પોતે ઉપલબ્ધ છે એવું કહી દીધું હોવાનું મનાય છે. હવે બુમરાહના નામ પર ખાસ કંઈ ચર્ચા થવાની સંભાવના નથી અને ટીમમાં તેનું આપોઆપ સિલેક્શન થઈ જ જશે.

બુમરાહે ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ૧૪ રનમાં ત્રણ વિકેટ લેવા ઉપરાંત સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં ૧૮ રનમાં બે વિકેટ લીધી હતી. આગામી એશિયા કપમાં ભારત-પાકિસ્તાનની લીગ મૅચ ૧૪મી સપ્ટેમ્બરે રમાશે. એ ઉપરાંત, ૨૧મી સપ્ટેમ્બર અને ૨૮મી સપ્ટેમ્બરે પણ બન્ને દેશ વચ્ચે ટક્કર થવાની સંભાવના છે.

એક આધારભૂત સૂત્રએ આપેલી માહિતી મુજબ નવમી સપ્ટેમ્બરે શરૂ થનારા એશિયા કપ માટે ભારતમાં ટ્રેઇનિંગ કૅમ્પ રાખવાને બદલે ભારતીય ટીમ ત્રણ-ચાર દિવસ વહેલી યુએઇ પહોંચી જશે કે જેથી ખેલાડીઓ યુએઇની પરિસ્થિતિને અનુકૂળ થઈ શકે. ૧૦મી સપ્ટેમ્બરે ભારતની પ્રથમ મૅચ યુએઇ સામે જ રમાવાની છે. ■

## બાબર સ્પિન સામે નબળોઃ રિઝવાન પણ ટીમમાં નહીં

કરાચીઃ પાકિસ્તાને યુએઇ અને અફઘાનિસ્તાન સામે રમાનારી ટી-૨૦ની ટ્રાય-સિરીઝ માટે તેમ જ ટી-૨૦ના એશિયા કપ માટે ટીમની જાહેરાત કરી, જેમાં બાબર, રિઝવાનને નથી સમાવવામાં આવ્યા. સ્પિન બોલિંગ સામે રમવામાં બાબરની જે નબળાઈ છે તેમ જ તેનો સ્ટ્રાઇક-રેટ જે રીતે નબળો રહે છે એમાં સુધારો લાવવાનું તેને કહેવામાં આવ્યું છે.

**પાકિસ્તાનની ટીમઃ** સલમાન આગા (કૅપ્ટન), મોહમ્મદ હારિસ (વિકેટકીપર), ફખર ઝમાન, અબ્રાર અહમદ, ફહીમ અશરફ, હારિસ રઉફ, હસન અલી, હસન નવાઝ, હુસૈન તલત, ખુશદિલ શાહ, મોહમ્મદ નવાઝ, મોહમ્મદ વાસિમ, સાહિબઝાદા ફરહાન, સઈમ અયુબ, સલમાન મિર્ઝા, શાહીન શાહ આફ્રિદી અને સુફિયાન મુકીમ. ■

# અસ્સલ ધોની જેવો દેખાતો તેનો હમશકલ ભાવુક થતાં બોલ્યો, 'હું મારા હાથનું લૅમિનેશન કરાવી લઈશ'

નવી દિલ્હી ભૂતકાળમાં સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને રોહિત શર્માના હમશકલ વિશે આપણને ઘણું રસપ્રદ જાણવા મળ્યું હતું, પણ અસ્સલ મહેન્દ્ર સિંહ ધોની જેવા દેખાતા રિષભ માલાકારની પ્રતિક્રિયા સાવ જુદી છે.

થોડા દિવસથી તે સોશ્યલ મીડિયામાં છવાઈ ગયો છે. તે માહી જેવો દેખાય છે એટલું જ નહીં, માહીને મળીને તે ભાવુક થઈ ગયો છે અને પોતાનો અનોખો ભાવ તેણે એક વીડિયોમાં વ્યક્ત કર્યો છે.

અનેક ખૂબીઓ અને અસરદાર પ્રતિભા ધરાવતો માહી જેવો બીજો ક્રિકેટર ભારતીય ક્રિકેટને નથી મળ્યો. આ ક્રિકેટ-લેજન્ડ અને 'કૂલ કેપ્ટન'ને મળીને કોઈ પણ સામાન્ય વ્યક્તિ ભાવવિભોર થઈ જાય અને પોતાને ગૌરવશાળી માને, પરંતુ રિષભ માલાકારની વાત સાવ નોખી છે.



ધોની જેવો જ દેખાતો રિષભ માલાકાર (વચ્ચે અને એકદમ જમણે) સૉફ્ટવેર એન્જિનિયર છે અને ઇન્દોરમાં રહે છે. તેની સ્ટાઇલ ધોની જેવી જ છે. ઇન્સ્ટાગ્રામ પર તેના ૧,૫૦,૦૦૦ ફૉલોઅર્સ છે.

પાંચ વર્ષથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નિવૃત્ત થયેલો ૪૪ વર્ષનો એમએસ ધોની ક્રિકેટ જગતનો એકમાત્ર એવો કેપ્ટન છે જે વન-ડેનો વર્લ્ડ કપ, ટી-૨૦નો વર્લ્ડ કપ તેમ જ ચૅમ્પિયન્સ ટ્રૉફીનું ટાઇટલ જીત્યો છે.

ધોનીના યુવાન ચાહક રિષભ માલાકારે એક વીડિયોમાં કહ્યું છે કે 'સોચ રહા હૂં યે વાલે હાથ કો લૅમિનેશન કરા લેતા હૂં. યા કુછ ઐસા કી ફોટો કોપી રખ લેતા હૂં ઈસ કી. માહી સરને હાથ મિલાયા હૈ ભાઈ ઇસસે. યે વાલે હાથ સે માહી સર કે હાથ ટચ હુએ હૈ.' ■

# ગંભીર ઈજામાં ખેલાડીનું રિપ્લેસમેન્ટઃ બીસીસીઆઇના નવા નિયમનું આઇસીસી અનુકરણ કરશે?

### ▸ સિરિયસ ઇન્જરીવાળો ખેલાડી વધુ રમીને પોતાને મુસીબતમાં ન મૂકે એવો ક્રિકેટ બોર્ડનો હેતુ

નવી દિલ્હીઃ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ ગંભીર રીતે ઈજા પામતા ખેલાડીઓના સ્થાને તેના જેવા જ વર્ગના ખેલાડી (લાઇક-ફૉર-લાઇક)ને એ જ મૅચમાં રમવાની છૂટ આપતી જોગવાઈ ધરાવતો નિયમ અપનાવ્યો છે. આગામી સીઝનથી આ નિયમ ડોમેસ્ટિક ટૂર્નામેન્ટની એક કરતાં વધુ દિવસની મૅચોને લાગુ પડશે.

તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટમાં વિકેટકીપર રિષભ પંત પગમાં ફ્રૅક્ચર હોવા છતાં (આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ગંભીર ઈજાવાળા ખેલાડીના રિપ્લેસમેન્ટ તરીકે બીજા પ્લેયરને બોલાવવાની છૂટ ન હોવાને કારણે) બૅટિંગ કરવા માટે મેદાન પર આવ્યો હતો અને પંતના આ ઉદાહરણને ધ્યાનમાં રાખીને બીસીસીઆઇએ ડોમેસ્ટિક ક્રિકેટમાં નવો નિયમ દાખલ કર્યો છે કે જેથી કોઈ પ્લેયર ગંભીર ઈજા હોવા છતાં રમીને પોતાને વધુ મુસીબતમાં ન મૂકે.

રાજ્યોના ક્રિકેટ ઍસોસિયેશનોને જણાવી દેવામાં આવ્યું છે કે 'જો કોઈ ખેલાડીને મૅચ દરમ્યાન શરીરના કોઈ ભાગમાં ગંભીર ઈજા (ફ્રૅક્ચર, ઊંડો કાપો, હાડકું ઊતરી જવું વગેરે) થઈ હોય અને તે પ્લેયર એ મૅચમાં વધુ રમવા માટે ઉપલબ્ધ ન હોય તો તે ઈજાગ્રસ્ત ખેલાડીના સ્થાને (મૅચ-રેફરી કે મેદાન પરના ડૉક્ટર સાથે સલાહ મસલત કરીને) લાઇક-ફૉર-લાઇક ખેલાડીને મૅચની બાકીની રમત રમવા માટે બોલાવી શકાશે.'

આગામી ૨૮મી ઑગસ્ટે શરૂ થનારી દુલીપ ટ્રૉફીથી બીસીસીઆઇનો આ નવો નિયમ અમલી બનશે. મૅચના ટૉસ વખતે સબસ્ટિટ્યૂટ્સ તરીકે જે ખેલાડીઓનાં નામ આપવામાં આવ્યાં હશે એમાંના જ લાઇક-ફૉર-લાઇક પ્લેયરને ઈજાગ્રસ્ત પ્લેયરના સ્થાને રમવા બોલાવી શકાશે.

આંતરરાષ્ટ્રીય મૅચોમાં હાલમાં માત્ર બે કારણસર ખેલાડીના રિપ્લેસમેન્ટની છૂટ છે. જો કોઈ ખેલાડી કંકશન (માથાની ઈન્જરી)નો કે કોવિડ-૧૯ના વાઇરસનો શિકાર બને તો તેના સ્થાને અન્ય ખેલાડીને રમવા બોલાવી શકાય છે. ■

# મેસી પગના દુખાવા છતાં રમ્યો? ગોલ કર્યો, પણ બીજી ઘણી તક ગુમાવી

ફૉર્ટ લૉડરડેલ (અમેરિકા): લિયોનેલ મેસી ઈજામુક્ત થયા બાદ રવિવારે અમેરિકાની મેજર લીગ સૉકર (એમએલએસ) ફૂટબૉલ સ્પર્ધામાં ફરી રમ્યો અને એક ગોલ કરીને તેમ જ એક ગોલ કરવામાં સાથી ખેલાડીને મદદ કરીને તેણે ઇન્ટર



માયામીને એલએ ગૅલેક્સી ટીમ સામે ૩-૧થી વિજય અપાવવામાં સૌથી મોટું યોગદાન આપ્યું હતું, પરંતુ મૅચ દરમ્યાન તેને પગમાં થોડો દુખાવો હોવાનું જણાયું હતું તેમ જ અમુક તબક્કે તેણે વધુ ગોલ કરવાની તક પણ ગુમાવી હતી.

આગામી ડિસેમ્બરમાં ભારતના પ્રવાસે આવનારો મેસી પગના સ્નાયુઓ ખેંચાઈ જવાને કારણે એમએલએસની બે મૅચ નહોતો રમ્યો. રવિવારની મૅચમાં તે છેક સેકન્ડ-હાફમાં રમવા આવ્યો હતો અને ૮૪મી મિનિટમાં ગોલ કરીને ઇન્ટર માયામીને ૨-૧થી સરસાઈ અપાવી હતી.

ત્યાર બાદ મેસીએ ૮૯મી મિનિટમાં પગની એડીથી બૉલ લુઇસ સુઆરેઝ તરફ મોકલ્યો હતો અને સુઆરેઝે ગોલ કરીને માયામીને સરસાઈ ૩-૧ની કરી આપી હતી. એ પહેલાં, મૅચનો પ્રથમ ગોલ માયામીના જૉર્ડી અલ્બાએ ૪૩મી મિનિટમાં કર્યો હતો. ત્યાર પછી ૫૯મી મિનિટમાં એલએ ગૅલેક્સીના જૉસેફ પેઇન્ટસિલે ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો જેને પગલે મેસીના મૅજિકની મદદથી માયામીએ છેવટે ૩-૧થી વિજય મેળવ્યો હતો.

મેસીએ એમએલએસની વર્તમાન સીઝનમાં માયામી વતી કુલ ૧૯ ગોલ કર્યા છે જે આખી ટૂર્નામેન્ટના તમામ ફૂટબોલર્સમાં હાઇએસ્ટ છે. મેસી અને તેના સાથીઓના આ પર્ફોર્મન્સથી માયામીની ટીમ પૉઇન્ટ્સ-ટેબલમાં છઠ્ઠા નંબર પરથી ચોથા ક્રમે આવી ગઈ છે. ■

### ધોની ટીમ ઇન્ડિયાનો કોચ બનશે એવી અટકળ

# આકાશ ચોપડાએ અટકળો વચ્ચે કહ્યું, 'મને નથી લાગતું કે માહી આ મુશ્કેલ જવાબદારી સ્વીકારશે'

નવી દિલ્હીઃ મહેન્દ્ર સિંહ ધોની ૨૦૨૧ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની ટીમનો મેન્ટર બન્યો હતો અને હવે ગૌતમ ગંભીરના કોચિંગમાં ટીમ ઇન્ડિયાએ (હાર-જીતનાં) મિશ્ર પરિણામો બતાવ્યા છે એ જોતાં હવે એવી વાતો ચગી છે કે ધોની થોડા સમયમાં ભારતનો હેડ-કોચ બની જાય તો નવાઈ નહીં લાગે, પરંતુ ધોનીના જ ભૂતપૂર્વ સાથી ખેલાડી આકાશ ચોપડાનું કંઈક જુદું જ માનવું છે.

ધોનીએ પાંચ વર્ષ પહેલાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાનું સદંતર છોડી દીધું હતું અને ત્યારથી માત્ર આઇપીએલમાં જ રમે છે અને વર્ષના ૧૦ મહિના પરિવાર સાથે એન્જૉય કરે છે.

ધોની આઇપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને પાંચ ટાઇટલ અપાવ્યા પછી આ ટીમની કૅપ્ટન્સી સત્તાવાર રીતે છોડી ચૂક્યો છે, પરંતુ ૨૦૨૫ની આઇપીએલમાં ઋતુરાજ ગાયકવાડ ઈજા પામતાં ધોનીએ સ્પર્ધા દરમ્યાન સીએસકેની પોણા ભાગની મૅચોમાં નેતૃત્વ સંભાળવું પડ્યું હતું. તે ઘૂંટણની સર્જરીને કારણે ૨૦૨૪ની અને ૨૦૨૫ની આઇપીએલમાં પણ નહોતો રમવા માગતો, પરંતુ કરોડો ચાહકોની ઇચ્છાને કારણે હજી રમતો રહ્યો છે અને ૨૦૨૬ની આઇપીએલ વિશે તેણે કહ્યું છે કે તે ડિસેમ્બર સુધીમાં એ વિશે નિર્ણય લેશે.

ભૂતપૂર્વ ઓપનર આકાશ ચોપડાએ એક યુટ્યૂબ વીડિયોમાં કહ્યું છે કે 'ધોની વિશે જે કંઈ કહેવાઈ રહ્યું છે એ મને વધુ પડતું લાગે છે. કોચિંગની જવાબદારી સંભાળવી બહુ મુશ્કેલ કામ છે. મને નથી લાગતું કે તેને આ હોદ્દો સ્વીકારવામાં રસ હશે. કોચિંગનું કામ જે સંભાળે તેણે વર્ષ દરમ્યાન પરિવારથી દૂર રહીને ખેલાડી જેટલું જ વ્યસ્ત રહેવું પડે અને કયારેક તો પ્લેયરથી પણ વધુ સમય બિઝી રહેવું પડે. જે ખેલાડી વર્ષો સુધી રમ્યો હોય અને પછી વર્ષ દરમ્યાન મહિનાઓ સુધી ફૅમિલી સાથે જિંદગી માણતો હોય તે ફરી આટલી મોટી જવાબદારી ન પણ સ્વીકારે. એટલે જ તો ઘણા ખેલાડીઓ નિવૃત્તિ પછી કોચિંગની જવાબદારી નથી લેતા હોતા. આઇપીએલમાં પ્રશિક્ષકે બે મહિના આપવાના હોય, પરંતુ ફુલ-ટાઇમ ભારતીય કોચ બનનારે વર્ષના ૧૦ મહિના આપવા પડે.'

આકાશ ચોપડાનું કહેવું છે કે જો ધોની ભારતીય ક્રિકેટને વધુ યોગદાન આપવા માગતો હશે તો જ કોચ બનવાનો વિચાર કરશે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરોધી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગઠ્ઠો | કૃતજ્ઞ |
| ગદ્દાર | લૌકિક |
| ગફલત | ઉકેલ |
| ગડમથલ | રજકણ |
| ગજબનાક | સાવધ |

### ઓળખાણ પડી?

લાવાના પથ્થરમાંથી તૈયાર થયેલું વિશ્વના સૌથી વિશાળ બૌદ્ધ મંદિરોમાં સ્થાન ધરાવતું બોરોબુદુર બૌદ્ધ મંદિર કયા દેશમાં છે?



અ) ઈન્ડોનેશિયા બ) નેપાળ ક) મલેશિયા ડ) તિબેટ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ત્ય | ૨ ભા | મા | ■ | ૩ રુ | ક્ષ્મ | ણી | ■ | ૪ દ્રૌ |
| ત્ય | ■ | નુ | ■ | ૫ ય | ક્ષ | ■ | ■ | ૬ લ | પ |
| ૭ વ | હે | મ | ■ | શો | ■ | ૮ સ | પ્ત | પ | દી |
| તી | ■ | ૯ તી | ૧૦ ક | મ | ■ | મ | ■ | સિં | ■ |
| ■ | ૧૧ વા | ■ | ૧૨ સ | તી | ત્વ | ■ | ૧૩ મ | દ | ૧૪ દે |
| ૧૫ જાં | ઘ | ■ | ર | ■ | ■ | ૧૬ ક | લ | ર | વ |
| બુ | ■ | ૧૭ ર | તી | ૧૮ ભ | ર | ■ | મ | ■ | કી |
| ૧૯ વ | ર | ■ | ■ | દ્રા | ■ | ૨૦ લાં | ■ | ૨૧ ન | ■ |
| તી | ■ | ૨૨ સુ | ૨૩ પ | ■ | ૨૪ અં | બા | ૨૫ લિ | કા | ■ |
| ■ | ૨૬ ગાં | ધા | રી | ■ | બા | ■ | ૨૭ સુ | ર | જ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | | ૪ | ■ | ૪-અ |
| ૫ | | ■ | ■ | ૬ | | ■ | | ■ | |
| ■ | ■ | ૭ | | | ■ | ૮ | | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| | ■ | | ■ | | ■ | ૧૩ | ૧૩-અ | | ■ |
| ૧૪ | | ■ | ૧૫ | ■ | ૧૬ | | | ■ | ૧૭ |
| | ■ | ૧૮ | | ૧૯ | | ■ | | ■ | |
| ■ | ૨૧ | ■ | ૨૨ | | ■ | ૨૩ | | | |
| ૨૪ | ■ | ૨૫ | | ■ | ૨૬ | ■ | | ■ | ■ |
| ૨૭ | | | ■ | ૨૮ | | ■ | ૨૯ | | |

**આડી ચાવી**

૧. કૃષ્ણના પિતા (૪)
૩. કૃષ્ણનો પાંડવ મિત્ર (૩)
૫. ઉપયોગ, જરૂર (૨)
૬. એક ડઝનમાં બાર --- હોય (૨)
૭. સહાય (૩)
૮. આગતા સ્વાગતા (૪)
૧૦. અભિમાન (૩)
૧૧. એક અનાજ (૩)
૧૨. કોમ્પ્યુટરની ટૂંકા ગાળાની યાદશક્તિ (૨)
૧૩. કુશળ, તજજ્ઞ (૩)
૧૪. સૌંદર્ય (૨)
૧૬. કિરણ, ગ્રહયોગ, કાન (૩)
૧૮. કૃષ્ણને ૧૦૧ ગાળો આપનાર (૪)
૨૨. હમણાં નહીં (૨)
૨૩. કૃતજ્ઞતા (૪)
૨૫. નિયમ (૨)
૨૭. કૃષ્ણનો પુત્ર, જેનું અપહરણ થયેલું (૩)
૨૮. કૃષ્ણના મામા (૨)
૨૯. કૃષ્ણનો આજીવન યાદવ મિત્ર (૩)

**ઊભી ચાવી**

૧. ઝેર (૨)
૨. રાબ, ભડકી (૨)
૩. ગમન ન કરી શકે એવું (૨)
૪. નદીમાંથી --- વાટે ખેતરમાં પાણી જાય (૩)
૪-અ. કૃષ્ણના મોટા ભાઇ (૪)
૬. કૃષ્ણના પાલક પિતા (૪)
૭. જીદ (૩)
૮. સંબંધ, પ્રયોજન મતલબ (૪)
૯. ઝેર--- પાત્ર મીરાંને આપ્યું (૩)
૧૦. કૃષ્ણનો પૌત્ર, ઓખાનો પતિ (૪)
૧૩-અ. પડતર જમીન (૬)
૧૫. વિષ્ણુને સુદર્શન ચક્ર આપનાર (૪)
૧૬. વિધિ, યુક્તિ, કળ (૨)
૧૭. કૃષ્ણને વૃંદાવનથી મથુરા લાવનાર (૩)
૧૯. ફરીથી, પુનઃ (૨)
૨૧. મને બહુ નવાઇ લાગી (૧)
૨૪. કૃષ્ણનો --- મિત્ર - સુદામા (૨)
૨૫. ઉતરતું (૨)
૨૬. વસ્તુ (૨)

### ગુજરાત મોરી મોરી રે

મરાઠા આર્કિટેક્ચરની સુંદરતા દર્શાવતું તાંબેકર વાડા ગુજરાતના કયા શહેરમાં છે? અહીંનાં ભીંતચિત્રો પ્રખ્યાત છે.

અ) રાજકોટ બ) વડોદરા
ક) જામનગર ડ) નડિયાદ

### માતૃભાષાની મહેક

'ભલે ઉગ્યા ભાણ, ભાણ તુમ્હારા ભાવણાં, જનમ મરણ લગ માણ, રાખો કશ્યપરાઉત.' ભાણ એટલે સૂર્ય. માણ એટલે સ્વમાન, ગર્વ. સૂરજ શક્તિનું પ્રતીક છે. સૂર્યોદયથી રાજી થયેલો કાઠિયાવાડી વીર કહે છે હે કશ્યપરાઉત (સૂર્ય) આયુષ્યમાં વીરતાના પ્રદર્શનમાં ક્યાંય ઊણા ન ઉતરીએ એટલી શક્તિ અમને આપજો.

### સુડોકુ-૯૦૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | ૭ | | | ૪ | |
| | | | | | ૮ | ૩ | | ૫ |
| | | | ૪ | | | | | ૬ |
| | | ૬ | ૨ | ૪ | | | ૭ | ૮ |
| | ૪ | | ૮ | | ૬ | | ૧ | |
| ૨ | ૮ | | | ૧ | ૭ | ૯ | | |
| ૧ | | | | | ૫ | | | |
| ૭ | | ૮ | ૧ | | | | | |
| | ૫ | | | ૩ | | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૮ | ૩ |
| ૭ | ૩ | ૮ | ૪ | ૫ | ૯ | ૧ | ૬ | ૨ |
| ૬ | ૧ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ | ૯ | ૪ |
| ૮ | ૬ | ૩ | ૧ | ૨ | ૫ | ૪ | ૭ | ૯ |
| ૯ | ૨ | ૪ | ૬ | ૭ | ૮ | ૩ | ૧ | ૫ |
| ૧ | ૭ | ૫ | ૯ | ૩ | ૪ | ૬ | ૨ | ૮ |
| ૩ | ૯ | ૧ | ૮ | ૪ | ૭ | ૨ | ૫ | ૬ |
| ૫ | ૮ | ૭ | ૩ | ૬ | ૨ | ૯ | ૪ | ૧ |
| ૨ | ૪ | ૬ | ૫ | ૯ | ૧ | ૮ | ૩ | ૭ |

### ઈર્શાદ

કોને કહું? છું એકલો!
રૂપની રંગત બધી જોઈ રહું છું એકલો!
--- *નિરંજન ભગત*

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'એક તો આનંદ છે મારા ઉરને રે લોલ' વાક્યમાં ઉર શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) ઉંમર બ) હૃદય ક) દિમાગ ડ) સ્વમાન

### માઈન્ડ ગેમ

ઊંધા લટકતા તેમજ અવાવરુ અને બંધ મકાનોમાં થતા રાત્રિગામી વાગોળની જાતના પ્રાણીનું નામ ઓળખી કાઢો.

અ) ગીધ બ) સારસ
ક) ચામાચીડિયું ડ) ઢેલ

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ખંડિત | અભંગ |
| ખંતીલું | લાપરવા |
| ખડતર | કમજોર |
| ખફા | ખુશ |
| ખરીદી | વેચાણ |

ગુજરાત મોરી મોરી રે: વિરમગામ

ઓળખાણ પડી?: મુનસર તળાવ

માઈન્ડ ગેમ: કાકાકૌઆ

ચતુર આપો જવાબ / અર્થ જણાવો: મુસાફર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ડો. પ્રકાશ કટકિયા (૭) મુલરાજ કપૂર (૮) સુભાષ મોમાયા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આસર (૧૧) નિખીલ બંગાળી (૧૨) અમીષી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ દોશી (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) રમેશ દલાલ (૧૯) હીના દલાલ (૨૦) ઈનાક્ષી દલાલ (૨૧) જ્યોત્સના ગાંધી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) હર્ષા મહેતા (૨૪) વિપીન શાહ (૨૫) ધવલ શાહ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જીત શાહ (૨૮) મહેન્દ્ર લોઢાવીયા (૨૯) ભાવના કર્વે (૩૦) પ્રવીણ વોરા (૩૧) મહેશ દોશી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અંબરીષ ઓઝા (૩૫) પુષ્પા ખોના (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) અરવિંદ કામદાર (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતીન જે. બજેરીયા (૪૨) કમલ માતલિયા (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નિતા દેસાઈ

# લાડકી લેક, લાડકી બહિણ પછી લાડકી સુનબાઈ યોજના

## રાજ્ય સરકારની ઘરે-ઘરે થઈ રહેલા નણંદ-ભોજાઈના ઝઘડા ટાળવાનો હેતુ કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં વિજયની સીડી?

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારે ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પહેલાં 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' શરૂ કરી હતી. આ યોજના હેઠળ, પાત્ર મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ યોજનાને સમગ્ર મહારાષ્ટ્રમાંથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ખૂબ જ લોકપ્રિય યોજનાને કારણે મહાયુતિ સરકાર વિધાનસભા ચૂંટણી જીતી હતી. આ પહેલાં સરકારે લાડકી લેક યોજના ચાલુ કરી હતી, જેમાં દીકરીઓને ભણવા માટેની આર્થિક સહાય આપવામાં આવે છે. લાડકી બહિણ યોજના પછી, એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકાર હવે લાડકી સુનબાઇ યોજના શરૂ કરવાનું વિચારી રહી છે.

'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' મહાયુતિ સરકારની ખૂબ જ લોકપ્રિય અને મહત્વાકાંક્ષી યોજના છે. આ યોજનાની સફળતા પછી, એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકાર હવે 'લાડકી સુનબાઇ યોજના' શરૂ કરશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે આ યોજનાની જાહેરાત કરશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સરકાર આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં લાડકી સુનબાઇ યોજનાની જાહેરાત થોડી વહેલી (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ સહિત કોંકણમાં મંગળવાર સુધી ભારે વરસાદની ચેતવણી

## પવઈ, ફોર્ટ, બોરીવલી વિસ્તારોમાં ૧૦૦ મિ.મી. થી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સતત બે દિવસ સુધી મુશળધાર વરસાદ પડયા બાદ હવામાન વિભાગે આગામી ૪૮ કલાક સુધી એટલે કે મંગળવાર ૧૯ ઑગસ્ટ સુધી ભારે વરસાદ પડવાની શક્યતા વ્યકત કરી છે. મંગળવાર સુધી મુંબઈ માટે ઓરેન્જ અલર્ટ રહેશે. તો આગામી પાંચ દિવસ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદની શક્યતા પણ હવામાન ખાતાએ વ્યકત કરી છે.

બંગાળની ખાડી પર સર્જાયેલા લો પ્રેશરની અસર હેઠળ મુંબઈ સહિત રાજ્યમાં ભારે વરસાદ પડી રહ્યો છે, જેમાં આગામી શુક્રવારથી શનિવાર વહેલી સવારના માત્ર ત્રણ કલાકમાં મુંબઈમાં લગભગ ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. શનિવાર સવારથી વરસાદનું જોર થોડું હળવું રહ્યું હતું. મુંબઈમાં રવિવાર સવાર (જુઓ પાનું ૪) ▶▶



**તૈયારી તહેવારોનીઃ** જન્માષ્ટમીનો તહેવાર પૂરો થયો અને ગણેશોત્સવ આવી રહ્યો છે ત્યારે રવિવારની રજાને ધ્યાનમાં રાખીને દાદરની માર્કેટમાં ગણેશોત્સવની ખરીદી માટે ભારે ભીડ જોવા મળી હતી. (અમય ખરાડે)

# કબૂતરોને નિયંત્રિત માત્રામાં ચણ આપવાની તૈયારી

## સુધરાઈએ નાગરિકો પાસે વાંધા અને સૂચનો મગાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કબૂતરોને નિયંત્રિત માત્રામાં (કંટ્રોલ ફીડિંગ) ખાદ્ય પદાર્થ આપવા બાબતે મુંબઈ મહાનગર પાલિકા વિચાર કરી રહી છે. આ બાબતે આવેલી ત્રણ અરજી પર મુંબઈ હાઈ કોર્ટના આદેશ અનુસાર પાલિકાએ નાગરિકો પાસેથી વાંધા અને સૂચનો મગાવ્યા છે.

મુંબઈના કબૂતરખાનાઓને બંધ કરવાના હાઈ કોર્ટના આદેશ બાદ મુંબઈ મહાનગરપાલિકાએ દાદરના હેરિટેજ કબૂતરખાનું સહિત મુંબઈના અન્ય કબૂતરખાનાને બંધ કરી દેતા અહિંસાપ્રેમીઓ અને જીવદયા પ્રેમીઓ રસ્તા પર ઊતરી આવ્યા હતા. કબૂતરોને ચણ નાખવાનો આખો વિવાદ કોર્ટમાં (જુઓ પાનું ૪) ▶▶

# તુલસી છલકાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ શુક્રવારથી શનિવાર સુધીમાં પડેલા મુશળધાર વરસાદને પગલે શનિવારે સાંજે મુંબઈને પાણી પુરવઠો કરનારા સાત જળાશયોમાંનું એક તુલસી જળાશય છલકાઈ ગયું હતું. આ દરમ્યાન રવિવારે સાતેય જળાશયોમાં પાણીનો સ્ટોક ૯૦.૬૮ ટકા નોંધાયો હતો.

મુંબઈમાં શુક્રવારથી મુશળધાર વરસાદ પડયો હોવાથી મુંબઈની અંદર આવેલું અને પાણીપુરવઠો કરનારું એક માત્ર જળાશય તુલસી છલકાઈ ગયું હતું પણ મુંબઈની બહાર આવેલા જળાશયોના કેચમેન્ટમાં મામૂલી માત્રામાં વરસાદ પડયો હોવાથી જળાશોમાં પાણીનો સ્ટોક છેલ્લા અનેક દિવસોથી ૮૯થી ૯૦ ટકાની વચ્ચે જ નોંધાઈ રહ્યો છે.

શુક્રવારે સાતેય જળાશયોમાં પાણીનો સ્ટોક ૮૯.૫૦ ટકાની આસપાસ નોંધાયો હતો અને રવિવારે જળાયશયોનું સ્તર ૯૦.૬૮ ટકાએ ( ૧૩,૧૨,૫૩૮ મિલ્યન લિટર) પહોંચ્યું હતું. બે દિવસમાં જળાશયોમાં માંડ એક (જુઓ પાનું ૪) ▶▶

| જળાશય | છલકાવવાની સપાટી (મીટરમાં) | રવિવારની સપાટી |
|---|---|---|
| અપર વૈતરણા | ૬૦૩.૫૧ | ૬૦૨.૫૫ |
| મોડક સાગર | ૧૬૩.૧૫ | ૧૬૧.૧૩ |
| તાનસા | ૧૨૮.૬૩ | ૧૨૮.૫૧ |
| મિડલ વૈતરણા | ૨૮૫.૦૦ | ૨૮૩.૯૮ |
| ભાતસા | ૧૪૨.૦૭ | ૧૩૯.૨૨ |
| વિહાર | ૮૦.૧૨ | ૭૯.૫૮ |
| તુલસી | ૧૩૯.૧૭ | ૧૩૯.૪૨ |

**મુંબઈની ઓળખઃ** મહાનગરી મુંબઈની ત્રણ ઓળખ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસનું ઐતિહાસિક બિલ્ડિંગ, ગણેશોત્સવ અને મુંબઈનો વરસાદ આ ત્રણેયને એક જ ફ્રેમમાં કેદ કરનારું દૃશ્ય રવિવારે જોવા મળ્યું હતું. (અમય ખરાડે)



# મુંબઈ એરપોર્ટ પરથી ૮.૫૬ કરોડનો ગાંજો પકડાયોઃ ઉત્તર પ્રદેશના બે યુવકની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) બૅંગકોકથી આવેલા બે પ્રવાસીની મુંબઈ એરપોર્ટ પર ૮.૫૬ કરોડ રૂપિયાના ગાંજા સાથે ધરપકડ કરી હતી.

બંને પ્રવાસીની ઓળખ ઉત્તર પ્રદેશના જફરગંજના રહેવાસી મોહંમદ સ્વાઇલ (૨૩) અને બાંદાના સમીર ખાન (૨૧) તરીકે થઇ હતી. બંનેને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા બાદ તેમને જુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી. તેમના એડવોકેટ પ્રભાકર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે મારા અસીલો બૅંગકોકથી આવતા હતા ત્યારે એ સામાન્ય પરિચિતે ફૂડ પેકેટ્સવાળી બેગ મુંબઈમાં સંબંધીઓને સોંપવા માટે કહ્યું હતું. વિશ્વાસ રાખીને મારા અસીલોએ તે બેગ સ્વીકારી હતી. બેગ ખોલતાં તેમાં વેફર અને ચોકલેટ્સ હતી. જોકે મુંબઈમાં કસ્ટમ્સ વિભાગે તપાસ કરતાં તેમાં આશ્ચર્યજનક રીતે ગાંજો મળી આવ્યો હતો. તેમને આ વિશે કોઇ જાણકારી નહોતી.

મોહંમદ સ્વાઇલ અને સમીર ખાન શનિવારે રાતે બૅંગકોકથી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યા હતા.

એઆઇયુના અધિકારીઓએ શંકાને આધારે બંનેને આંતર્યા હતા. તેમની અંગત તલાશીમાં કશું જ મળ્યું નહોતું, પણ ટ્રોલી બેગમાંથી ફૂડ પેકેટ્સ મળ્યાં હતાં, જેમાં ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો છુપાવાયો હતો, જેની કિંમત ૮.૫૬ કરોડ રૂપિયા થાય છે. દરમિયાન બંને વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ■

# બે ગોવિંદાનાં મોત અને ૩૦૦થી વધુ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત થાણેમાં શનિવારે ધામધૂમથી જન્માષ્ટમીના તહેવારની ઉજવણી દરમ્યાન દહિહાંડી ફોડવામાં આવી હતી. આ દરમ્યાન જોકે બે ગોવિંદાનાં મોત થયાં હતાં અને ૩૦૦થી વધુ ગોવિંદા જખમી થયા હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલના જણાવ્યા મુજબ મુંબઈમાં શવિવારે ૩૧૮ ગોવિંદા જખમી થયા હતા, જેમાં હૉસ્પિટલમાં સારવાર દરમ્યાન નવ વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. તો અન્ય જખમી ગોવિંદાઓને સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

શનિવારે સૌથી વધુ જખમી ગોવિંદાઓ દક્ષિણ મુંબઈમાં હાંડી ફોડવા દરમ્યાન થયા હતા, જેમાં દક્ષિણ મુંબઈમાં (જુઓ પાનું ૪) ▶▶

# ત્રીજી મુંબઈ દુબઈ કરતાં મોટી અને વધુ આકર્ષક બનશેઃ દેવેન્દ્ર ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અટલ સેતુને કારણે ત્રીજી મુંબઈ બનાવવાની તક ખુલી છે. ત્રીજી મુંબઈમાં એજ્યુ સિટી બનાવવામાં આવશે. તે નવી મુંબઈ એરપોર્ટથી થોડી મિનિટોના અંતરે હશે. કેન્દ્ર સરકારે વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં આવવાની મંજૂરી આપી હોવાથી, અહીં વિશ્વસ્તરીય શિક્ષણ પૂરું પાડી શકાય છે. અહીં ૩૦૦ એકર જમીન પર વિશ્વની ૧૨ ટોચની યુનિવર્સિટીઓ સ્થાપવાની યોજના છે અને તેમને સરકાર દ્વારા જમીન અને કેટલીક સામાન્ય માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. સાત યુનિવર્સિટીઓ સાથે કરાર કરવામાં આવ્યા છે, જેમાંથી કેટલીક યુનિવર્સિટીઓ તાત્કાલિક તેમના કેમ્પસ શરૂ કરી રહી છે. કુલ ૧ લાખ રહેણાંક વિદ્યાર્થીઓ અહીં રહેશે, જે અહીં અપાર આર્થિક અને સામાજિક જોમનું નિર્માણ કરશે એવી માહિતી આપતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એમ પણ કહ્યું હતું કે જો બાંધકામ ઉદ્યોગ પહેલ કરશે, તો અહીં દુબઈ (જુઓ પાનું ૪) ▶▶

# ચીફ જસ્ટિસ ગવઈએ કોલ્હાપુરમાં બોમ્બે હાઇ કોર્ટની ચોથી બેન્ચનું ઉદ્ઘાટન કર્યું

મુંબઈઃ ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ રવિવારે કોલ્હાપુર જિલ્લામાં બોમ્બે હાઇ કોર્ટની નવી સર્કિટ બેન્ચનું ઉદ્ઘાટન કર્યું. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે આ પ્રસંગે હાજર રહ્યા હતા.

કોલ્હાપુરમાં ચોથી બેન્ચની સ્થાપના વર્ષોથી વિવિધ વર્ગો દ્વારા કરવામાં આવતી માગણીઓ વચ્ચે થઈ છે જેથી અરજદારો અને વકીલોને પોતાની અરજીઓની સુનાવણી માટે ૩૮૦ કિમી દૂર મુંબઈ સુધી લાબું થવું ન પડે. હાલમાં, મુંબઈમાં મુખ્ય બેન્ચ ઉપરાંત, હાઇ કોર્ટ પાસે બે વધુ બેન્ચ છે; વિદર્ભ ક્ષેત્રમાં નાગપુર અને રાજ્યના મરાઠવાડા ક્ષેત્રમાં ઔરંગાબાદ (છત્રપતિ સંભાજીનગર). હાઈ કોર્ટની ત્રીજી બેન્ચ ગોવામાં આવેલી છે.

૧ ઑગસ્ટના રોજ, બોમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે દ્વારા કોલ્હાપુરને સર્કિટ બેન્ચ તરીકે નિયુક્ત કરતી સૂચના બહાર પાડવામાં આવી હતી. કોલ્હાપુર બેન્ચ સોમવાર (૧૮ ઑગસ્ટ) થી ડિવિઝન બેન્ચ અને બે સિંગલ બેન્ચ સાથે કાર્યરત થશે. નવી બેન્ચનું અધિકારક્ષેત્ર છ જિલ્લાઓ - સતારા, સાંગલી, સોલાપુર, કોલ્હાપુર, રત્નાગિરી અને સિંધુદુર્ગ (છેલ્લા બે જિલ્લાઓ દરિયાકાંઠાના કોંકણ ક્ષેત્રમાં સ્થિત છે) પર રહેશે.

કોલ્હાપુર ડિવિઝન બેન્ચમાં જસ્ટિસ એમ.એસ. કર્ણિક અને શર્મિલા દેશમુખનો સમાવેશ થશે, જ્યારે જસ્ટિસ એસ.જી. દિગે અને એસ.જી. ચપલગાંવકર સિંગલ બેન્ચની અધ્યક્ષતા કરશે. ડિવિઝન બેન્ચ કોલ્હાપુર, સતારા, સાંગલી, સોલાપુર, રત્નાગિરી અને સિંધુદુર્ગ જિલ્લાઓમાંથી જાહેરહિતની અરજીઓ, સિવિલ રિટ પિટિશન, પ્રથમ અપીલ, ફેમિલી કોર્ટ અપીલ, તિરસ્કાર અપીલ તેમ જ અન્ય તમામ સિવિલ અને ફોજદારી બાબતોની સુનાવણી કરે તેવી અપેક્ષા છે. ■

**એરપોર્ટ પર દુર્ઘટના ટળી!**

# લેન્ડિંગ કરતી વખતે ઈન્ડિગો વિમાનનો પાછળનો ભાગ રનવે સાથે અથડાયો

મુંબઈઃ મુંબઈ એરપોર્ટ પર એક મોટી વિમાન દુર્ઘટના ઘટના ટળી ગયા છે. બૅંગકોકથી મુંબઈ આવી રહેલી ઈન્ડિગોનું એક વિમાન રનવે પર લેન્ડિંગ કરતી વખતે ક્રેશ થતા માંડ બચી ગઈ હતું. વિમાનનો પાછળનો ભાગ રનવે સાથે અથડાઈ ગયો હતો.

જોકે, સદ્નસીબે મોટી દુર્ઘટના ટળી ગઈ છે અને વિમાનમાં સવાર લગભગ ૩૦૦ લોકોના જીવ બચી ગયા છે. આ સમગ્ર ઘટનામાં નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકે અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે.

આ સમગ્ર મામલે ઇન્ડિગો એરલાયન્સના પ્રવક્તાએ કહ્યું કે, શનિવારે સવારે લગભગ ૩:૦૬ વાગ્યે બૅંગકોકથી મુંબઈ આવી રહેલી ફ્લાઇટ ૬ઇ ૧૦૬૦ રનવે ૨૭ પર લેન્ડ થઈ હતી, પરંતુ અ૩૨૧ એરબસ પ્લેનનો પાછળનો ભાગ લેન્ડિંગ કરતી વખતે (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં આગના બે બનાવઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રવિવારે આગના બે જુદા જુદા બનાવ બન્યા હતા, જેમાં માટુંગામાં ઈલેક્ટ્રિક મીટર બોક્સમાં આગ ફાટી નીકળી હતી. તો બીજી આગ કાંદિવલીમાં એક કંપનીમાં ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ માટુંગામાં ફૂટપાથ પર આવેલા બેસ્ટના ઈલેક્ટ્રિક મીટર બોક્સમાં રવિવારે સવારે આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડ અને પોલીસે ઘટના સ્થળે પહોંચીને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ ભારે વરસાદને પગલે આ વિસ્તારમાં અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા અને તેને કારણે શોર્ટ સર્કિટના બનાવ વધી ગયા હતા. બીજો બનાવ કાંદિવલી પશ્ચિમમાં લાલજીપાડા (જુઓ પાનું ૪) ▶▶

# મેફેડ્રોન ડ્રગ્સના ઉત્પાદન અને પરિવહનમાં સંડોવાયેલી સિન્ડિકેટનો પર્દાફાશ

## દાઉદ ઇબ્રાહિમના સાગરીત સલીમ ડોલા સાથે સિન્ડિકેટની કડી સામે આવી

મુંબઈઃ ડિરેક્ટરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે (ડીઆરઆઇ) મેફેડ્રોન (એમડી) ડ્રગ્સના ઉત્પાદન અને પરિવહનમાં સંડોવાયેલી સિન્ડિકેટનો તાજેતરમાં પર્દાફાશ કર્યો હતો, જેનો અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના સાગરીત સલીમ ડોલા સાથે કડી હોવાનું સામે આવ્યું હતું. સિન્ડિકેટમાં સામેલ ચાર જણની ડીઆરઆઇએ પકડી પાડ્યા હતા, જેમાંથી ત્રણની ઓળખ પ્રશાંત થોરાત, અઝરુદ્દીન ઇદ્રિસી અને વિરેન તરીકે થઇ હતી

સલીમ ડોલા ટર્કીમાં છુપાયેલો છે અને તેની સૂચના પર મેફેડ્રોનના ઉત્પાદન માટે જરૂરી માલનો પુરવટો સિન્ડિકેટની એક વ્યક્તિએ પૂરો પાડ્યો હતો. ફેબ્રુઆરી, ૨૦૨૫માં ડોલાએ કૉલ કરીને મેફેડ્રોન ડ્રગ્સ બનાવવા માટે માલ સાથે મોટી રકમની ઓફર કરી હતી, એમ ડીઆરઆઇના સૂત્રોએ જણાવ્યું હતું.

આ વ્યક્તિએ મેફેડ્રોન માટે રસાયણનો પુરવઠો કરતા શખસને જાણ કરી હતી. તેને રસાયણ સામે બજાર કિંમત કરતાં મોટા કમિશનની ઓફર કરવામાં આવી હતી. આથી શખસે રસાયણનો પુરવઠો કરવાની તૈયારી દર્શાવી હતી. બાદમાં તેણે માર્ચ, એપ્રિલ, મે, જૂન અને જુલાઇમાં પચાસથી ૧૦૦ કિલો સુધી રસાયણનો પુરવઠો કર્યો હતો. રસાયણના અધિકૃત પુરવઠાનું પગેરું ન મળે એ માટે બોગસ દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. ડીઆરઆઇના મુંબઈ, ઇન્દોર અને ભોપાલ યુનિટ દ્વારા ૧૬ અને ૧૭ ઑગસ્ટે ભોપાલના હુઝુર તાલુકામાં ગ્રામ જગદીશપુર (ઇસ્લામનગર) ખાતે આવેલા પરિસરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. એ સમયે એવી માહિતી સામે આવી હતી કે આરોપીઓ કાચો માલ ભિવંડીના અંજુર ફાટા ખાતેથી પ્રાપ્ત કરતા હતા. કાચો માલ ભિવંડીમાં મિની ટ્રકમાં આવતો હતો, જે બાદમાં ભોપાલ લઇ જવાતો, એમ સૂત્રોએ કહ્યું હતું. ■

# ગોરેગામ-મુલુંડ લિંક રોડ માટે ૨૧ ઑગસ્ટથી ૧૮ કલાક માટે મુલુંડમાં પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ-મુલુંડ લિંક રોડ પરના બ્રિજના કામને કારણે ૧,૨૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનને હટાવવામાં આવવાની છે. આ કામ ગુરુવાર, ૨૧ ઑગસ્ટથી શુક્રવાર, ૨૨ ઑગસ્ટ, ૨૦૨૫ સુધી ચાલવાનું છે. તેથી ૧૮ કલાક સુધી મુલુંડમાં પાણીપુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. આ કામ પૂરું થયા બાદ સ્થાનિક નાગરિકોને ઓછામાં ઓછા ચારથી પાંચ દિવસ પાણી ઉકાળીને પીવાની સલાહ પાલિકા પ્રશાસને આપી છે.

મુંબઈ મહાનગરપાલિકાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગોરેગામ-મુલુંડ લિંક રોડ પરના પુલના કામને કારણે ૧,૨૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનને અસર થવાની છે. તેથી મૅરેથોન મૅક્સિમા બિલ્ડિંગથી તાનસા પુલ દરમ્યાન રસ્તાને લાગીને આવેલી પાઈપલાઈનને અન્ય જગ્યાએ વાળવામાં આવવાની છે. આ પાઈપલાઈન મુલુંડ વિસ્તારમાં પાણીપુરવઠો (જુઓ પાનું ૪) ▶▶

# હાઈવે પર બાઈકસવારની પત્નીને કચડી ભાગી ગયેલો ટ્રક ડ્રાઈવર એઆઈની મદદથી પકડાયો

નાગપુરઃ નાગપુરમાં હાઇવે પર અકસ્માત બાદ મદદ માટે કોઇ સામે ન આવતાં પત્નીના મૃતદેહને બાઇકની સીટ પર બાંધીને બાઇકસવાર ઘર તરફ જતો હોવાનો વીડિયો વાયરલ થયાના સપ્તાહ બાદ પોલીસે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ફરાર ટ્રક ડ્રાઇવરને શોધી કાઢી તેની ધરપકડ કરી હતી, જેણે બાઇકસવારની પત્નીને ટ્રક નીચે કચડી હતી. બાઇકસવાર અમિત યાદવે દાવો કર્યો હતો કે નાગપુર-જબલપુર નેશનલ હાઇવે પર ૯ ઑગસ્ટે અકસ્માત થયા બાદ મદદ માટે કોઇ ન આવતાં પત્નીના મૃતદેહને બાઇકની સીટ પર બાંધીને લઇ જવા પડ્યો હતો.

દેવલાપર પોલીસ પાસે ટ્રક ડ્રાઇવર વિશે કોઇ જાણકારી નહોતી. પોલીસે ગુનેગારી રોકવા અને તપાસમાં મદદ માટે તૈયાર કરાયેલા એઆઇ-માર્વેલનો ઉપયોગ કરીને વિવિધ સ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા.

દરમિયાન ટ્રક ડ્રાઇવરની ઓળખ સત્યપાલ રાજેન્દ્ર (૨૮) તરીકે થઇ હતી, જે ઉત્તર પ્રદેશના ફારુખાબાદનો રહેવાસી છે. ૧૬ ઑગસ્ટે ટ્રક જપ્ત કરવામાં આવી હતી અને ડ્રાઇવરની ધરપકડ કરાઇ હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર મધ્ય પ્રદેશના સિયોની જિલ્લામાં રહેનારો અમિત યાદવ તેની પત્ની ગ્યારસી સાથે બાઇક પર નાગપુરના લોણારથી પડોશી રાજ્યમાં આવેલા વતન કરનપુર જઇ રહ્યો હતો. એ સમયે પૂરપાટ વેગે આવેલી ટ્રકે યાદવની બાઇકને ટક્કર મારી હતી. અકસ્મતાને કારણે ગ્યારસી જમીન પર પટકાઇ હતી. ગ્યારસી પર ટ્રક ફરી વળતાં તેનું મૃત્યુ થયું હતું. ■

# શિવસેના (યુબીટી) અને મનસેના એક થવાથી મહાયુતિને કોઈ અસર નહીં પડેઃ મ્હસ્કે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) વચ્ચેનું જોડાણ આગામી મહાનગરપાલિકાની ચૂંટણીમાં મહાયુતિની તકોને કોઈ અસર કરશે નહીં અને શાસક મહાયુતિ જ્વલંત વિજય હાંસલ કરશે, એમ શિવસેનાના સાંસદ નરેશ મ્હસ્કેએ જણાવ્યું છે.

શનિવારે રાત્રે પત્રકારો સાથે વાત કરતા, મ્હાસ્કેએ કહ્યું હતું કે જ્યારે મહાયુતિ ચૂંટણી લડવા માટે તૈયાર થાય છે, ત્યારે તે સંપૂર્ણપણે તૈયાર છે. સેના (યુબીટી) અને મનસે બંનેના નેતાઓએ કહ્યું છે કે મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે પક્ષો 'ચોક્કસપણે' જોડાણ કરશે, પરંતુ અંતિમ નિર્ણય ચૂંટણીની નજીક લેવામાં આવે તેવી શક્યતા છે.

શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે સંભવિત જોડાણ અંગે વધુ સ્પષ્ટ વાત કરી રહ્યા છે, ત્યારે તેમના પિતરાઈ ભાઈ અને મનસે પ્રમુખ રાજ ઠાકરે હજી સુધી પોતાનું વલણ સ્પષ્ટ કરી શક્યા નથી.

મ્હસ્કેએ કહ્યું કે અગાઉ સેના (યુબીટી) સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી) સાથે ગઠબંધનમાં હતી, પરંતુ તેમ છતાં મહાયુતિ ગયા વર્ષે લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં વિજયી બની હતી. રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી મહા વિકાસ આઘાડીનો ભાગ નહોતી. ■





જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે રાજકોટ કૃષ્ણમય બની ગયું હતું, રાજકોટના ઈન્દિરા સર્કલ પર હજારો લોકોએ અનેરા ઉત્સાહ સાથે મટકી ફોડની ઉજવણી કરી હતી. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી)

# કચ્છમાં અષાઢી મેઘાની ઝમકદાર બેટિંગઃ પોણાથી બે ઈંચ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બંગાળની ખાડીમાં સર્જાયેલાં હળવાં દબાણને પગલે હાલ ગુજરાત પર મોન્સૂન ટ્રફની એક સાથે ચાર-ચાર સિસ્ટમ સક્રિય થતાં મોટાભાગના મથકોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. કચ્છમાં જન્માષ્ટમીના સાંજના ચાર વાગ્યા બાદ મોટાભાગના મથકોમાં પાવરપેક્ડ વરસાદી ઝાપટાં વરસતાં કચ્છીઓમાં હર્ષની લાગણી પ્રસરી હતી.

ભુજ અને તેની આસપાસના વિસ્તારોમાં જાણે રાત વહેલી પડી ગઈ હોય તેવા સર્જાયેલા અંધારિયા માહોલ વચ્ચે વીજળીના તેજ લિસોટા અને ડરામણી મેઘગર્જનાઓ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. અચાનક સર્જાયેલા મેઘાવી માહોલના પગલે ભુજના હમીરસર તળાવના કાંઠે ભરાયેલા ભાતીગળ મેળામાં ખલેલ પહોંચી હતી, જો કે સાંજના છ વાગ્યા બાદ વરસાદ વરસવો લગભગ બંધ થઇ જતાં મેળાની રંગત જામી હતી. ભુજ ઉપરાંત અંજાર, આદિપુર, ગાંધીધામ, બંદરીય શહેરો મુંદરા અને માંડવી, સીમાવર્તી રાપર,લખપત, ખાવડા સહિતના મથકોએ અંદાજે પોણાથી બે ઇંચ જેટલો મીની વાવાઝોડાં સાથે વરસાદ નોંધાયો હતો.

દરમ્યાન, અચાનક ત્રાટકેલા તોફાની વરસાદ વચ્ચે ભુજની શિવ આરાધના સોસાયટીમાં આવેલાં એક રહેણાંક મકાનની છત પર, જયારે ભુજ તાલુકાના વડઝર ગામમાં મસ્જિદના ગુંબજ પર વીજળી ત્રાટકતાં સામાન્ય નુકશાની પહોંચી હતી, જો કે સદ્ભાગ્યે જાનહાની ટળી હતી. તહેવારના સપરમા દિવસે વરસેલા વરસાદને પગલે શહેરોની મુખ્ય બજારો, અને અન્ય સંખ્યાબંધ વિસ્તારોમાં જળભરાવની સમસ્યા ઊભી થવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન ખાતાંએ આગામી સપ્તાહ દરમ્યાન સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં ભારે વરસાદની આગાહી કરી છે. ■

# ભચાઉના ચોબારીમાં જન્માષ્ટમીનો ઉત્સાહ મોતના માતમમાં ફેરવાયોઃ મટકી ફોડ ટાંકણે ૧૨ વર્ષના બાળક પર વીજપોલ પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ ગોકુળ આઠમના પર્વની હર્ષોલ્લાસ સાથે કરવામાં આવેલી ઉજવણી વચ્ચે ભચાઉના ચોબારી ગામ મધ્યે મટકી ફોડ દરમિયાન સર્જાયેલી કરુણાંતિકાએ પંથકમાં જન્માષ્ટમીની ઉજવણીના માહોલને માતમમાં ફેરવી દીધો હતો. મટકી ફોડ માટે મટકીના રસ્સાને આયોજકો દ્વારા ઉપસ્થિત જનમેદનીની સુરક્ષાને કોરાણે મૂકીને બે વીજપોલો પર બાંધવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન આ રસ્સા પર વધુ પડતો ભાર આવતાં એક વિજપોલ સેંકડો લોકોની નજર સામે નીચે ઉભેલા ૧૨ વર્ષના બાળક પર ધરાશાયી થતાં બનાવ સ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. કૃષ્ણ જન્મોત્સવ વચ્ચે ગોકુળના ધામ કહેવાતા વાગડ પંથકમાં બનેલી આ કરુણાંતિકાના પગલે ગમગીની ફેલાઈ જવા પામી હતી. આ હૃદયદ્રાવક ઘટના અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, આઠમની સાંજે લગભગ સવા સાત વાગ્યાના અરસામાં ચોબારીના જુના ગામ વિસ્તારમાં સ્થિત મંદિરના સાનિધ્યમાં ચાલી રહેલા મટકી ફોડના ધાર્મિક કાર્યક્રમ વેળાએ રસ્સો બાંધેલો વિજપોલ મટકી ફોડને રસપૂર્વક નિહાળી રહેલા શ્રદ્ધાળુઓ ઉપર ખાબક્યો હતો. આ વેળાએ ત્યાં ઉભેલા ખેડૂત પરિવારના ૧૨ વર્ષીય જયેશ લાલજી વરચંદ નામના બાળકને માથા પર ગંભીર ઈજાઓ પહોંચી હતી, જયારે મટકી ફોડવા રસ્સા પર પિરામિડ બનાવનારા કેટલાક યુવકોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું. ભગદડ જેવા માહોલ વચ્ચે મોટા ગામના ખાનગી દવાખાને પ્રાથમિક સારવાર અપાવ્યા બાદ વધુ સારવાર માટે ભચાઉની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર મળે તે પૂર્વજ માસૂમે છેલ્લા શ્વાસ લીધા હતા. ૫ બહેન, ૨ ભાઈમાંના એક ભાઈનું આ ગોઝારી દુર્ઘટનામાં કમકમાટીપૂર્ણ મોત નીપજતાં સમગ્ર ચોબારી ગામ સંપૂર્ણ બંધ રાખશે. ■

# રાજકોટ લોકમેળામાં ફૂડ વિભાગનું સતત ત્રીજા દિવસે ચેકિંગઃ ૧૯ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના લોકમેળામાં મુલાકાતીઓના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ફૂડ વિભાગ દ્વારા સતત ત્રીજા દિવસે પણ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન વાસી બટાકા, ચટણી, ફ્રૂટ સહિત ૧૯ કિલો અખાદ્ય પદાર્થો તેમજ ૫૦ નંગ મીઠા પાનનો નાશ કરાયો હતો. તેમજ સ્વચ્છતા જાળવવા વેપારીઓને કડક સૂચના આપવામાં આવી હતી. અગાઉ બે દિવસમાં વિભાગે ૧૬૦ કિલોગ્રામથી વધુ અખાદ્ય પદાર્થોનો નાશ કરી લોકમેળાના વેપારીઓને સ્વચ્છતા રાખવા તાકીદ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ આજે ફૂડ વિભાગની ટીમે મેળાના વિવિધ સ્ટોલ પર ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. મુખ્યત્વે ખીચું, મકાઈ, ભૂંગળા, બટાકા, ઢોકળા, ચિપ્સ, ઘૂઘરા અને સમોસા વેચતા કુલ ૧૪ સ્ટોલની ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન વાસી બટાકા અને વાસી ચટણી મળી કુલ ૬ કિલોગ્રામ જથ્થો અખાદ્ય જણાઈ આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. લોકમેળામાં ફળ અને અન્ય ખાદ્ય પદાર્થોમાં પણ સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો હતો.

ફૂડ વિભાગની ટીમ દ્વારા ફ્રૂટ ડિશ અને ફ્રૂટ ચાટના કુલ ૩ સ્ટોલ પર પણ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન વેપારીઓ દ્વારા વાસી અને અનહાઈજેનિક રીતે ખુલ્લામાં રાખેલા તરબૂચ અને પાઈનેપલ જેવા ફળોનો ૪ કિલોગ્રામ જથ્થો નાશ કરાયો હતો. આ પ્રકારના ફળોનું સેવન કરવાથી ગંભીર બીમારીઓ થઈ શકે છે, જેને ધ્યાનમાં રાખીને વિભાગે તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા.

આ કાર્યવાહી દર્શાવે છે કે તંત્ર મેળામાં આરોગ્ય માટેના જરૂરી ધોરણો જાળવવા માટે તંત્ર કટિબદ્ધ છે. લોકમેળામાં આવતા હજારો મુલાકાતીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને આ પ્રકારના ચેકિંગ નિયમિતપણે ચાલુ રાખવામાં આવનાર છે. ■

# ૨.૪૭ લાખના સાયબર ફ્રોડના ગુનામાં ગાઝિયાબાદના શખ્સની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભચાઉ તાલુકાના લાકડીયા નજીકની એક ખાનગી કંપનીના સુપરવાઈઝરને કેટલાક ઓનલાઇન ટાસ્ક પૂર્ણ કરવા બદલ વળતર મળવાના નામે રૂ. ૨.૪૭ લાખ રૂપિયાની ઠગાઈ કરવાના સાયબર ફ્રોડના ગુનામાં લાકડીયા પોલીસે ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદના શખ્સની ધરપકડ કરી હતી.

ઓનલાઇન ફ્રોડને અંજામ આપવા માટે ભેજાબાજોએ અલગ અલગ રાજ્યોમાં ચાર બેંક ખાતાં ખોલાવ્યાં હતાં જે પૈકી ભોગ બનનારના ૯૦ હજાર રૂપિયા જે ખાતામાં જમા થયેલાં તે ખાતાધારક એવા ગાઝિયાબાદના વિશાલસિંઘ રાજપૂતે રવિ દરજી નામના યુવકને ગત મે માસમાં ટેલિગ્રામ નામના મેસેજિંગ એપ્લિકેશનમાં એક લિન્ક મોકલી હતી. આ લિન્કમાં ગૂગલ મેપ પરના કેટલાક લોકેશનોને ફાઈવ સ્ટાર રેટિંગ આપવા, ઓપિનિયન શૅર કરવા સહિતના ટાસ્ક પૂર્ણ કરવાના નામે સારું વળતર મળવાના નામે સાયબર ચીટરોએ તેને જાળમાં ફસાવતાં ગત ૭-૦૬-૨૦૨૫ના રોજ રવિએ ફરિયાદ નોંધાવી હતી. ઝડપાયેલા આરોપીની પ્રાથમિક પૂછપરછમાં આ બેંક ખાતું તેણે અન્ય ચીટરને ભાડે આપ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ■

# અમરેલી જિલ્લામાં શેત્રુંજી નદીમાં આવેલા નવા નીરથી ખેડૂતોની ચિંતા હળવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં લાંબા વિરામ બાદ ફરીથી મેઘરાજાની પધરામણી થઇ હતી. સાતમ-આઠમના પર્વ પર જ સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં વરસાદ પડ્યો હતો અને તેના કારણે અમરેલી જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી નદીમાં પણ મોટા પ્રમાણમાં પાણીની આવક નોંધાઈ હતી. શનિવારના રોજ નદીના ઉપરવાસમાં પડેલા સારા વરસાદને કારણે નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

મળતી વિગતો અનુસાર જન્માષ્ટમીના દિવસે જ સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં પડેલા વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને અમરેલી જિલ્લામાં મેઘરાજાની મહેર જોવા મળી હતી. શનિવારે ધારી, અમરેલી, વડિયા-કુંકાવાવ સહિતના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ પડ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પડેલા સારા વરસાદના કારણે શેત્રુંજી નદીમાં પાણીની આવક નોંધાઈ હતી. લાંબા સમયથી જિલ્લામાં વરસાદી વિરામ હતો અને તેના કારણે નદીનો પટ સાવ ખાલી પડ્યો હતો, પરંતુ હવે નદીમાં નવા પાણીની આવક નોંધાતા ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહેશે તેવી આશા જાગી હતી.

જિલ્લામાં પડેલા વરસાદના કારણે અમરેલી તાલુકાના શેત્રુંજી કાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં પુર આવ્યું હતું. તે ઉપરાંત સાવર કુંડલા તાલુકાના જૂના સાવર ગામ નજીકથી પસાર થતી શેત્રુંજી નદીમાં પૂર આવ્યું હતું અને તેનો પ્રવાહ જૂના સાવર સુધી પહોંચી ગયો હતો, જેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. તે વડિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પડેલા વરસાદના કારણે વડિયાનું સુરવો ૧ સિંચાઈ યોજના પણ ભરાઈ ગઈ હતી, જેનાથી વડિયા પંથકણા ખેડૂતોની ચિંતા હળવી થઇ હતી. ઉલ્લેખનીય છે કે ચોમાસાની શરૂઆત સમયે સારા પડેલા વરસાદે છેલ્લા દિવસોમાં વીરામ લીધો હતો અને તેમાં કારણે કપાસ, મગફળી સહિતના પાકો સુકાવાની ભીતિ સેવાઈ રહી હતી અને ખેડૂતો ભરચોમાસે સિંચાઈની વ્યવસ્થા કરવા મજબુર બન્યા હતા. જો કે મેઘરાજાની પધરામણીએ ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો હતો. ■

# મૂળીમાં વીજળી પડવાથી એક જ પરિવારના ૪૮ પશુનાં કરુણ મોત; માલધારીઓ પર આભ ફાટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં પુનઃ શરૂ થયેલા વરસાદથી અનેક જિલ્લા તરબોળ બન્યા હતા, ત્યારે ઝાલાવાડ પંથકમાં પણ મેઘરાજાએ મહેર વરસાવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ પડ્યો હતો. આ દરમિયાન, અવકાશી વીજળી પડતાં એક જ પરિવારના ૪૮ જેટલા પશુનાં કરુણ મોત નિપજ્યાં હતાં. આ ઘટનાથી માલધારી સમાજમાં આભ ફાટ્યું હોય તેવો માહોલ સર્જાયો હતો. મળતી વિગતો અનુસાર, સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના સીમ વિસ્તારમાં માલધારી પરિવારના સભ્યો પશુ ચરાવી રહ્યા હતા ત્યારે અચાનક વીજળી ત્રાટકી હતી. જોકે, સદ્નસીબે આ ઘટનામાં કોઈ પણ પશુપાલકને જાનહાની પહોંચી નથી. પરંતુ વીજળી પડતાં ૪૮ પશુઓના મોત નિપજ્યા હતાં. ઘટનાની જાણ થતાં જ પરિવારે તાત્કાલિક સરપંચ અને તલાટીને જાણ કરી હતી, જેઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્યારબાદ આ ઘટનાની જાણ પોલીસ સ્ટેશન અને મામલતદારને પણ કરવામાં આવી હતી. વીજળી પડવાથી પશુપાલક સંજયભાઈના ૧૦ પશુ, રવજીભાઈના સાત પશુ, મલાભાઈના પાંચ પશુ, લભુભાઈના આઠ પશુ, ભીખુભાઈના ત્રણ પશુ, બાબુભાઈના બે પશુ, દેવશીભાઈના પાંચ પશુ, નાથાભાઈના બે પશુ, ગોવિંદભાઈના ત્રણ પશુ અને હાજાભાઈના ત્રણ પશુ મૃત્યુ પામ્યા હતા. આ બધા પશુઓ મળીને કુલ ૪૮ પશુનાં મોત થયા હતા. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ■

# ગોંડલના વરસાદે મેળાની મજા બગાડીઃ રાઇડ્સ બંધ થતાં મેળા રસિયા નિરાશ, જુઓ વાઈરલ વીડિયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એક તરફ સાતમ-આઠમના પર્વનો માહોલ છે તો બીજી તરફ મેઘરાજાએ પણ આ જ સમયે પધરામણી કરી હતી. જો કે જન્માષ્ટમીના પર્વ પર ખાબકેલા વરસાદે સૌરાષ્ટ્રના અનેક લોકમેળામાં વિઘ્ન સર્જ્યું હતું. રાજકોટના ગોંડલમાં સતત ત્રીજા દિવસે પડેલા વરસાદના કારણે મેળાની રંગતમાં ફિક્કી રહી હતી અને વરસાદના લીધે રાઇડ્સ બંધ કરવાની ફરજ પાડી હતી, જેનો વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો હતો.

મળતી વિગતો અનુસાર, ગોંડલ પંથકમાં સતત ત્રીજા દિવસે પણ અનરાધાર પડેલા વરસાદથી ખેડૂતોમાં તો આનંદની લાગણી છે, પરંતુ આ વરસાદને કારણે લોકમેળામાં વિઘ્ન આવ્યું હતું. ગોંડલમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, જેના કારણે લોકમેળાની મજા ફિક્કી રહી હતી. મેળાના ગ્રાઉન્ડમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા અને અંતે રાઇડ્સ પણ બંધ કરવાની ફરજ પડી હતી. જો કે તેના કારણે હોંશે હોંશે મેળો માણવા આવેલા લોકોએ નિરાશ થવું પડ્યું હતું. જેનો વીડિયો પણ સોશ્યલ મીડિયા ખૂબ જ વાઇરલ થયો હતો. ઉલ્લેખનીય છે કે ગોંડલના લોકમેળામાં આખર સુધી રાઇડ્સને મંજૂરી આપવામાં આવી નહોતી, રાઇડ્સની મંજૂરીનું ગૂંચવાયેલું કોકડું છેક જન્માષ્ટમીના દિવસે ઉકલ્યું હતું અને રાઇડ્સને મંજૂરી આપવામાં આવી હતી. જેના કારણે શહેર અને તાલુકાના ગામડાઓમાંથી રાઇડ્સની મજા માણવા માટે અનેક લોકો ઊમટી પડ્યા હતા, પરંતુ વરસાદ ખાબકતા આ મજા ફિક્કી રહી હતી. મેળાના મેદાનમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી ભરાવાને કારણે સ્થાનિક લોકો અને વેપારીઓએ તંત્ર પાસેથી તાત્કાલિક પાણી નિકાલની માગ કરી હતી. જોકે હજુ સુધી તંત્ર તરફથી કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતા આગામી દિવસોમાં પણ લોકોને આ જ મુશ્કેલી જળવાઈ રહે તેવી શક્યતા છે. ■

# જૂનાગઢમાં કુદરતી સૌંદર્ય માણવા ભીડ ઊમટીઃ

## વન વિભાગ દ્વારા કાપડની થેલીઓનું વિતરણ કરાયું

અમદાવાદઃ સાતમ-આઠમની રજાઓને કારણે જૂનાગઢની પ્રસિદ્ધ ભવનાથ તળેટી અને જટાશંકર મહાદેવ મંદિર ખાતે પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. પ્રકૃતિ અને પરમેશ્વરના આ અનોખા સંગમનો અનુભવ કરવા માટે દૂર-દૂરથી આવેલા પ્રવાસીઓથી આ સ્થળ ભક્તિભાવ અને કુદરતી સૌંદર્યથી ગૂંજી ઊઠ્યું હતું. પ્રવાસીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને, સુરક્ષાના કારણોસર શનિ મંદિર પાસેથી ફોર-વ્હીલર અને બસ જેવા મોટા વાહનોને આગળ જતાં અટકાવી દેવામાં આવ્યા હતા. ગિરનાર પર્વત પર બે ઇંચ જેટલો વરસાદ પડવાને કારણે કેટલાક પ્રવાસીઓ જટાશંકર પાસે ફસાયા હતા, જેમનું વન વિભાગ દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા પહેલેથી જ સલામતીના ભાગરૂપે જટાશંકર સહિત જૂનાગઢ જિલ્લાના ૩૦થી વધુ જળાશય પર નહાવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તે ઉપરાંત પર્યાવરણની જાળવણી માટે વન વિભાગે એક પ્રશંસનીય પગલું ભર્યું હતું. ■

# વીરપુર પાસે નેશનલ હાઈવે પર ભયંકર ટ્રાફિકજામ

## સાતમ-આઠમની રજાઓ બાદ લોકો હેરાન-પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાતમ-આઠમના તહેવારોની રજાઓ પૂરી થતાની સાથે જ યાત્રાધામ વીરપુર નજીક નેશનલ હાઇવે પર ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. પિઠડિયા ટોલ પ્લાઝાથી લઈને વીરપુર સુધી લગભગ ૧૦ થી ૧૨ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતાર લાગી હતી, જેના કારણે વાહનચાલકો કલાકો સુધી ફસાયા હતા.

આ ટ્રાફિકજામનું મુખ્ય કારણ રાજકોટ-જેતપુર સિક્સ લેન હાઇવેની ધીમી ગતિએ ચાલતી કામગીરી છે. રસ્તાના કામને કારણે વાહનોની અવરજવર ધીમી પડી હતી અને તહેવાર બાદ પરત ફરી રહેલા લોકોનો ધસારો વધતા સ્થિતિ વધુ ગંભીર બની હતી. આ કારણે રજાઓ પૂરી થયા બાદ પોતાના ગંતવ્ય સ્થાને પરત ફરી રહેલા સેંકડો લોકો અટવાઈ પડ્યા હતા. વળી અહીં વીરપુર, ખોડલધામ, ખંભાલીડા બૌદ્ધ ગુફાઓ સહિતના પ્રવાસન સ્થળો આવેલા હોય અહી સામાન્ય દિવસોમાં પણ પ્રવાસીઓનો ધસારો વધુ રહેતો હોય છે. ટ્રાફિકજામની જાણ થતા જ વીરપુર પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ■

# માળિયા મિયાણામાં કપાસના પાકમાં દવાનો છંટકાવ કરતા યુવકનું ઝેરી અસરથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી જિલ્લાના માળિયા-મિયાણા તાલુકાના ચીખલી ગામમાં એક દુખદ ઘટના બની હતી, જ્યાં કપાસના પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતી વખતે ઝેરી અસર થવાથી એક યુવકનું મોત થયું હતું.

મળતી વિગતો અનુસાર, ગામના ૨૪ વર્ષીય યુવક નાસીમભાઈ ઈશાભાઈ પારેડી ૧૦ ઑગસ્ટના રોજ પોતાના કપાસના ખેતરમાં દવાનો છંટકાવ કરી રહ્યા હતા આ દરમિયાન, તેમને દવાની ઝેરી અસર થતાં તેમની તબિયત લથડી હતી. ■

# જન્માષ્ટમીની રજાઓમાં ડાંગમાં પ્રવાસીઓનો ધસારોઃ ગીરા ધોધ સહિતના સ્થળો પર પ્રવાસીઓનો જમાવડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જન્માષ્ટમીના તહેવાર પર ત્રણ દિવસની રજાને કારણે રાજ્યના હરવા ફરવાના સ્થળો પર માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. આ સમય દરમિયાન રેલ્વે, બસમાં તો પખવાડિયા પહેલા જ બુકિંગ ફૂલ થઇ ગયું હતું. સાતમ આઠમની રજાઓમાં દક્ષીણ ગુજરાતના ડાંગ જેવા પ્રાકૃતિક સ્થળો પર પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી. વળી વરસાદની ઋતુમાં તો ડાંગનું પ્રાકૃતિક સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું હતું.

હાલ ડાંગમાં પ્રવાસીઓને આકર્ષનારા સાપુતારામાં ઉજવાતા મોન્સૂન ફેસ્ટિવલનો આજે અંતિમ દિવસ હોવાથી વધારે પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો. વળી બીજી તરફ વરસાદને કારણે ડાંગ જિલ્લાનું કુદરતી સૌંદર્ય પણ સોળે કળાએ ખીલી ઉઠ્યું હતું. સતત વરસી રહેલા વરસાદના કારણે ડુંગરો પરથી ધોધ અને ઝરણાંના દ્રશ્યો તો કોઈપણને આકર્ષી લે તેવા મનોહર લાગી રહ્યા છે. વળી છેલ્લા ત્રણેક દિવસોથી મેઘરાજાની વરસી રહેલી મહેરના કારણે સાપુતારા, ગીરાધોધ અને બોટનીકલ ગાર્ડન પર પ્રવાસીઓ ઉમટ્યા હતા.

સાતમ આઠમની રજાઓ અને વરસાદી માહોલની મજાને માણવા માટે ડાંગ તરફ પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. જેના કારણે હાઇવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. વળી વરસાદને કારણે ભેખડ ધસી પડતા વાહન વ્યવહાર પ્રભાવીત થયો હતો. લોકો મોજ માણવા માટે પોતાના જીવને પણ જોખમમાં મૂકી દેતા હોય છે અને આથી જ તકેદારીના ભાગરૂપે તંત્ર દ્વારા ગીરા ધોધ સહિત અનેક સંભવિત જોખમી સ્થળો પર નહાવા તેમજ પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. ■



જૂનાગઢમાં સાતમ આઠમની રજા ઉપર માનવ મેરામણ ઉમટ્યું હતું, જૂનાગઢના ગીરનાર ઉપરકોટ, ભવનાથ તળેટી, જટાશંકર મહાદેવ તથા ગીર જંગલમાં હજારોની સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા હતા. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)